

મેઘાલયમાં કોલસાની ખાણમાં ભયાનક વિસ્ફોટ, 16ના મોત

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



WPL 2026 Final : RCBએ ઈતિહાસ રચ્યો, બીજી વખત ચેમ્પિયન બન્યું

PAGE NO. 17

FRIDAY, 06 FEBRUARY, 2026 Vol. 24, No. 06 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### 50 વર્ષમાં પહેલીવાર હવે કોઈ નિયમ નહીં, વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો વધ્યો

# US-રશિયા વચ્ચે પરમાણુ કરારનો અંત, દુનિયા ચિંતામાં

### 2010માં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને રશિયન રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે 2011માં કરાર કર્યા હતા

**વોશિંગ્ટન**

રશિયા-અમેરિકા વચ્ચે પરમાણુ શસ્ત્રો પરની છેલ્લી મોટી કાનૂની મર્યાદા હવે ખતમ થઈ ગઈ છે. આજે એટલે કે, 5 ફેબ્રુઆરી 2026 ના રોજ 'ન્યૂ સ્ટાર્ટ' સંધિ ની મુદત પૂરી થઈ ગઈ છે. 50 વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું છે કે બંને દેશોના વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો, જેમ કે આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલો, સબમરીન લોન્ચ મિસાઈલો અને બોમ્બર પર કોઈ બંધનકર્તા મર્યાદા કે નિયમ રહ્યો નથી. આ ઘટનાથી વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો વધી ગયો છે.  ન્યૂ સ્ટાર્ટ સંધિ પરમાણુ શસ્ત્રોની સ્પર્ધાને રોકવા માટે 2010માં કરવામાં આવેલો એક ઐતિહાસિક કરાર હતો. 2010માં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને રશિયન રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે આના પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંધિ 2011માં અમલમાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય એવા વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોની તૈનાતી મર્યાદિત કરવાનો હતો. જે કોઈ દેશના મુખ્ય રાજકીય, સૈન્ય અને ઔદ્યોગિક ઠેકાણાઓને નિશાન બનાવવા સક્ષમ હોય.



**બંને દેશો શસ્ત્રો વધારવા સ્વતંત્ર**

2023માં રશિયાએ યુક્રેન યુદ્ધમાં અમેરિકાની મદદને કારણભૂત ગણાવીને આ સંધિમાં ભાગ લેવાનું (જેમ કે નિરીક્ષણ) બંધ કરી દીધું હતું. આજે, 5 ફેબ્રુઆરી 2026 ના રોજ આ સંધિ સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગઈ છે. હવે બંને દેશો પોતાની ઈચ્છા મુજબ પરમાણુ શસ્ત્રો વધારવા માટે સ્વતંત્ર છે.

**નવી સંધિ માટે રશિયા બંધાયેલું નથી**

રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે, તે હવે ન્યૂ સ્ટાર્ટ સંધિથી બંધાયેલું નથી. અમેરિકાએ રાષ્ટ્રપતિ પુતિનના તે પ્રસ્તાવનો જવાબ આપ્યો નથી. જેમાં બંને દેશોને વધુ 12 મહિના સુધી સંધિની મર્યાદાઓનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું. UNએ આને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે "ગંભીર ક્ષણ" ગણાવી છે.

## સંધિનો ઇતિહાસ

પરમાણુ શસ્ત્રો પર રોક લગાવવાના પ્રયાસો શીત યુદ્ધના સમયથી ચાલી રહ્યા છે

- 1970ના દાયકામાં SALT કરારો: શસ્ત્રોની સંખ્યા પર મર્યાદા લાદવામાં આવી, પરંતુ તેમાં ઘટાડો થયો નહીં.
- 1991માં START I: જ્યોર્જ બુશ અને ગોર્બાચેવના સમયમાં પ્રથમ વખત શસ્ત્રોમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો.
- 2002માં SORT (મોસ્કો સંધિ): બુશ અને પુતિને પરમાણુ વોરહેડ્સની સંખ્યા 1,700-2,200 સુધી ઘટાડવા સંમતિ દર્શાવી હતી.
- 2010માં ન્યૂ સ્ટાર્ટ: આ સંધિ 5 ફેબ્રુઆરી 2011થી 10 વર્ષ માટે લાગુ કરવામાં આવી હતી. 2021 માં જો બાઈડને આ સંધિને 2026 સુધી લંબાવી હતી.

# નવી સરકાર રચાયાના બીજા જ દિવસે મણિપુરમાં માહોલ તંગ : કુકી સમાજ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

### કુકી સમાજના ધારાસભ્યોને અપાયું હતું અલ્ટિમેટમ, નાયબ મુખ્યમંત્રીનો વિરોધ

**ઈમ્ફાલ**

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનના એક વર્ષ બાદ નવી સરકાર રચાયાના બીજા જ દિવસે બબાલ શરૂ થઈ ચૂકી છે. આજે 5 ફેબ્રુઆરીના રોજ કુકી આદિવાસી વિસ્તારના ચુરાચંદપુર જિલ્લામાં વિરોધ પ્રદર્શન શરૂ થયું છે. કુકી સમાજ તરફથી બંધનું એલાન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્રદર્શનકારી અને સુરક્ષાદળો વચ્ચે ઘર્ષણ થતાં પોલીસે કડક હાથે કામ લીધું હતું. જે બાદ પ્રદર્શનકારીઓએ પથ્થરમારો અને આગચંપી કરી હતી.

આ પહેલા કુકી સંગઠનોએ પોતાના સમાજના ધારાસભ્યોને ચેતવણી આપી હતી કે સરકાર ગઠનની પ્રક્રિયાના ભાગ ન લે, નવા મુખ્યમંત્રી તરીકે યુમનામ ખેમચંદ સિંહએ શપથ લેતા જ ચુરાચંદપુર જિલ્લાના આદિવાસી સંગઠન જોઈન્ટ ફોરમ ઓફ સેવન દ્વારા શુક્રવારે સવારે 6 થી સાંજે 6 વાગ્યા સુધી કુકી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં સંપૂર્ણ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. સંઠનોએ ફરી અલગ કુકી વહીવટની માગ મૂકી હતી.

સંગઠન તરફથી સૂચના આપવામાં આવી હતી કે જો કુકી સમાજનો કોઈ ધારાસભ્ય સંગઠનના નિર્ણયની અવગણના કરશે તો તે વ્યક્તિ હશે, એક તરફી લેવાયેલા નિર્ણયો માટે સંગઠન જવાબદાર રહેશે નહીં. કેટલાક કુકી ઉગ્રવાદી સંગઠનોએ સમાજના ધારાસભ્યોને સરકાર ગઠનની પ્રક્રિયામાં ભાગ ન લેવા પણ ફરમાન જાહેર કર્યું હતું.



આ પહેલા બુધવારે રાત્રે કુકી સમાજનું પ્રભુત્વ ધરાવતા કાંગપોક્પી જિલ્લામાં લીમાખોંગ નજીક લોકોએ ટાયર સળગાવીને પ્રદર્શન કર્યું હતું. રસ્તા પર વાંસ મૂકીને નેમચા કિપગેનના ડેપ્યુટી સીએમ તરીકે શપથ ગ્રહણનો વિરોધ કરવામાં આવ્યો હતો. કુકી લિબરેશન આર્મીએ એક સ્પષ્ટ સૂચના આપી હતી કે 'કોઈપણ કુકી પ્રતિનિધિ જે સરકારની રચનામાં ભાગ લેવાનો નિર્ણય લેશે તેને સમુદાય સાથે વિશ્વાસઘાત માનવામાં આવશે.

### UKના PMની ખુરશી ખતરામાં!

# એપસ્ટિન ફાઈલ્સમાં 'મિત્ર'ની કરતૂત સામે આવતા માફી માંગી

**લંડન**

એપસ્ટિન ફાઈલ્સના કારણે બ્રિટનના વડાપ્રધાન સર કીર સ્ટામરની ખુરશી ખતરામાં આવી ગઈ છે. એપસ્ટિન ફાઈલ્સમાં વડાપ્રધાનના મિત્ર પીટર મંડેલસનનું નામ સામે આવ્યું છે, જેના કારણે સ્ટામર પોતાના જ સાંસદોના વિરોધનો સામનો કરી રહ્યા છે. સ્ટામરે જાહેરમાં સ્વિકાર કર્યો છે કે, તેમણે મુખ્ય હોદ્દા પર પીટરની નિમણૂક કરીને મોટી ભૂલ કરી હતી. તેમણે પિટરના જૂઠ પર વિશ્વાસ કર્યો હતો, જે બદલ તેમણે માફી માંગી છે.  પીટર મંડેલસન લેબર પાર્ટીના સીનિયર નેતા અને લોર્ડ છે. જોકે એપસ્ટિન ફાઈલ્સના પુરાવાથી સામે આવ્યું છે કે, પીટર અને અમેરિકન અબજોપતિ કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન વચ્ચે ગાઢ મિત્રતા હતી. જ્યારે જેફ્રી પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા, ત્યારે પણ બંને વચ્ચે મિત્રતા હતી.

વડાપ્રધાન સ્ટામરે સ્વિકાર્યું છે કે, ‘હું જાણતો હતો કે, પીટર અને જેફ્રી એકબીજાના સંપર્કમાં હતા, તેમ છતાં પીટરને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી.’ ચોંકાવનારી વાત એ છે કે, પીટર જ્યારે સરકારમાં મંત્રી હતા ત્યારે તેમના પર જેફ્રીને સંવેદનશીલ સરકારી માહિતી લીક કરી હોવાનો આરોપ મુકવામાં આવ્યો છે.









# ઈરાનમાં લોકશાહીની માંગણી સાથે ટોરોન્ટોના ડાઉનટાઉનમાં રેલી

## ઈરાનમાં મોંઘવારી અને મૌલવી શાસન વિરુદ્ધ ભભૂકેલા આક્રોશને કેનેડામાં મળ્યું પ્રચંડ સમર્થન

**ટોરોન્ટો**

ઈરાનમાં આર્થિક પતન અને દાયકાઓ જૂના મૌલવી શાસન વિરુદ્ધ ચાલી રહેલા આંદોલનના સમર્થનમાં રવિવારે ટોરોન્ટોના રસ્તાઓ પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. લોકશાહીની માંગ સાથે નીકળેલી આ રેલીમાં અંદાજે ૧,૦૦,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓ જોડાયા હતા, જેના કારણે શહેરના વ્યસ્ત ડાઉનટાઉન વિસ્તારના અનેક રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી.

ઈરાનમાં ૨૮ ડિસેમ્બરના રોજ વધતા જતા ભાવવધારા અને આર્થિક કટોકટી સામે વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા. જો કે, જોતજોતામાં આ આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લાં ૫૦ વર્ષથી દેશ પર શાસન કરી રહેલા ધર્મગુરુઓ (મૌલવી શાસકો) સામે હવે જનતા આરપારની લડાઈ લડી રહી છે. ઈરાનમાં લોકશાહીની



શહેરના ડાઉનટાઉન કોરના રસ્તા બંધ કરવા પડ્યા

સ્થાપના થાય તે હેતુથી કેનેડામાં વસતા ઈરાની સમુદાય અને સ્થાનિકોએ આ વિશાળ એકતા રેલીનું આયોજન કર્યું હતું. રવિવારે બપોરે શરૂ થયેલું આ પ્રદર્શન સાંકોફા સ્ક્વેરથી ક્વીન્સ પાર્ક સુધી ફેલાયું હતું. ટોરોન્ટો પોલીસે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે આ પ્રદર્શનમાં ૧ લાખથી વધુ લોકો હાજર રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતા પોલીસે સોશિયલ મીડિયાના માધ્યમથી નાગરિકોને રસ્તા બંધ હોવાની અને વૈકલ્પિક માર્ગ અપનાવવાની સૂચના આપી હતી. ઈરાનમાં સરકાર દ્વારા ઈન્ટરનેટ અને સંદેશાવ્યવહાર પર લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે કેનેડામાં વસતા પરિવારો ચિંતિત છે. ટોરોન્ટો સ્થિત એન્જિનિયર પુરિયા શાફિયાએ મીડિયા સાથે વાતચીત કરતા પોતાનો ડર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "હું મારા પિતરાઈ ભાઈનો સંપર્ક કરવા માંગુ છું. પરંતુ ડર લાગે છે. ત્યાંની પરિસ્થિતિ જોતા ખબર નથી પડતી કે, સામેથી કેવો પ્રતિસાદ મળશે અથવા તો તેમની સુરક્ષાનું શું થશે.

# ગ્રાઉન્ડહોગ ડે ૨૦૨૬ : કેનેડામાં વહેલી વસંતના સંકેત સાથે અમેરિકામાં હજુ ઠંડીનો કહેર રહેશે

### અગાહી મુદ્દે નિષ્ણાંતો વચ્ચે મતભેદો, અમેરિકા અને પશ્ચિમ કેનેડામાં હજુ શિયાળો જામશે

**ઓન્ટેરિયો**

ઉત્તર અમેરિકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ 'ગ્રાઉન્ડહોગ ડે'ની પરંપરાગત ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે ગ્રાઉન્ડહોગ નામના પ્રાણીના પડછાયા પરથી શિયાળો કેટલો લાંબો ચાલશે તેની આગાહી કરવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે, આ વર્ષે કેનેડા અને અમેરિકાના ગ્રાઉન્ડહોગ્સ વચ્ચે આગાહીને લઈને મતભેદ જોવા મળ્યા છે. કેનેડાના ઓન્ટેરિયોના બ્રુસ કાઉન્ટીમાં વિઆર્ટન વિલી સોમવારે સ્ટેજ પર દેખાયા હતા. "જાગો વિલી" ના નારાઓ વચ્ચે વિલીએ તેનો પડછાયો જોયો ન હતો, જેનો અર્થ છે કે, વસંતઋતુનો વહેલો પ્રારંભ થશે. ક્યુબેકના ગેસ્પેસી પ્રદેશના પ્રખ્યાત ગ્રાઉન્ડહોગ ફ્રેડ લા માર્મોટની આગાહી પણ વિલી સાથે સુસંગત રહી હતી. ફ્રેડને પણ તેનો પડછાયો દેખાયો ન હોવાથી તેણે વહેલી વસંતના સંકેત આપ્યા છે.

બીજી તરફ નોવા સ્કોસિયાના શુબેનાકાડી સેમના વિસ્તારમાં ભારે બરફવર્ષાને કારણે જાહેર કાર્યક્રમ રદ કરાયો હતો, પરંતુ સરકારી જાહેરાત મુજબ સેમની આગાહી પણ વહેલી વસંત તરફ ઈશારો કરે છે. બીજી તરફ, સરહદની દક્ષિણે અમેરિકાના પેન્સિલવેનિયામાં પ્રખ્યાત પંક્સસુટાવની ફિલ દ્વારા અલગ જ આગાહી કરવામાં આવી છે. ફિલે તેનો



**શું છે આ પરંપરા?**

આ પરંપરા મધ્યયુગીન યુરોપ સાથે જોડાયેલી છે. પ્રાચીન સમયમાં ખેડૂતો માનતા હતા કે જો હેજહોગ્સ (કાંટાળા ઉંદર જેવા પ્રાણી) જંતુઓ પકડવા માટે તેમના દરમાંથી વહેલા બહાર આવે, તો તે વસંતઋતુની શરૂઆતની નિશાની છે. સમય જતાં ઉત્તર અમેરિકામાં હેજહોગની જગ્યા ગ્રાઉન્ડહોગે લીધી છે.

પડછાયો જોયો હતો, જે સૂચવે છે કે, હજુ ૬ અઠવાડિયા સુધી હાડ થીજવતી ઠંડી ચાલુ રહેશે. કેલગરીની ઉત્તરે "પ્રેઈરી પ્રોગ્નોસ્ટીકેટર" તરીકે જાણીતા બાલ્ઝેક બિલીએ પણ ફિલની વાતમાં સૂર પુરાવતા લાંબા શિયાળાની આગાહી કરી છે.

# કેલગેરીની દક્ષિણમાં અકસ્માતમાં ત્રણ જુનિયર હોકી ખેલાડીનાં મોત

### ત્રણ પૈકી બે બ્રિટિશ કોલંબિયાના અને એક ખેલાડી દક્ષિણ યુનાઈટેડ સ્ટેટ્સનો હતો

**કેલગેરી**

સોમવાર સવારે કેલગરીની દક્ષિણમાં મોટર વાહન અકસ્માતમાં સધર્ન આલ્બર્ટા મુસ્ટાંગ્સ જુનિયર હોકી ટીમના ત્રણ સભ્યોના મોત થયા હતા.

કેલગરીની દક્ષિણમાં એક કલાકથી થોડા વધુ અંતરે સ્થિત સ્ટેવલીની ટીમે સોમવારે બપોરે સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી હતી. ટીમે જણાવ્યું હતું કે અકસ્માત થયો ત્યારે ત્રણેય ખેલાડીઓ પ્રેક્ટિસ કરવા જઈ રહ્યા હતા. મૃત્યુ પામેલા ત્રણ ખેલાડીમાં બે બ્રિટિશ કોલંબિયાના હતા અને એક દક્ષિણ યુનાઈટેડ સ્ટેટ્સનો હતો.

ટીમ સાથે 17 વર્ષીય કેડેન ફાઈન, જેનું વતન ટીમની વેબસાઈટ પર બર્મિંગહામ, અલાબામા તરીકે સૂચિબદ્ધ હતું. ઉપરાંત જેજે રાઈટ, એક 18 વર્ષીય ડાબોડી ખેલાડી જેનું વતન કામલૂપ્સ, બી.સી. હતું તથા 18 વર્ષીય ગોલકીપર કેમેરોન કેસોર્સો, જે કામલૂપ્સ, બી.સી.નો હતો, તેણે જીવ ગુમાવ્યા છે.

સોમવાર મોડી રાત્રે એક નિવેદનમાં, વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું કે, "સ્ટેવલી, આલ્બર્ટા નજીક કાર અકસ્માતમાં માર્યા ગયેલા ત્રણ યુવાન હોકી ખેલાડીઓના પરિવારો માટે અમને સહાનુભૂતિ છે. મુસ્તાંગ્સ યુએસ પ્રીમિયર હોકી લીગના પ્રીમિયર ડિવિઝનમાં રમે છે, જેને લીગ "ખેલાડીઓને કોલેજ માટે તૈયાર રમતવીરોમાં વિકસાવવા માટે જાણીતું" તરીકે વર્ણવે છે. આલ્બર્ટા આરસીએમપીએ જણાવ્યું હતું કે આ અકસ્માત સવારે 11 વાગ્યે હાઈવે 2 અને 55 એવન્યુના ક્રોસિંગ પર, સ્ટેવલીના ઉત્તર પ્રવેશદ્વાર પર થયો હતો. ક્લેરેશોલ્મના નજીકના સમુદાયની પોલીસે ગ્રેવલ ટ્રેલર ખેંચતી સેમી ટ્રક અને નાના પેસેન્જર વાહન વચ્ચે થયેલા અકસ્માતનો જવાબ આપ્યો હતો.

# કેનેડાની આગામી ચૂંટણીમાં AIના હસ્તક્ષેપની નિષ્ણાંતો દ્વારા ચેતવણી

### ડીપફેક અને હાઈપર-રિયાલિસ્ટિક વીડિયો દ્વારા મતદારોને ભ્રમિત કરાઈ શકે

**ઓટાવા**

કેનેડાની આગામી ફેડરલ ચૂંટણીઓમાં વિદેશી તાકાતો અને 'ખરાબ તત્વો' કૃત્રિમ બુદ્ધિ (AI)નો ઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયામાં વિક્ષેપ પાડી શકે છે, તેવી ગંભીર ચેતવણી દેશના ટોચના ચૂંટણી વોચડોગ્સ દ્વારા આપવામાં આવી છે. સંસદીય સમિતિ સમક્ષ જુબાની આપતા સુરક્ષા સલાહકારોએ જણાવ્યું હતું કે, ટેકનોલોજીનો વધતો વ્યાપ ચૂંટણીની પારદર્શિતા માટે મોટો પડકાર બની રહ્યો છે.

કાર્નીના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નથાલી ડ્રોઈન અને વિદેશ બાબતોના નાયબ પ્રધાન ડેવિડ મોરિસને ખાસ કરીને 'ડીપફેક' ટેકનોલોજી તરફ ધ્યાન દોર્યું છે. આ એવી ટેકનોલોજી છે જેમાં AI દ્વારા કોઈ પણ નેતાની આબેહૂબ છબી કે નકલી વીડિયો બનાવી શકાય છે, જે સામાન્ય નાગરિકો માટે અસલી અને નકલી વચ્ચેનો તફાવત પારખવો અશક્ય બનાવી દે છે. મોરિસને કહ્યું હતું કે, "આ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી વિકસી રહી છે અને તે એક એવું સાધન છે જેનો ઉપયોગ વિરોધીઓ ચોક્કસપણે કરશે.

નથાલી ડ્રોઈને પત્રકારોને જણાવ્યું કે, છેલ્લી ચૂંટણી દરમિયાન પણ ચીન અને રશિયા જેવા દેશોએ દખલગીરીના પ્રયાસો કર્યા હતા. આ પ્રયાસો એટલા સક્ષમ નહોતા કે ચૂંટણીના પરિણામો બદલી શકે, પરંતુ ભવિષ્યમાં AI આ કામ વધુ સરળ અને જોખમી બનાવી શકે છે.

બીજી તરફ અધિકારીઓએ ખાતરી આપી છે કે અત્યાર સુધી ચૂંટણીની અખંડિતતા જોખમાય તેવા સ્તરે કોઈ દખલગીરી પહોંચી નથી, પરંતુ આગામી સમયમાં અત્યંત સતર્ક રહેવાની જરૂર છે.

# ઓટાવા માસ્ટર પ્લાન : હવે બેંકો અને પેન્શન ફંડ્સના સહયોગથી બનશે સસ્તા મકાનો

### એક્શન પ્લાન: ખાનગી ડેવલપર્સ પાછા હટે ત્યાં 'બિલ્ડ કેનેડા હોમ્સ' એજન્સી કરશે હસ્તક્ષેપ

**ઓટાવા**

કેનેડામાં ઘર વિહોણા લોકો અને મોંઘા ઘરની સમસ્યાનો ઉકેલ લાવવા માટે ફેડરલ સરકાર હવે આગળ વધી રહી છે. હાઉસિંગ મંત્રી ગ્રેગોર રોબર્ટસને સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં ઘર નિર્માણની ગતિ વધારવા માટે તેઓ કેનેડિયન બેંકો અને મોટા પેન્શન ફંડ્સને મેદાનમાં ઉતારવા માંગે છે. આ વ્યૂહરચના હેઠળ, સરકાર સસ્તા હાઉસિંગ પ્રોજેક્ટ્સ માટે મોટા પાયે ધિરાણ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તાજેતરમાં સપ્ટેમ્બરમાં $13 બિલિયનની પ્રારંભિક મૂડી સાથે શરૂ થયેલી 'બિલ્ડ કેનેડા હોમ્સ' એજન્સી સરકારનો મુખ્ય હથિયાર સાબિત થશે. મંત્રી રોબર્ટસને જણાવ્યું હતું કે, જ્યારે ખાનગી ડેવલપર્સને બજારમાં કોઈ પ્રોજેક્ટ નફાકારક નથી લાગતો અને તેઓ પાછા હટે છે, ત્યારે આ એજન્સી



હસ્તક્ષેપ કરશે. એજન્સીનો મુખ્ય ઉદ્દેશ્ય "નોન-માર્કેટ" એટલે કે પરવડે તેવા મકાનોની સંખ્યા બમણી કરવાનો છે.

આ નવી નીતિના ભાગરૂપે ટોરોન્ટોમાં 'આર્બો ડેવલપમેન્ટ' પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે. ૫૪૦ યુનિટના આ પ્રોજેક્ટમાં ઓછામાં ઓછા ૪૦ ટકા મકાનો સસ્તા અથવા પરવડે તેવા હશે. વાનકુવરના ભૂતપૂર્વ મેયર અને હવે કેબિનેટ મંત્રી બનેલા રોબર્ટસને સ્વીકાર્યું હતું કે, સામાન્ય લોકો માટે ઘરનું ઘર હોવું એ અત્યારે સૌથી મોટો પડકાર છે. CMHC (કેનેડા મોરગેજ અને હાઉસિંગ કોર્પ)ના રિપોર્ટ અનુસાર ૨૦૨૫માં દેશમાં હાઉસિંગ સેક્ટરમાં ૫.૬ ટકાનો વધારો થયો છે. જો કે, આ આંકડાઓમાં વિરોધાભાસ છે.

મકાનોના નિર્માણમાં તેજી જોવા મળી છે. અહીં નવા મકાનોના બાંધકામમાં મોટો ઘટાડો નોંધાયો છે. પાનખર ઋતુમાં બાંધકામની ગતિ ધીમી પડતા સરકાર હવે ખાનગી ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપીને લક્ષ્યાંકો પૂરા કરવા માંગે છે. હાઉસ ઓફ કોમન્સમાં વડાપ્રધાન માર્ક કાર્ને દ્વારા લિબરલ્સની નવીનતમ આર્થિક નીતિઓ રજૂ કરવામાં આવી હતી.

# કેનેડાનું અર્થતંત્ર ‘લાઈફ સપોર્ટ’ પર : દેશમાં સત્તાવાર મંદીના એંધાણ

## માથાદીઠ GDPમાં સતત ઘટાડો, બેંક ઓફ કેનેડાના વ્યાજદરમાં ધરખમ ઘટાડા છતાં સ્થિતિ ગંભીર

### હાઉસિંગ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કડાકો

**ઓન્ટેરિયો**

**વ્યાજ દરમાં 275 બેસિસ પોઈન્ટનો ઘટાડો છતાં વૃદ્ધિ માત્ર 1%**

રોઝનબર્ગ રિસર્ચના સ્થાપક ડેવિડ રોઝનબર્ગે BNN બ્લૂમબર્ગ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બેંક ઓફ કેનેડાએ વ્યાજદરમાં ૨૭૫ બેસિસ પોઈન્ટનો નોંધપાત્ર ઘટાડો કર્યો છે, તેમ છતાં અર્થતંત્ર વાર્ષિક માત્ર એક ટકાના દરે જ વધી રહ્યું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, દેશનો માથાદીઠ જીડીપી (GDP per capita)સતત ઘટી રહ્યો છે, જે સામાન્ય નાગરિકોની આર્થિક શક્તિ નબળી પડી રહી હોવાનું સૂચવે છે.

કેનેડાનું અર્થતંત્ર અત્યારે અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. જાણીતા અર્થશાસ્ત્રી ડેવિડ રોઝનબર્ગના મતે દેશનું અર્થતંત્ર અત્યારે ‘લાઈફ સપોર્ટ’પર છે અને કેનેડા સ્પષ્ટપણે મંદીની ચુંગાલમાં ફસાઈ રહ્યું છે.

રોઝનબર્ગ રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ વ્યાજદરમાં ઘટાડો કરાયો હોવા છતાં આર્થિક વૃદ્ધિ દર અપેક્ષા મુજબ વધી રહ્યો નથી.

અહેવાલ મુજબ, કેનેડાના બે મુખ્ય સ્તંભો ગણાતા ક્ષેત્રો અત્યારે સંઘર્ષ કરી રહ્યા છે. મકાનોના ભાવમાં વાર્ષિક ધોરણે ૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. અમેરિકા સાથેના વેપાર પર નિર્ભર એવું ઉત્પાદન ક્ષેત્ર ૫ ટકા જેટલું નીચે પટકાયું છે. રોઝનબર્ગના મતે, ૨૦૨૬ માટે દેશ ‘રીસેસન વોચ’ (મંદીની ઘડિયાળ) પર છે. કારણ કે છેલ્લા ત્રણ ક્વાર્ટરમાંથી બેમાં અર્થતંત્ર સંકોચાયું છે.

ચોથા ક્વાર્ટરમાં અર્થતંત્ર ૦.૫ ટકાના દરે સંકોચાય તેવી શક્યતા છે, જે બેંક ઓફ કેનેડાના ૦.૦ ટકાના અંદાજ કરતા પણ ઓછું છે.

અર્થશાસ્ત્રીઓ માને છે કે, ફુગાવો હવે મુખ્ય મુદ્દો નથી, પરંતુ આર્થિક ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો એ મોટી સમસ્યા છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે બેંક ઓફ કેનેડાએ વ્યાજદર ૨.૨૫ ટકાથી પણ નીચે લઈ જવા પડશે, જેના કારણે કેનેડિયન ડૉલરના મૂલ્ય પર વિપરીત અસર પડી શકે છે.

જોકે ઘણા નિષ્ણાતો માને છે કે સરકારી ઉત્તેજના પેકેજ અર્થતંત્રને વેગ આપશે, પરંતુ રોઝનબર્ગ આ બાબતે સાવધ છે. તેમના મતે કેટલાક ક્ષેત્રોમાં જોવા મળતી અતિશય ધીમી વૃદ્ધિ એ સંકેત આપે છે કે અત્યાર સુધી લેવાયેલા નીતિગત નિર્ણયો અર્થતંત્રને પાટા પર લાવવા માટે પૂરતા નથી.

# ઓટાવામાં હેટ ક્રાઈમમાં આંશિક ઘટાડો, પણ એક દાયકાની તુલનાએ સ્થિતિ હજુ પણ સ્ફોટક

### 2025માં 358 અહેવાલો નોંધાયા: યહૂદી અને અશ્વેત સમુદાય સૌથી વધુ નિશાના પર, પોલીસ વિભાગે જાહેર કર્યા ચોંકાવનારા આંકડા




**ઓટાવા**

ઓટાવા પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, શહેરમાં નફરત પ્રેરિત ગુનાઓ (Hate Crimes) ની સંખ્યામાં પાછલા બે વર્ષની સરખામણીએ ઘટાડો નોંધાયો છે. જોકે, આ આંકડા હજુ પણ છેલ્લા એક દાયકાના સરેરાશ દર કરતા ઘણા વધારે છે, જે સમાજમાં વધી રહેલા ધ્રુવીકરણ તરફ ઈશારો કરે છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૦૨૫માં કુલ ૩૫૮ હેટ ક્રાઈમના અહેવાલો મળ્યા હતા. જેમાંથી ૨૬૩ ઘટના ગુનાહિત શ્રેણીમાં મૂકવામાં આવી છે.

૯૫ ઘટનાઓ સીધી રીતે નફરતથી પ્રેરિત માનવામાં આવી છે, જેમાં આરોપી સાબિત થયે કડક સજાની જોગવાઈ છે. મિલકત સાથે છેડછાડ જાનથી મારી નાખવાની ધમકીઓ, શારીરિક હુમલો અને હેરાનગતિ જેવા ગંભીર આરોપોનો સમાવેશ થાય છે. અહેવાલમાં સ્પષ્ટ થયું છે કે, અમુક ચોક્કસ સમુદાયોને વારંવાર નિશાન બનાવવામાં આવ્યા છે.

યહૂદી સમુદાય સાથે સૌથી વધુ ૭૩ ઘટના બની છે. જ્યારે અશ્વેત સાથે ૫૧, 2SLGBTQ+ સાથે ૨૬ તથા મુસ્લિમો સાથે ૧૮ ઘટના ઘટી છે.

ઓટાવામાં ૨૦૧૯માં હેટ ક્રાઈમના માત્ર ૧૧૬ રિપોર્ટ્સ નોંધાયા હતા, જે ૨૦૨૩ સુધીમાં વધીને ૪૬૦ થઈ ગયા હતા. ૨૦૨૪માં આ સંખ્યા સ્થિર રહી અને ૨૦૨૫માં તેમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. નિષ્ણાતોના મતે, ૨૦૧૭માં શરૂ થયેલી ઓનલાઈન રિપોર્ટિંગ પદ્ધતિ અને ૨૦૨૦માં ફરી શરૂ કરાયેલા ‘હેટ ક્રાઈમ વિભાગ’ને કારણે લોકોમાં જાગૃતિ આવી છે અને વધુ અહેવાલો નોંધાઈ રહ્યા છે.

ઓટાવા પોલીસ સર્વિસીસ બોર્ડના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તરે વધી રહેલા તણાવ અને ધ્રુવીકરણની અસર સ્થાનિક સમુદાયો પર પડી રહી છે. જોકે, પોલીસનું માનવું છે કે હજુ પણ ઘણી ઘટનાઓ એવી છે જેની જાણ કરવામાં આવતી નથી

# ઓન્ટેરિયોમાં લૂંટ કેસમાં સંડોવાયેલા પાંચ ગુજરાતીને 26 ફેબ્રુઆરીએ કોર્ટમાં રજૂ કરાશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં લૂંટ કેસમાં સંડોવાયેલા પાંચ ગુજરાતીને ૨૬ ફેબ્રુઆરી કોર્ટમાં હાજર કરવામાં આવનાર છે. 11 જાન્યુઆરીના રોજ ઓન્ટેરિયાનો એક ગેસ સ્ટેશનમાં લૂંટ ચલાવવાના આરોપમાં પાંચ ગુજરાતી યુવકોની ધરપકડ કરવામાં આવી હતી. આ પાંચેય આરોપીઓ ટોરોન્ટોના રહેવાસી છે, આ કોઈ હથિયાર સાથેની મોટી લૂંટ નહોતી, પરંતુ આ યુવકો ગેસ સ્ટેશનમાંથી કોફી મશીન, માઈક્રોવેવ ઓવન અને અન્ય નાની વસ્તુઓ ઉઠાવી ગયા હતા.

આ પાંચેય યુવકો ચોરી કર્યા બાદ ભાગ્યા નહોતા અને જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે તેઓ ત્યાં જ હતા. તેમની કારમાંથી બધી જ વસ્તુઓ મળી આવી હતી.

આરોપીઓમાં દેવાંગકુમાર પટેલ (૩૩ વર્ષ), યોગેશકુમાર પટેલ (૪૫ વર્ષ), ભાવિનકુમાર પટેલ (૩૮ વર્ષ), મિતુલકુમાર પટેલ (૩૮ વર્ષ) તથા રિકી પટેલ (૨૯ વર્ષ)નો સમાવેશ થાય છે.

તેમના પર લૂંટ અને $૫,૦૦૦ થી ઓછી કિંમતનું નુકસાન (Mischief under $5,000) કરવાનો આરોપ છે. પોલીસે આ પાંચેય યુવકોને હાલમાં શરતી જામીન પર મુક્ત કર્યા છે. તેમની આગામી કોર્ટ સુનાવણી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ થવાની છે.






તંત્રી સ્થાનેથી

# નરવણેના પુસ્તક સાથે રાહુલે સુરક્ષાનો મુદ્દો ઉછાળતા શાસકો આકુળ-વ્યાકુળ

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ 3 ફેબ્રુઆરીએ પૂર્વ જનલર એમ એમ નરવણેની આત્મકથાસમા પુસ્તકની કેટલીક લીટી વાંચવાની ઈચ્છા વ્યક્ત કરતા જ સંસદમાં હોબાળો મચી ગયો હતો. રાહુલે ડોકલામ તથા ચીનની ઘૂસણખોરીને ઉજાગર કરવાના હેતુથી જેવો પ્રયાસ કર્યો કે, તરત જ ત્યાં બેઠેલા વડાપ્રધાન મોદી સહિતના સત્તાધીશોમાં આકુળતા વ્યાકુળતા વ્યાપી ગઈ અને સ્પીકર ઓમ બિરલાએ આ દ્રશ્ય જોઈને તેમણે રાહુલને બોલતા અટકાવી દીધા. બિરલાએ રાહુલને મુદ્દા પર વાતો કરવા અને આ પુસ્તકની લીટીઓ હાલ અહીં વાંચી શકાશે નહીં તેવી સ્પષ્ટતા કરી. સ્પીકરની વાતો સાંભળી રાહુલે પણ વળતો પ્રકાર કર્યો કે, સંસદમાં મારે શું બોલવું તેની પણ સલાહ હવે તમે મને આપશો ?. બસ આ જ વાતે બંને વચ્ચે થોડી ચકમક થઈ અને વિપક્ષી સાંસદે હોબાળો મચાવ્યો. રાહુલ બાદ સમાજવાદી પાર્ટી, તૃમણુલ કોંગ્રેસ પાર્ટી અને અન્ય વિપક્ષની પાર્ટીઓના સાંસદોએ બોલવાનો ઈન્કાર કરી દીધો હતો. સાંસદો રાહુલ ગાંધીના સમર્થનમાં આવી ગયા હતા અને પેપરો ઉછાળ્યા હતા. તેને લઈને વિપક્ષના આઠ સાંસદોને બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરી દેવાયા. રાહુલ ભારતીય સેનાના ભૂતપૂર્વ ચીફ જનરલ એમ.એમ. નરવણે લખેલા પુસ્તક **“Four Stars of Destiny: An Autobiography”**ની કેટલીક લીટીઓ સંસદમાં વાંચવા માંગતા હતા. પરંતુ તેમને સરકાર કોઈપણ ભોગે મંજૂરી આપવા માંગતી ન હતી. હવે સમજવા જેવી બાબત એ છે કે સંસદમાં રાહુલ ગાંધી એવું તો શું વાંચવા માંગતા હતા, જેનાથી સરકાર ડરી ગઈ.



તંત્રી - સ્વદેશ

જો કે, રાહુલે તે પછી સંસદ બહાર આવીને પુસ્તક બતાવી દાવો કર્યો કે, મને લાગે છે કે નરવણેનું આ પુસ્તક વિદેશમાં મળે છે, તે વિદેશમાં પબ્લિશ થઈ ચૂક્યું છે, જ્યારે સરકાર અહીં તેને પબ્લિશ કરવા દેતી નથી. મને એવું લાગી રહ્યું છે..’ દેશની સુરક્ષાનો ઉલ્લેખ કરતાં મોદી સરકાર પર આકરા પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશની સુરક્ષા જ્યારે ગંભીર સંકટ પર હતી ત્યારે મોદીજી રાજનૈતિક જવાબદારીથી હાથ અદ્ધર કરી દીધા હતા, જનરલ નરવણે ખુદ લખે છે કે તે સમયે તેમણે અહેસાસ થયો હતો કે રાજનૈતિક નેતૃત્વએ સેનાને એકલા મૂકી દીધી હતી. રાહુલ ગાંધીએ પુસ્તકમાં લખાયેલી વાતોનો આધાર લેતા દાવો કર્યો કે, ૨૦૨૦ના સંઘર્ષ દરમિયાન ભારતે એવી કેટલીક જગ્યાઓ પરથી નિયંત્રણ ગુમાવ્યું છે, જ્યાં પહેલા ભારતીય સેના પેટ્રોલિંગ કરતી હતી. જ્યારે ચીની સૈન્ય આગળ વધી રહ્યું હતું, ત્યારે દિલ્હી (સરકાર) તરફથી સ્પષ્ટ આદેશો મળવામાં વિલંબ થયો હતો, જેના કારણે સેનાના ગ્રાઉન્ડ કમાન્ડરો મૂંઝવણમાં હતા.

રાહુલ ગાંધીએ દાવો કર્યો કે પુસ્તક સૂચવે છે કે સમજૂતીના ભાગરૂપે જે ‘બફર ઝોન’ બનાવવામાં આવ્યા, તેમાં ભારતે પોતાની જ જમીન ઉપર પેટ્રોલિંગ કરવાનો અધિકાર ગુમાવ્યો છે. વિપક્ષના નેતા તરીકે મને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર બોલતા અટકાવવાનો જાણીજોઈને પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીના આક્ષેપોના જવાબમાં સ્પષ્ટતા કરી હતી કે, ભારતે એક ઈંચ પણ જમીન ગુમાવી નથી. નરવણેનું પુસ્તક હજુ રિવ્યુ હેઠળ છે અને તેના અપ્રકાશિત અંશોને પુરાવા તરીકે ગણી શકાય નહીં. સૈન્યને હંમેશા ફિલ્ડ પર નિર્ણય લેવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી છે. નેતાઓ આ મુદ્દે ભલે રાજરમત રમે પણ હકીકતમાં જનરલ નરવણેનું આત્મકથાત્મક પુસ્તકમાં કેટલાક વિવાદાસ્પદ અને મહત્વપૂર્ણ ખુલાસાઓ છે. જેને કારણે તે પ્રકાશિત થવા પહેલાં જ ચર્ચામાં આવી ગયું છે. જનરલ નરવણેએ ડિસેમ્બર 2019 થી એપ્રિલ 2022 સુધી ભારતીય સેનાના 28મા વડા તરીકે સેવા આપી હતી. આ પુસ્તક તેમના 42 વર્ષના લાંબા સૈન્ય કરિયર, પડકારો અને ભારતીય સેનાના આધુનિકીકરણ વિશેના તેમના વિચારો રજૂ કરે છે. પુસ્તક મૂળરૂપે જાન્યુઆરી 2024 માં રિલીઝ થવાનું હતું, પરંતુ તે રિવ્યુ પ્રક્રિયા હેઠળ હોવાને કારણે તેમાં વિલંબ થયો છે. સૈન્યના ઉચ્ચ અધિકારીઓ જ્યારે પુસ્તક લખે છે, ત્યારે તેમણે સરકાર અને સુરક્ષા એજન્સીઓ પાસેથી ‘નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ’ (NOC) લેવું પડે છે. જેથી કોઈ ગોપનીય માહિતી જાહેર ન થાય. હાલમાં આ પુસ્તકની તપાસ કરવામાં આવી રહી છે, જેથી રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલી કોઈ બાબત જોખમાય નહીં. તેમના પુસ્તકમા મુખ્ય ત્રણ બાબતો પર વધુ પ્રકાશ પડાયો છે. જેમાં સૈન્ય જીવનના અનુભવો, ગલવાન ઘાટીમાં ચીની સૈનિકો સાથે સંઘર્ષ સમયની ભારતીય સેનાની સ્થિતિ તથા અગ્નિપથ યોજના છે.

પુસ્તકમાં લખાયેલા કેટલાક મહત્વના અંશો અંગે અત્યાર સુધી જે વાતો બહાર આવી છે તેમાં ‘અગ્નિપથ યોજના’નો ઉલ્લેખ સૌ પ્રથમ છે. નરવણેએ આ પુસ્તકમાં સ્પષ્ટ પણે લખ્યું છે કે, મોદી સરકારની આ યોજના સેના માટે આશ્ચર્યજનક હતી. કારણ કે, તેમણે તેમાં ટૂંકા ગાળાની સેવાની દરખાસ્ત કરી હતી. સેનાએ ‘ટૂર ઓફ ડ્યુટી’ તરીકે જે પ્રસ્તાવ આપ્યો હતો, તેના કરતા ‘અગ્નિપથ’ યોજના ઘણી અલગ રીતે લાગુ કરવામાં આવી હતી, વળી આ માટે સેનાના કોઈ મોટા અધિકારી સાથે ચર્ચા સુદ્ધા કરાઈ ન હતી. આ ઉપરાંત પુસ્તકમાં

ગલવાન ઘાટીના સંઘર્ષની ઘટનાનો ઉલ્લેખ છે. પુસ્તકના જે પ્રકરણો લીક થયા છે અથવા મીડિયામાં ચર્ચાયા છે, તેમાં ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ રાતનું રોમાંચક વર્ણન છે, રેચિન લા પાસ પાસે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ની ટેન્કો ભારતીય પોસ્ટ્સની ખૂબ નજીક આવી ગઈ હતી. માત્ર થોડાક સો મીટરનું અંતર બાકી હતું. આથી ભારતીય સેનાના જનરલ નરવણેની મૂંઝવણ વધી હતી. તેમણે પુસ્તકમાં લખ્યું છે કે, તે સમયે મારી પાસે બે જ વિકલ્પ હતા. કાં તો હું ચીની ટેન્કોને રોકવા માટે ગોળીબારનો આદેશ આપું અથવા તેમને આગળ વધવા દઉં. ગોળીબારનો અર્થ હતો પૂર્ણ-કક્ષાનું યુદ્ધ. આથી, જનરલ નરવણેએ તે રાત્રે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને ફોન કર્યો. મંત્રીએ વડાપ્રધાન સાથે વાત કરીને મોડી રાત્રે વળતો ફોન કરી કહ્યું, “જો ઉચિત લાગે તે કરો” આનો અર્થ એ હતો કે, સરકારે ગોળીબાર કરવાનો નિર્ણય સેના પર છોડ્યો હતો.

અંતે, જનરલ નરવણેએ ગોળીબાર ન કરવાનો નિર્ણય લીધો અને વ્યૂહાત્મક રીતે પોતાની ટેન્કો ગોઠવી, જેથી યુદ્ધ ટળ્યું પણ ભારતની સ્થિતિ મજબૂત રહી. આ પુસ્તક વિવાદાસ્પદ બનવાનું મુખ્ય કારણ એ છે કે તે સેના અને રાજકીય નેતૃત્વ વચ્ચેના સંવાદને ખુલ્લો પાડે છે. ખાસ કરીને ‘અગ્નિપથ’ અને ‘ચીન સરહદ’ જેવા સંવેદનશીલ વિષયો પર પૂર્વ આર્મી ચીફનું મંતવ્ય સરકાર માટે મુશ્કેલી ઉભી કરી રહ્યું છે. વળી, દેશ મજબૂત હાથોમાં હોવાનો દાવો કરતી સરકાર માટે પુસ્તકમાં લખાયેલી વાતો સવાલો પણ ઉભા કરી રહી છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)





MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# મનસુખ વસાવા 'બોલ બચ્ચન' છે, આદિવાસી સમુદાય મુદ્દે હંમેશાં 'મૌન' રહ્યા : ચૈતર વસાવા

## કેવડીયામાં આદિવાસીઓના ઝૂંપડાં પાડયા ત્યારે મનસુખ વસાવા મૌન રહ્યા

**છોટા ઉદેપુર**

ગુજરાતના રાજકારણમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના ધારાસભ્ય મનુસખ વસાવા લગભગ અનેક બાબતે આમને સામને આવી જતાં હોય છે. ત્યારે વધુ એક વાર આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ મનસુખ વસાવાને આડે હાથ લીધા હતા.

એક જાહેર મંચ પરથી ચૈતર વસાવાએ કહ્યું હતું કે, "મનસુખભાઈ આલફેલ બોલે છે અને જો કોઈને મળે તો હું જાહેરમાં ડિબેટમાં રાખવા તૈયાર છું તેમ કહી દેજો. તેમણે કહ્યું હતું કે મનસુખભાઈને રાજનીતિમાં 36 વર્ષ થયા અને મને 36 મહિના થયા. પણ આ દરમિયાન તેમણે સંસદમાં અને મે વિધાનસભામાં કેટલા આદિવાસીઓના મુદ્દા ઉપાડ્યા, કેટલી રજૂઆતો અને કેટલા માટે અવાજ ઉપાડ્યો તેના પરથી બંનેનું પાણી મપાઈ જાય તેમ છે. તેમણે આરોપ કર્યો હતો કે હું તેમની જેમ બોલ બચ્ચન નથી. તેમણે આરોપ કર્યો હતો કે જ્યારે આદિવાસીઓના પ્રશ્ન ઉઠાવવાનું આવ્યું ત્યારે તેમણે મૌન ધારણ કરી લીધું હતું. ચૈતર વસાવાએ અનેક ઉદાહરણો આપ્યા હતા. તેમણે કહ્યું કે કેવડીયામાં આદિવાસીઓના ઝૂંપડાં પાડયા ત્યારે મનસુખ વસાવા મૌન રહ્યા હતા. આદિવાસીઓના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ અટકાવી, નકલી કોલેજ બહાર આવી ત્યારે પણ મનસુખ વસાવા મૌન રહ્યા હોવાનો આરોપ ચૈતર વસાવાએ કર્યો હતો.

# બનાસકાંઠામાં ગબ્બર ઠાકોર, અર્જુન ઠાકોરને સમાજમાંથી ૧ વર્ષ માટે નાત બહાર કરી દેવાયા

## ડીજે પર પ્રતિબંધ મૂકાયો હતો છતાં ભંગ કર્યો હતો

**બનાસકાંઠા**

બનાસકાંઠામાં અત્યારે ઠાકોર સમાજમાં બંધારણ બાબતે વિવાદ ચાલી રહ્યો છે. ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાના ઠાકોર સમાજના લોકોએ સાથે મળીને બંધારણ બનાવ્યું હતું, જેમાં સમાજ માટે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. કુલ 16 મુદ્દાનું બંધારણ નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આ બંધારણનો ભંગ થયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આમાં કેન્દ્ર સ્થાને ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરનું નામ આવ્યું છે. ઠાકોર સમાજના બંધારણમાં ડીજે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેનો અર્જુન ઠાકોર અને ગબ્બર ઠાકોરે ભંગ કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સમગ્ર મામલે જાબડીયામાં ઠાકોર સમાજની એક બેઠક યોજાઈ હતી. ઠાકોર સમાજની આ બેઠકમાં સમાજની શિસ્ત અને એકતાને ધક્કો પહોંચાડનાર સામે સખત કાર્યવાહી કરવામાં આવી છે, તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# સાણંદમાં દારૂ-હુક્કા પાર્ટી પર દરોડા યુવક-યુવતી સહિત 80 જેલભેગા

**સાણંદ**



સાણંદ પોલીસે બાતમીના આધારે દારૂની મહેફિલ પર રેડ પાડી હતી. જેમાં 80 જેટલા યુવક-યુવતી ઝડપાયા હતા. તમામને મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા. ગોરસ સિમ નજીક આવેલા નિર્વાણા ગ્રીન વિકેન્ડ હોમમાં એક પ્રાઈવેટ બંગલોમાં એનિવર્સરીની પાર્ટીમાં દારૂની મહેફિલનું આયોજન કરાયું હતું. જે અંગે બાતમી મળી હતી. જે બાદ બોપલ પોલીસની ટીમે રેઈડ કરીને 80 જેટલા યુવક અને યુવતીની ધરપકડ કરી હતી. અહીં ફૂડ કાઉન્ટર ગોઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત 11 જેટલા ટેબલ પર પર કેક, હુક્કો અને દારૂ પીરસવામાં આવ્યો હતો. પોલીસે રેઈડ કરતા જ મહેફિલમાં ભંગ પડ્યો હતો અને ત્યાં હાજર યુવક અને યુવતીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસ 80 જેટલા યુવક યુવતીની ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ આવી હતી અને ત્યાંથી સાણંદની સરકારી હોસ્પિટલ ખાતે મેડિકલ ટેસ્ટ માટે લઈ જવાયા હતા.

## પાટીદાર બિલ્ડર પુત્ર ઋષભે આપઘાત પહેલા પત્નીને સંબોધી સ્યુસાઈડ નોટ લખી

# મને તારા જ માણસોએ મરવા માટે મજબૂર કર્યો છે, એમને સજા અપાવજે : ઋષભ પટેલ

**ગાંધીનગર**

જાણીતા પાટીદાર બિલ્ડર પુત્ર ઋષભના આપઘાત કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. પકડાયેલા આરોપી મહિપાલસિંહ રાઠોડે રિમાન્ડ દરમિયાન વટાણા વેરી દીધા હતા. જે મુજબ, ભાજપના પૂર્વ કોર્પોરેટરનો પુત્ર મનિષ સ્પ્લેન્ડરના આઈડીથી સટ્ટો રમતો હતો. તે ઉપરાંત કલ્પેશ ઉર્ફે તલાટી વાસ્તવમાં સાણંદમાં તલાટી તરીકે સરકારી નોકરી કરતો હોવાનો પોલીસ તપાસમાં ઘટસ્ફોટ થયો હતો.

ઋષભની આત્મહત્યા કેસમાં ચાર આરોપી સામે ફરિયાદ નોંધાઈ હતી. સુઘડ ખાતે રહેતા ઋષભ પ્રવીણભાઈ પટેલના લગ્ન હેલી નામની યુવતી સાથે ગત 12 જાન્યુઆરીએ થયા હતા. ઋષભ 25 જાન્યુઆરીએ સાઈટ ઉપર જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. દરમિયાન તા. 26મીએ તેની કાર રાયપુર નર્મદા કેનાલ નજીકથી બિનવારસી મળી હતી. તેમાંથી બે પાનાની સ્યુસાઈડ નોટ મળી હતી. તે પછી તા. 28મીએ ઋષભનો મૃતદેહ કડી કેનાલમાંથી મળ્યો હતો.

જોકે ઋષભે લખેલી સ્યુસાઈડ નોટમાં કલ્પેશ ઉર્ફે તલાટી અંબાલાલ પટેલ (એ/802, નેસ્ટ રેસીડન્સી, રોડ કોબા) મનિષ ઉર્ફે સ્પ્લેન્ડર સોમાભાઈ પટેલ, ક્રિશાલ અરવિંદભાઈ ઉર્ફે વિક્રમભાઈ પટેલ અને મહિપાલસિંહ રાઠોડના ત્રાસના લીધે અંતિમ પગલું ભરી પત્ની - હેલીને સંબોધીને મને તારા જ માણસોએ -મરવા માટે મજબૂર કર્યો છે એમને સજા અપાવજે એવો ઉલ્લેખ કર્યો હતો.

# ખડાણા ગામમાં માતા સામે ગંદી હરકતો કરતા માસીના દિકરાની પિતરાઈ ભાઈ દ્વારા જ હત્યા

## આરોપીએ ગુસ્સામાં આવી ગળાના ભાગે ચપ્પાના ઘા મારીને ગુપ્તાંગ કાપી નાખ્યું હતું

**આણંદ**

ખડાણા ગામે રામદેવપીર મંદિર વાળા ફળિયામાં રામાભાઈ મહીજીભાઈ પરમાર માતા સાથે રહે છે. ખંભાત તાલુકાના કાણીસા ગામે રહેતા તેઓના માસા-માસી અવસાન પામતા તેમનો દીકરો બાબુભાઈ એકલો રહેતો હતો, જેથી થોડાક વર્ષો પૂર્વે બાબુભાઈ પરમાર ખડાણા ગામે રામાભાઈના ઘરે રહેવા આવી ગયો હતો. જો કે છેલ્લા કેટલાક સમયથી તે વ્યસની થઈ ગયો હતો.

લગભગ વીસેક દિવસ અગાઉ બાબુભાઈ પરમાર રાત્રિના સુમારે રામાભાઈના ઘરની બહાર આવ્યો હતો અને ઘરની આગળના ભાગે ઊંઘી રહેલા તેમની માતાના ખાટલા પાસે આવી બીભત્સ ચેનચાળા કરતો હતો. જેથી તેણે બાબુભાઈને આવું નહીં કરવાનું અને ફરીથી આવું કરીશ તો મજા નહીં આવે તેમ કહી ઘર આગળ નહીં આવવા જણાવ્યું હતું. દરમિયાન સોમવારે વહેલી સવારના પાંચેક વાગ્યાની આસપાસ બાબુભાઈ ફરીથી રામાભાઈના ઘર આગળ આવી પહોંચ્યો હતો અને તેઓની માતા ખાટલામાં ઊંઘતા હતા ત્યારે બીભત્સ ચેનચાળા કરતો હતો. આ દ્રશ્ય રામાભાઈ પરમાર જોઈ જતા તેઓને ગુસ્સો આવતા તેણે ચપ્પુ લઈ આવી બાબુભાઈના ગળાના ભાગે ઉપરાછાપરી ઘા મારી તેનું ગુપ્તાંગ કાપી નાખતા ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. આણંદ એલસીબી પોલીસે રામાભાઈ મહીજીભાઈ પરમારની અટકાયત કરી તેને પેટલાદ ગ્રામ્ય પોલીસને સોંપ્યો હતો.

# કરોડોની લોન અપાવવાના નામે લાખો પડાવનારો ઓફિસ સંચાલક પકડાયો

**વડોદરા**

તાપી જિલ્લાના માલીવાડ ગામે રહેતા અને શેરમાર્કેટમાં ટ્રેડિંગનું કામ કરતા રાહુલ વાનખેડેને શેર માર્કેટમાં નુકસાન થતાં લોન મેળવવા માટે બેન્કોમાં સંપર્ક કરતા હતા.જે દરમિયાન નવસારીમાં રહેતા મિત્ર રાકેશ દેસાઈએ વડોદરાના મુજમહુડા વિસ્તારમાં સહયોગ ફાઈનાન્સ નામની ઓફિસ ધરાવતા રાજેશ અભયસિંહ ચાવડા અને તેમના ભાગીદાર નયનાબેન મનહરસિંહ મહિડા સાથે સંપર્ક કરાવ્યો હતો. યુવકે ફરિયાદમાં કહ્યું હતું કે,તા.૨-૭-૨૦૨૪ ના રોજ હું રાજેશભાઈની ઓફિસે ગયો હતો અને પાંચ કરોડની લોનની વાત કરી હતી.જે બદલ મેં તેમને અને મેં તેઓને ઓનલાઈન તેમજ રોકડ મળી કુલ રૂ.૯.૯૩ લાખ ચૂકવ્યા હતા.રાજેશે અમદાવાદના શિવકુમાર સાથે પરિચય કરાવ્યો હતો અને રોકડા ૫ કરોડ આપવાની વાત કરી હતી.પરંતુ મને રૂપિયા મળ્યા નહતા.જેથી રકમ પરત માગતા આરોપીઓએ ઝપાઝપી કરી ધમકી આપી હતી.

આ ગુનામાં લાંબા સમયથી ફરાર થયેલા આરોપીઓની શોધખોળ ચાલી રહી હતી.જે દરમિયાન ફરાર ઓફિસ સંચાલક રાજેશ ચાવડા વિશે ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળતાં વોચ રાખી ઝડપી પાડયો હતો.

# ગંભીરા બ્રિજ નજીક હોડી પલટી ગઈ નદીમાં પડી ગયેલા તમામનો બચાવ

## બ્રિજ તુટતાં લોકો હોડીમાં મુસાફરી કરવા મજબૂર બન્યા

**વડોદરા**

પાદરામાં મહીસાગર નદીમાં મુસાફરોથી ભરેલી એક હોડી પલટી જવાની ઘટના સામે આવી છે. હોડીમાં સવાર 8થી વધુ લોકો નદીના પાણીમાં ડૂબ્યા હતા, પરંતુ સમયસૂચકતા અને લોકોની મદદથી તમામનો સુરક્ષિત બચાવ થયો છે. ગંભીરા બ્રિજ તૂટી ગયા બાદ વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે લોકો જીવના જોખમે હોડીમાં મુસાફરી કરવા મજબૂર બન્યા છે, જે આજે (બીજી ફેબ્રુઆરી) મોટી દુર્ઘટનામાં પરિણમતા અટકી હતી. પાદરા તરફથી મુસાફરો હોડીમાં સવાર થઈને નદી માર્ગે ગંભીરા તરફ જઈ રહ્યા હતા. નદીના વહેણ અથવા સંતુલન બગડવાને કારણે હોડી અચાનક પાણીમાં પલટી ગઈ હતી. હોડી પલટતા જ તેમાં સવાર 8થી વધુ લોકો પાણીમાં ખાબક્યા હતા અને બચાવો-બચાવોની બૂમો પાડી હતી. નજીકમાં હાજર અન્ય નાવિકો અને સ્થાનિક તરવૈયાઓએ તુરંત મદદ કરીને તમામ લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

# મોડાસામાં મિલકતના વિવાદમાં મોટા ભાઈએ નાના ભાઈનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો

## પોલીસે આરોપીની ધરપકડ કરી, બંને વચ્ચે લાંબા સમયથી ઝઘડો ચાલતો હતો

**મોડાસા**

મોડાસાના મેઘરજ રોડ પુરુષોત્તમનગર સોસાયટી પારિવારિક ઝઘડાનો કરુણ અંત આવ્યો છે. પુરુષોત્તમનગર સોસાયટીમાં બે સગા ભાઈઓ વચ્ચે નોકરી અને મિલકત વિવાદ ચાલતો હતો. જેમાં ઉગ્ર બોલાચાલી થતાં મોટા ભાઈએ નાના ભાઈનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધો છે. મોડાસા ટાઉન પોલીસે આરોપીને ધરપકડ કરી હત્યા કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

બંને ભાઈઓ મેઘરજ વિસ્તારના પુરુષોત્તમનગર સોસાયટીમાં રહેતા હતા. જેમની વચ્ચે લાંબા સમયથી મિલકતના ભાગ અંગે વિવાદ ચાલી રહ્યો હતો. ઘટનાના દિવસે બંને ભાઈ વચ્ચે તણાતણી ઊભી થઈ હતી. જેમાં યોગેશ રાઠોડે ગુસ્સામાં આવીને ભાઈનું ગળું દબાવી દેતા રોહિત રાઠોડનું મોત થયું છે. સમગ્ર ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનને કરવામાં આવતા, પરિવારના સભ્યો અને પડોશીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. પંચનામું કરી ફોરેન્સિક ટીમની મદદ લેવાઈ હતી. જે બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મોટા ભાઈ યોગેશનું નામ ખૂલતાં તેની કડક રાહે પૂછપરછ કરવામાં આવી હતી જેમાં આરોપી યોગેશ પડી ભાંગ્યો હતો અને કબૂલાત કરી હતી કે તે ક્રોધમાં આવી ગયો હતો અને ગળું દબાવી દીધું હતું.

# માજી ધારાસભ્યની કંપનીના 1900 કરોડના બેનામી ગોટાળા પકડાયા

## સુરતમાં તપાસ દરમિયાન ડિજિટલ દસ્તાવેજો તેમજ અન્ય મહત્વપર્ણ કાગળો મળ્યા, સંપત્તિઓ અને રોકાણોની તપાસ શરૂ કરાઈ

**સુરત**

સુરત સહિત ગુજરાતના વેપારી અને બિલ્ડર વર્ગમાં ભારે ચર્ચાનો વિષય બનેલી ઈન્કમટ્કસની મેગાદરોડાની કાર્યવાહી એક અઠવાડિયાસુધી ચાલી હતી. આ રેડ શહેરની સૌથી મોટી રેડ હતી. ભાજપ છોડી કોંગ્રેસમાં ગયેલા ભૂતપૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાની કંપનીના 1900 કરોડના બેનામી ગોટાળા પકડાયા હતા. જોકે તપાસ દરમિયાન મળેલા ડિજિટલ દસ્તાવેજો તેમજ અન્ય મહત્વપર્ણ કાગળોના આધારે હવે વિભાગ દ્વારા એસેસમેન્ટ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

લક્ષ્મી ડાયમંડ ગ્રુપ સાથે સંકળાયેલા શેલ કંપનીઓ, જમીન વ્યવહારો, રીયલ એસ્ટેટ પ્રોજેક્ટસ અને મોટા નાણાકીય રોકાણો સંદર્ભે મળેલા દસ્તાવેજોનું મૂલ્ય કરોડો રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. પરંતુ આ તપાસે નવો વળાંક લીધો છે. વસંત ગજેરા દ્વારા જે વ્યક્તિ પાસે હવાલો કરાવ્યો હતો તે વ્યકિત પાસે સુરતના મુન્ના ઓલપાડીએ પણ હવાલો કરાવ્યો હોવાની વાત સામે આવી હતી. જેને લઈને લક્ષ્મી ડાયમંડની તપાસ પૂર્ણ થઈ પરંતુ મુન્ના ઓલપાડીને ત્યા મુંબઈની આયકર વિભાગની ટીમ દ્વારા દરોડા




પાડી લક્ષ્મી ડાયમંડ અને તેને સંલગ્ન કંપની પર સર્ચ કરી રહી છે.

દરોડાની કામગીરી દરમિયાન અત્યાર સુધીમાં સીલ કરાયેલા લોકરોની પણ તપાસ આગળ કરવામાં આવશે. હિસાબો અને ચેક રૂપિયાનું આવન-જાવન કરવા માટે વિશેષ ટીમ તૈનાત કરવામાં આવી છે. ભલે સ્થળ પર તપાસ પૂર્ણ થઈ હોય, પરંતુ ઈન્ટરનલ તપાસ અને નાણાકીય લેવડદેવડની ચકાસણી લાંબા સમય સુધી ચાલુ રહેશે તેવી શક્યતા. છે. તપાસ દરમિયાન વિભાગને કેટલાક મની લોન્ડરિંગ શંકાસ્પદ ટ્રાન્જેક્શન પણ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

સૂત્રો મુજબ, મુન્ના ઓલપાડી દ્વારા પણ એજન્ટ મારફતે હવાલા પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોવાની ચર્ચા છે. આ ઈનપુટ બાદ મુંબઈની ઈન્કમટેક્સ ટીમે અડાજણ વિસ્તારમાં આવેલ જુનોમોનેટા કોમ્પલેક્ષ ખાતે આવેલ મુન્ના ઓલપાડીની ઓફિસ-તેમજ રહેણાંક સ્થળોએ દરોડા પાડયા છે. વિભાગને વધુમાં એવી માહિતી મળી છે કે પાલ વિસ્તારમાં આશરે 2 હજાર કરોડ રૂપિયાની જમીન તેમજ પાલ ગૌરવપથ રોડ પર આવેલ એક ક્લબમાં તેણે તાજેતરમાં ભાગીદારી કરી છે. આ ઉપરાંત ડુમસ રોડ પર એસ કે ચોકડી પાસે બંધ પડેલા પ્રોજક્ટને પણ તેણે લઈ લીધો હોવાની વાત પણ સામે આવી છે. આ સંપત્તિઓ અને રોકાણોની તપાસ પણ હવે શરૂ કરવામાં આવી છે.

# સુરતમાં મિત્રોએ જ મિત્રને પતાવી દઈ લાશ જમીનમાં દાટી દીધી, મૃતદેહ શોધવા તજવીજ

## 3 વર્ષ પહેલા નશાની હાલતમાં બેઠેલા મિત્રો વચ્ચે થયેલી બોલાચાલી હિંસામાં ફેરવાઈ

**સુરત**

ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે "પાપ છાપરે ચડીનેય પોકારે છે" અને આ કહેવતને સુરતના એક બનાવે સાર્થક કરી બતાવી છે. સુરતના પુણા વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલાં થયેલી એક સનસનીખેજ હત્યાનો મામલો સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટના અંદાજે ત્રણ વર્ષ પહેલાની છે, જ્યારે પુણા કેનાલ રોડ પર આવેલી એક ખુલ્લી જગ્યામાં ચાર સગીર મિત્ર નશાની હાલતમાં બેઠા હતા. આ દરમિયાન નજીવી બાબતે થયેલી બોલાચાલી હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. આરોપ છે કે ત્રણ સગીરોએ ભેગા મળીને તેમના ચોથા મિત્ર પર ભારે પદાર્થ વડે હુમલો કરી તેની નિર્મમ હત્યા કરી નાખી હતી. પાપ છુપાવવા માટે આરોપીએ તે જ રાત્રે અંધારામાં ખાડો ખોદીને લાશને ત્યાં જ દાટી દીધી હતી અને ત્યાર બાદ ત્રણેય અલગ થઈ ગયા હતા. વર્ષો સુધી આ રહસ્ય અકબંધ રહ્યું, પરંતુ તાજેતરમાં આરોપી વચ્ચે થયેલા આંતરિક ઝઘડાએ આ ગુનાનો પર્દાફાશ કર્યો હતો. આરોપીઓ પૈકીના એક સગીરે વિવાદ થતા મૃતકના ભાઈ પાસે જઈને સમગ્ર સત્ય ઓકી નાખ્યું હતું. તેણે જણાવ્યું કે તેનો ભાઈ લાપતા નથી થયો, પણ તેની હત્યા કરીને પુણા વિસ્તારમાં દાટી દેવામાં આવ્યો છે. આ સાંભળી ચોંકી ઉઠેલા ભાઈએ તાત્કાલિક પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કેન્દ્રમાં જલશક્તિ મંત્રાલયના નવસારીમાં જળ સંકટ : ચાવડાનો પાટીલ ઉપર પ્રહાર

**નવસારી**

ગુજરાતમાં કોંગ્રેસને ફરી બેઠી કરવા જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દક્ષિણ ગુજરાતના નવસારીમાં પહોંચી હતી. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ નવસારીના સાંસદ અને દેશના જલમંત્રી સી આર પાટીલ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું, કેન્દ્ર સરકારના જલ શક્તિ મંત્રીના વિસ્તારમાં જ પીવાનું પાણી નથી મળી રહ્યું.

અમિત ચાવડાએ કહ્યું, નવસારી શહેર અને આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાંથી લોકોએ જોડાઈને પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. એક તરફ વિકાસની વાતો કરે છે. આ નવસારીના સાંસદ દેશના જલમંત્રી છે, પણ શહેરમાં પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા છે. મહિલાઓ વોર્ડે વોર્ડે પીવાના પાણીના કકળાટથી ત્રસ્ત થઈ રહી છે. ચારે તરફ વિકાસના નામે લોકોના ઘર તોડવા માટે નોટિસ આપવામાં આવી રહી છે. સરકાર કોઈને પાકા મકાન કે ઘરનું ઘર તો નથી આપતી પણ વર્ષોથી બાપ-દાદાએ બનાવેલા મકાન તોડવામાં આવી રહ્યા છે. નવસારી શહેરમાં ફ્લાવર શોના નામે કરોડો રૂપિયા ખર્ચાય છે પણ અહીંના રસ્તા સારા નથી બનતાં.

# સુરતમાં રાજસ્થાનની યુવતીને 20 દિવસ ગોંધી રાખી સામુહિક દુષ્કર્મ

## નશીલા ઈન્જેક્શન આપી કુકર્મ કરતા બેની ધરપકડ કરાઈ

**સુરત**

સુરતથી સામૂહિક દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે શખસોએ રાજસ્થાનના કોટાની 21 વર્ષીય યુવતીને સોશિયલ મીડિયા પર પ્રેમજાળમાં ફસાવીને સુરત બોલાવી 20 દિવસ સુધી બંધક બનાવી લીધા બાદ નશીલા ઈન્જેક્શન આપી વારંવાર તેના પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. રાંદેર પોલીસે બંને આરોપી 21 વર્ષીય અમન ઉર્ફે સાગર અજય વર્મા અને 28 વર્ષીય મહંમદ તોહીદુલ ઉર્ફે તુષારને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

મળતી માહિતી અનુસાર, પીડિત યુવતી 25મી ડિસેમ્બરના રોજ સોશિયલ મીડિયાના માધ્યમથી સુરતના અમન વર્માના સંપર્કમાં આવી હતી. આ ઉપરાંત અમનનો મિત્ર મહંમદ તોહીદુલ પણ આ ખેલમાં સામેલ હતો. તોહીદુલે પોતાની અસલી ઓળખ છુપાવી પીડિતાને પોતે હિન્દુ હોવાનું જણાવ્યું હતું અને પોતાનું નામ 'રોહિત ઉર્ફે તુષાર' હોવાની ખોટી ઓળખ આપી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો.

# અમિત પટેલને મહામંત્રી બનાવવાના વિરોધમાં તાપીના 41 કાર્યકરો મેદાને, પ્રદેશ પ્રમુખને ફરિયાદ

## પક્ષ વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલા વ્યક્તિને પ્રમોશન આપવું નુકસાનકારક : કાર્યકરો

**તાપી**

ભારતીય જનતા પાર્ટીમાં ફરી એકવાર જૂથવાદ અને આંતરિક ખેંચતાણ સપાટી પર આવી છે. તાપી જિલ્લા ભાજપ આદિજાતિ મોરચાના પ્રમુખ અમિત પટેલ સામે પક્ષના જ 41 જેટલા હોદેદારો અને સનિષ્ઠ કાર્યકરોએ બાયો ચઢાવી છે. આ મામલે પ્રદેશ ભાજપ સંગઠન સુધી લેખિત રજૂઆત કરી અમિત પટેલ સામે કડક પગલાં લેવાની માંગ ઉઠતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક રાજકારણમાં ચર્ચા છે કે અમિત પટેલને જિલ્લા ભાજપના 'મહામંત્રી' જેવું મહત્ત્વનું પદ સોંપવામાં આવી શકે છે. આ ચર્ચાઓ વચ્ચે અમિત પટેલ પોતે પણ પદ નિશ્ચિત હોવાનો દાવો કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. જો કે, કાર્યકરોનો સ્પષ્ટ મત છે કે પક્ષ વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલા વ્યક્તિને પ્રમોશન આપવું એ સંગઠન માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

પ્રદેશ નેતૃત્વને મોકલાયેલા પત્રમાં અમિત પટેલ સામે ગંભીર આરોપોની યાદી સોંપવામાં આવી છે. તેમના પર નાના કાર્યકરો અને હોદેદારો સાથે અવારનવાર ગેરવર્તણૂક કરવાનો આક્ષેપ કરાયો છે. આ સાથે ઓક્ટોબર 2025માં વાલોડ તાલુકા લઘુમતી મોરચાના પ્રમુખ સલિમ મુલતાનીને ફોન પર 'ખોટા એટ્રોસીટી કેસમાં ફસાવી દેવાની' ધમકી આપ્યાનો પત્રમાં ઉલ્લેખ છે. આ મામલે અગાઉ પોલીસ ફરિયાદ પણ નોંધાઈ ચુકી છે.

# ભરૂચના ગોલ્ડન બ્રિજ પાસે સેલ્ફી લેતા બહેનનો પગ લપસ્યો, બચાવવા ગયેલા ભાઈનું પણ મોત

## જવાનોએ બોટ અને ડ્રાઈવરોની મદદથી કલાકો સુધી નદીમાં શોધખોળ થઈ

**ભરૂચ**

ભરૂચ નર્મદા નદીના કિનારે ફોટા પાડતી વખતે પગ લપસી જવાથી નદીમાં ખાબકેલી બહેનને બચાવવા માટે સગા ભાઈએ જીવના જોખમે પાણીમાં ઝંપલાવ્યું હતું.

સુરતના પુણાગામ વિસ્તારમાં રહેતા ભાઈ-બહેન નયન અને કિરણ રવિવારની રજા માણવા ભરૂચ આવ્યા હતા. તે જ્યારે ગોલ્ડન બ્રિજ પરથી નદીના દ્રશ્યો નિહાળી રહ્યા હતા અને ફોટા પાડી રહ્યા હતા, ત્યારે અચાનક



કિરણનો પગ લપસતા તે સીધી નદીમાં પડી હતી.

બહેનને પાણીમાં ડૂબતી જોઈ ભાઈ નયન ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેને બચાવવા માટે નદીમાં કૂદી પડ્યો હતો. કિનારા પર હાજર સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ કરી કિરણને હેમખેમ બહાર કાઢી લીધી હતી. પરંતુ, નયન નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ ભરૂચ અને અંકલેશ્વર ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરના જવાનોએ બોટ અને ડાઈવર્સની મદદથી કલાકો સુધી નદીના પટમાં શોધખોળ આદરી હતી. લાંબી જહેમત બાદ નયનનો દેહ મળી આવતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

# સુરત માટે 5000 કરોડની ફાળવણી સ્માર્ટ સિટીની યોજનાને બુસ્ટ મળશે

## સાત શહેરોમાં ગુજરાતમાંથી એક માત્ર સુરતનો સમાવેશ

**સુરત**

કેન્દ્રીય નાણામંત્રીએ સિટી ઈકોનોમિક રિજન્સની યોજના હેઠળ ફંડની બજેટમાં જાહેરાત કરી છે. આ યોજના અંતર્ગત ટાયર 2 અને ટાયર 3 શહેરો તેમજ ટેમ્પલ ટાઉનને આર્થિક વૃદ્ધિના કેન્દ્રો બનાવવાનું આયોજન છે. તેનો બીજો હેતુ મેટ્રો શહેરો જેમ કે મુંબઈ અને દિલ્હી પરના દબાણને ઘટાડીને દેશમાં સમાન વિકાસ કરવાનો પણ છે. CER એટલે સિટી ઈકોનોમિક રિજન્સ. ગુજરાતમાંથી સુરત, યુપીનું વારાણસી, આંધ્રપ્રદેશમાંથી વિશાખાપટ્ટનમ, મહારાષ્ટ્રમાંથી પૂણે, કર્ણાટકમાંથી બેંગ્લોર, ઓડિશામાંથી ભુવનેશ્વર-પુરી-કટક ત્રણ શહેરોની એક ટ્રાઈ સિટી તેમજ તમિલનાડુમાંથી કોમ્બતુર-ઈરોડ-તિરુપરની પસંદગી કરવામાં આવી છે. આ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં કુલ 35000 કરોડનું ફંડ ફાળવવામાં આવશે. પ્રત્યેક સિટીને 5000 કરોડનું ફંડ આપવામાં આવશે. 2026-27માં શરૂઆતી રકમ તરીકે આ યોજના અને અન્ય સંબંધિત પ્રોજેક્ટ્સ માટે 2000 કરોડની રકમ ફાળવવામાં આવી છે.

# નડિયાદ શહેરમાં ગૌવંશના અવશેષો મળતા હિન્દુ સંગઠનો અને કાઉન્સિલર વચ્ચે તકરાર

## છાંટીયાવાડ વિસ્તારમાંથી ગૌવંશનું કપાયેલું ધડ અને પગ મળ્યાં

**નડિયાદ**

નડિયાદ શહેરના છાંટીયાવાડ વિસ્તારમાં ગૌવંશનું કપાયેલું ધડ અને પગ મળી આવતા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાને પગલે હિન્દુ સંગઠનો અને સ્થાનિક કાઉન્સિલર વચ્ચે જાહેરમાં ઉગ્ર બોલાચાલી થતા વાતાવરણ વધુ તંગ બન્યું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

નડિયાદના છાંટીયાવાડની લીમડી વિસ્તારમાં ગૌવંશના અવશેષો મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ હિન્દુ સંગઠનોના કાર્યકરો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. ગૌવંશના કપાયેલા અંગો જોઈને લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને ધામક લાગણી દુભાતા તંગદિલી સર્જાઈ હતી. હિન્દુ ધર્મ સેનાના રાજનભાઈ ત્રિપાઠીએ આ અંગે તીવ્ર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ગૌવંશના અંગો મળવા એ ખૂબ જ ગંભીર બાબત છે. પ્રાથમિક તપાસમાં કૂતરો આ અંગોને ખેંચીને લાવતો દેખાય છે, પરંતુ કોઈ અજાણ્યા તત્વોએ ગૌવંશની હત્યા કરીને પુરાવાનો નાશ કરવા ફેંકી દીધા હોવાની પૂરી આશંકા છે. સીસીટીવી ફૂટેજનો હવાલો આપીને જણાવ્યું હતું કે, કૂતરો અંગ ખેંચીને લાવ્યો છે ત્યારે આ વાતને ખોટો વળાંક આપવાની જરૂર નથી. આ નિવેદનથી ઉશ્કેરાયેલા રાજનભાઈએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, આ વિષય હિન્દુત્વનો છે અને પોલીસ તપાસનો છે, તમારે આમાં પડવાની જરૂર નથી, તમે તમારું કામ કરો. જેના જવાબમાં પરાગભાઈએ પણ કહ્યું હતું કે, અમે અમારું કામ કરીએ જ છીએ, શું અમે તમને ફોન કર્યો હતો? આ વિવાદને પગલે વાતાવરણ વધુ ગરમાયું હતું. નડિયાદ ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી તપાસ હાથ ધરી છે. હિન્દુ સંગઠનોએ રાત્રિ પેટ્રોલિંગ વધારવાની અને દોષિતોને તાત્કાલિક પકડવાની માંગ કરી છે.

# ડાકોરમાં આશ્રમ ચલાવતા મહંત સામે યુવતીના શોષણનો ગંભીર આક્ષેપ

**ડાકોર**

ડાકોરના પ્રખ્યાત ભરતભુવન આશ્રમના મહંત કરણબાપુ પર એક યુવતીના પિતાએ સગીરા જેવી દીકરીનું શોષણ કરવાનો અને અન્ય શિષ્યો પાસે પણ મોકલવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે. આ મામલે મોરબીમાં રહેતા યુવતીના પિતાએ મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી ન્યાયની માંગ કરી છે. પિતાના આક્ષેપ અનુસાર, મહંત કરણબાપુએ તેમની દીકરીનું છેલ્લા ત્રણ વર્ષથી સતત શોષણ કર્યું હતું. આટલું જ નહીં, મહંતે મર્યાદા ઓળંગીને યુવતીને પોતાના અન્ય શિષ્યો સાથે શોષણ કરવા માટે પણ મોકલી હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. આ હકીકત સામે આવતા પિતાએ કાયદાકીય લડત શરૂ કરી છે. ધાર્મિક નગરી ડાકોરમાં આશ્રમ ચલાવતા મહંત સામે આવા ગંભીર આક્ષેપોને કારણે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# 1800 ખેડૂતોના રૂ.12 કરોડ અટવાયા સરદાર સુગર ફેક્ટરી અન્યાયનું કેન્દ્ર

## સરકાર પૈસા નહીં ચૂકવે તો ઉગ્ર આંદોલન છેડાશે

**છોટાઉદેપુર**



બોડેલી તાલુકાના લઢોદ ખાતે આવેલી સરદાર સુગર ફેક્ટરી હાલ વિવાદોના વમળમાં ફસાઈ છે. જે ફેક્ટરી એક સમયે શેરડી પકવતા હજારો ખેડૂતો માટે આશીર્વાદરૂપ હતી, તે આજે તેમના સંઘર્ષ અને લાચારીનું પ્રતીક બની ગઈ છે. છેલ્લા ઘણાં વર્ષોથી પોતાના હક્કના 12 કરોડ રૂપિયા મેળવવા માટે 1800 જેટલા સભાસદ ખેડૂતો અને અનેક કામદારો ફેક્ટરીના દરવાજે દેખાવો કરી રહ્યા છે.

જોકે, રાજકીય હસ્તક્ષેપ અને વહીવટી ખામીઓને કારણે ફેક્ટરી દેવામાં ડૂબી ગઈ અને વર્ષ 2008માં તેને તાળાં લાગી ગયા. બેન્કે પોતાના લેણાં વસૂલવા માટે ફેક્ટરીનો કબજો લઈ તેને એક ખાનગી વ્યક્તિને વેચી દીધી હતી. સરકારની શરત હતી કે નવી માલિકી ફેક્ટરી ફરી શરૂ કરશે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી. ખેડૂતોનો આક્ષેપ છે કે ફેક્ટરી શરૂ કરવાને બદલે ખાનગી માલિકે જમીન અને કિંમતી મશીનરી વેચવાનું શરૂ કરી દીધું છે. ખેડૂતોએ પીએમ નરેન્દ્ર મોદી સહિત ત્રણ મુખ્યમંત્રીઓ અને સ્થાનિક ધારાસભ્યોને વારંવાર રજૂઆતો કરી છે, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું છે. માત્ર ખેડૂતો જ નહીં, પરંતુ ફેક્ટરીમાં પરસેવો પાડનારા કામદારોના પણ પગાર અને બાકી લેણાં ચૂકવવામાં આવ્યા નથી. ખેડૂતોનું કહેવું છે કે, અમે લોહી-પરસેવો પાડીને શેરડી પકવી હતી. આજે 12 કરોડ રૂપિયા જેવી માતબર રકમ અટવાયેલી છે. જો સરકાર વ્યાજ સહિત અમારા પૈસા નહીં ચૂકવે, તો અમે ઉગ્ર આંદોલન કરવા મજબૂર થઈશું.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં ફિલ્મી ઢબે કરોડોની 140 કિલો ચાંદી લઈ તસ્કરો ફરાર

## તસ્કરોએ અગાઉ આ વિસ્તારની રેકી કરી હોવાની પ્રબળ આશંકા, વધતા ભાવને લીધે તસ્કરોએ ચાંદીની કિમતી ધાતુને નિશાન બનાવી

**રાજકોટ**

એકતરફ સોના અને ચાંદીના ભાવ આકાશે આંબી ગયા છે ત્યારે રાજકોટમાંથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટના સામા કાંઠે આવેલા પેડક રોડ પરના રણછોડનગર શેરી નંબર-૧ (ચંપકનગર-૧) માં આવેલા એક રહેણાંક મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદાજે ૧૨૦ થી ૧૪૦ કિલો ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાના બનાવથી ખળભળાટ મચી જવા પામી છે. ચાંદીના વધતા ભાવો વચ્ચે થયેલી આ કરોડોની ચોરીને પગલે સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી અતુલભાઈ પટેલે પોતાનો અંદાજે ૧ કરોડથી વધુની કિંમતનો ચાંદીનો જથ્થો પરિચિત બિપિનભાઈ પટેલના ઘરે રાખ્યો હતો. ગત રાત્રે આશરે ૨:૦૦ થી ૨:૩૦ વાગ્યાની આસપાસ એક કારમાં આવેલા ત્રણ જેટલા તસ્કરોએ ફિલ્મી ઢબે આ ચોરીને



અંજામ આપ્યો હતો. તસ્કરોએ અગાઉ આ વિસ્તારની રેકી કરી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. સવારે જ્યારે વેપારીને ઘરનો સામાન વેરવિખેર જોવા મળ્યો, ત્યારે તેમણે તાત્કાલિક ધારાસભ્ય ઉદય કાનગડને જાણ કરી હતી, જેમના હસ્તક્ષેપ બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા રાજકોટ પોલીસના ઇન્ચાર્જ સીપી મહેન્દ્ર બગડીયા, ક્રાઇમ ડીસીપી, ઝોન-૧ ડીસીપી હેતલ પટેલ સહિત ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી અને બી-ડિવિઝન પોલીસની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસમાં પોલીસને ઘટનાસ્થળ નજીકના CCTV ફૂટેજ હાથ લાગ્યા છે, જેમાં તસ્કરો કારમાં ચાંદી ભરીને ફરાર થતા દેખાય છે. પોલીસે આ મામલે કોઈ જાણભેદુ સામેલ હોવાની શંકાના આધારે ઘરના ઉપરના માળે રહેતા પરિવારની પણ પૂછપરછ શરૂ કરી છે.

હાલમાં સોના-ચાંદીના ભાવ આસમાને હોવાથી તસ્કરોએ જાણીજોઈને કિંમતી ધાતુને નિશાન બનાવી હોવાની સર્વત્ર ચર્ચા થઈ રહી છે. ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે, અલગ-અલગ ટીમો બનાવીને તસ્કરોનું પગેરું દબાવવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી લેવામાં આવશે. રાજકોટના ઈતિહાસમાં રહેણાંક વિસ્તારમાં થયેલી આ અત્યાર સુધીની સૌથી મોટી ચાંદીની ચોરી માનવામાં આવી રહી છે.

# મુંદ્રામાં અદાણી પોર્ટથી ૨૫,૭૬૨ કારોની વિદેશમાં નિકાસ કરાઈ

## 5701 કારના કાર્ગોને હેન્ડલ કરી રેકોર્ડ સ્થાપિત કર્યો

**ભુજ**

મુંદ્રા ખાતેના અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન લિમિટેડે ઓટોમોબાઇલ નિકાસ ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે અને રોરો ટર્મિનલએ જાન્યુઆરી ૨૦૨૬માં ૨૫,૭૬૨ જેટલી મોટરકારની નિકાસ કરીને માસિક સર્વાધિક રેકોર્ડ નોંધાવ્યો હતો. આ ઉપરાંત, એક જ જહાજમાં ૫,૭૦૧ કારના કાર્ગોને હેન્ડલ કરીને પણ નવો રેકોર્ડ સ્થાપિત કરીને નવેમ્બર ૨૦૨૫માં થયેલા ૫,૬૨૨ કારના કાર્ગોના હેન્ડલિંગના અગાઉના બેન્ચમાર્કને પણ પાર કરી દીધો હતો. ટર્મિનલ પરના આ ઓપરેશન દરમિયાન સુરક્ષા,સલામતી અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખીને યાર્ડથી જહાજ સુધી કારના બેચનું સરળ પરિવહન કરવામાં આવ્યું હતું. ભારતમાં ઉત્પાદિત થઈ રહેલી મોટરકારો સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, બેલ્જીયમ, ફ્રાન્સ, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, જાપાન, મોરેશિયસ સહિત વિવિધ આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચી છે.

# જૂનાગઢમાં મુસ્લિમ યુવકને પ્રેમ પ્રકરણને લીધે દરગાહમાં રહેંસી નંખાયો, મિત્રને પણ ઈજા

## બે પરિવાર વચ્ચે માથાકૂટ ચાલતી હતી, અગાઉ ધમકી મળતાં યુવકે ફિનાઇલ પીધું હતું

**જૂનાગઢ**

વંથલીમાં વાલીઝાંપા વિસ્તારમાં રહેતા મુસાભાઈ અબ્દલભાઈ સોઢાના પુત્ર તાજીમ (ઉ.વ.૩૪)ને એક યુવતી સાથે પ્રેમ સબંધ હતો. આ બાબતે બંનેના પરિવાર વચ્ચે પાંચ-છ માસથી માથાકૂટ ચાલતી હતી. અગાઉ પ્રેમિકાના પિતાએ તાજીમને મારી નાખવાની ધમકી આપી હતી. આથી ડરી ગયેલા તાજીમે ફિનાઈલ પી લીધુ હતું. તે વખતે તાજીમે વંથલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ કરી હતી. આ માથાકૂટના કારણે મુસાભાઈએ પોતાની જૂનાગઢ રહેતી પુત્રી પાસે તાજીમને રહેવા મોકલી દીધો હતો.

છેલ્લા ત્રણેક માસથી તાજીમ ફરી વંથલી પિતા સાથે રહેવા આવી ગયો હતો. ગત રાત્રીના તાજીમ તથા તેના મિત્ર શકીલ સહિતનાઓ ભલાયશા પીરની દરગાહમાં બેઠા હતા ત્યારે મિત્ર ઈમરાન જેઠવાએ તાજીમના પિતા મુસાભાઈ સોઢાને ફોન કરી વાત કરતા મુસાભાઈ તથા તેનો નાનો પુત્ર રહીશ દરગાહ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ચારેય શખ્સો હથિયારો સાથે ભાગતા જોવા મળ્યા હતા અને તાજીમ ત્યાં પડયો હતો. ઈજાગ્રસ્ત તાજીમને સારવાર માટે વંથલી સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં ફરજ પરના તબીબે તાજીમને તપાસી મૃત જાહેર કર્યો હતો. શકીલને ડાબા હાથમાં ઈજા હોવાથી પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડાયો હતો.

# ગિરનારની તળેટીમાં ધિંગાણું : ત્રિશૂળ અને ચીપિયા સાથે અજાણ્યા સાધુઓનો હુમલો

**જૂનાગઢ**

થોડા જ દિવસમાં જૂનાગઢમાં ભવનાથમાં શિવરાત્રીના મેળાનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે, ત્યારે ભવનાથ વિસ્તારમાં આશ્રમની જગ્યા બાબતે સાધુઓ વચ્ચે હિંસક ઝપાઝપી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભવનાથ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, તેની વિગતો મુજબ, ભારત આશ્રમ પાસે આવેલી બાલક સાહેબની જગ્યામાં રહેતા ગુલાબદાસ પઢીયાર અને અજાણ્યા સાધુઓ વચ્ચે વિવાદ વકરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો.



પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ફરિયાદી પોતાની માલિકીની ખુલ્લી જગ્યામાં અન્નક્ષેત્ર અને સંતવાણીનો કાર્યક્રમ યોજવા માંગતા હતા. આ માટે જ્યારે તેઓ પરિવારના સભ્યો અને સેવક વિનોદભાઈ સાથે જગ્યાની સાફ-સફાઈ કરવા ગયા, ત્યારે ત્યાં ધૂણો ધખાવીને બેઠેલા અજાણ્યા સાધુઓએ રસ્તો રોકી તેમની સાથે માથાકૂટ શરૂ કરી હતી. સાધુઓએ ગાળાગાળી કરી ગુલાબદાસનો કોલર પકડી ઝાપટો મારી હતી, તેમજ વચ્ચે છોડાવવા પડેલા તેમના ભાઈ ભગવાનદાસ સાથે પણ મારપીટ કરી હતી. આ ઝઘડા બાદ સાધુઓ ટોળું વળીને ફરિયાદીના ઘરે પહોંચ્યા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સાધુઓના હાથમાં ચીપિયો અને ત્રિશૂળ જેવા હથિયારો હતા અને તેમણે પરિવારના સભ્યોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

# ભાવનગરમાં કોળી સમાજની સભા યોજાઈ બે PI અને 1 Dy SPને સસ્પેન્ડ કરવા માગ

## ત્રણેય પોલીસ અધિકારીઓનો વરઘોડો કાઢવા રજૂઆત

**ભાવનગર**

જિલ્લાના બગદાણામાં રહેતા નવનીત બાલધિયા ઉપર થયેલા જીવલેણ હુમલાના બના અંગે અને ભાવનગરમાં યોજાયેલ કોળી ઠાકોર સમાજની જાહેર સભામાં ભાવનગર પોલીસ બેડાના ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરી, સરકાર તેમનો વરઘોડો કાઢે તેવી માંગણી કરવામાં આવી છે. ફરિયાદીની જેમ અન્ય પિડીતોને પણ ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં બગદાણા ખાતે સમગ્ર દેશમાં વસતો કોળી સમાજ એક થશે અને સંમેલન કરશે તેવી પણ જાહેરાત કરાઈ હતી.

કુંભારવાડામાં યોજાયેલી ન્યાય સભામાં આરોપીઓને છાવરનારા ત્રણેય પોલીસ અધિકારીઓનો વરઘોડો કાઢવા માંગણી કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લાના બગદાણાના પૂર્વ સરપંચ નવનીતભાઈ બાલધિયા ઉપર જયરાજ આહિરના કહેવાથી આઠેક શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. તે દિવસથી બગદાણાનો કેસ રાજ્યભરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. નવનીતભાઈ બાલધિયા પર જયરાજ આહિરના કહેવાથી જીવલેણ હુમલો કર્યો હતો.

# સુરેન્દ્રનગર સબ જેલમાં કેદી વચ્ચે હિંસક અથડામણ, 3 કેદીઓ લોહીલુહાણ થયા

## નવી સિવિલ હોસ્પિટલ પોલીસ છાવણીમાં ફેરવાઈ

**સુરેન્દ્રનગર**

કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત અમલના દાવાઓ વચ્ચે સુરેન્દ્રનગરની સબ જેલ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. જેલની અંદર કેદીઓના બે જૂથો સામસામે આવી જતાં થયેલી હિંસક અથડામણમાં ત્રણ કેદીઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે જેલ પ્રશાસન અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

જેલમાં થયેલી આ જૂથ અથડામણમાં યાકુબ પઠાણ, અજીત મકવાણા અને ચેતનસિંહ નામના કેદીઓને શરીરના ભાગે ઇજાઓ પહોંચતા તાત્કાલિક સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઇજાગ્રસ્ત આરોપીઓ રીઢા અને ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાથી, હોસ્પિટલ પરિસરમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પી.આઈ. સહિતનો મોટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. હાલ સિવિલ હોસ્પિટલ જાણે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

# મોટા લીલીયા ગામે શ્વાનોએ 6 લોકો અને 8 પશુને બચકા ભર્યા

**અમરેલી**

અમરેલી જિલ્લાના મોટા લીલીયા ગામે શ્વાને ભયનો માહોલ ઊભો કર્યો છે. એક બાળક સહિત 6 વ્યક્તિઓને બચકાં ભરી લેતા ઇજાગ્રસ્તો લીલીયા સિવિલમાં સારવાર અને રસી લેવા માટે મજબૂર બન્યા છે. મોટાલીલીયાના મફત પ્લોટ અને સાંઇનાથ પ્લોટ વિસ્તારમાં રખડતાં શ્વાન હાલ આતંક મચાવી રહ્યા છે. 6 લોકો ઉપરાંત 2 વાછરડી, 5 ગાયો, 1 પાડી સહિત 8 પશુઓને પણ શ્વાન કરડી ગયું છે. અતિશય ત્રાસ હોવા છતાં હજુ પણ તંત્ર દ્વારા શ્વાન પકડવાની તસ્દી લેવાઈ નથી.

# જાળીલા ગામે 8 શ્વાનોએ 40 ઘેટાંને ફાડી ખાધા, માલધારીઓમાં આક્રોશ

## કોઈ શિકારી પશુઓએ મારણ કર્યું હોવાની શક્યતા

**બોટાદ**

બોટાદના રાણપુર તાલુકાના જાળીલા ગામે રખડતાં શ્વાનોએ વાડામાં પૂરેલા ઘેટાંના ટોળાં પર ઘાતકી હુમલો કર્યો હતો. 7 થી 8 જેટલા શ્વાનો એક સાથે પશુપાલકના વાડામાં ઘૂસી ગયા હતા અને 40 જેટલા ઘેટાંનો શિકાર કર્યો હતો.

રાણપુરના પશુ ચિકિત્સા અધિકારી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્યાં તેમણે જોયું કે 'વાડામાં અંદાજે 41 જેટલા ઘેટાંના ડેડબોડી હાલતમાં હતા, જેમાં ગળાના ભાગે,પગના ભાગે અને થાપાના ભાગે શિકારી પશુઓએ હુમલો કર્યો હોય તેવું લાગતું હતું. અન્ય 6-7 ઘેટાં જીવિત હાલતમાં ઘવાયેલા હતા. જેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. મૃત પશુમાંથી બેનું પોસ્ટમોર્ટમ કરાયું છે. સ્થિતિને જોતાં લાગી રહ્યું છે કે કોઈ ચેપી રોગના કારણે ઘેટાંનું મોત થયું નથી પણ શિકારી પશુઓએ મારણ કર્યું હોય તેવું લાગી રહ્યું છે, આગળની તપાસ ચાલુ છે'



## અભિનેતા રાજપાલ યાદવે તિહાડ જેલમાં સરન્ડર કર્યું

**મુંબઈ :** દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સ કેસમાં આદેશ આપ્યા બાદ અભિનેતા રાજપાય યાદવે 5 ફેબ્રુઆરીએ તિહાર જેલમાં અધિકારીઓ સમક્ષ સરન્ડર કરી દીધું છે. હાઈકોર્ટે રાજપાલ યાદવને સરન્ડર કરવા માટે સમયસીમા વધારવાનો ઈનકાર કરી દીધો છે. મીડિયા રિપોર્ટમાં જેલ સૂત્રોને ટાંકીને કહેવાયું છે કે, રાજપાલ યાદવે આજે સાંજે 4.00 કલાકે સરન્ડર કરી દીધું છે. હવે જેલ અધિકારીઓ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરશે. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની બેન્ચે ગઈકાલે નિર્દેશ આપ્યો હતો કે, અભિનેતાએ 4 ફેબ્રુઆરીએ જેલ સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે. જોકે રાજપાલ હાજર થયો ન હતો.

# સ્વદેશ

09 FRIDAY, 06 FEBRUARY 2026

# મને કોઈ બાળકો માટેની ફિલ્મની ઓફર કેમ આપતું નથી?



**મુંબઈ :** આજના જમાનામાં લગભગ દરેક બાળક કશું સમજતું થાય એ પહેલાં સ્માર્ટફોનની સ્ક્રીન પર આંગળી વડે દ્રશ્યો બદલતું થઈ જાય છે. અબુધ મા-બાપો બાળકો કશું સમજવાની સ્થિતિમાં આવે તે પહેલાં જ તેમને સ્માર્ટ ફોન પર કાર્ટૂન અને જાતજાતની વ્યસની ગેમના રવાડે ચડાવી દે છે. ભવિષ્યમાં આ પેઢી શું કરશે તે મોટો સવાલ છે. વિદ્યા બાલન તેથી જ આજકાલના બચ્ચાંઓને ગેજેટ્સમાં ડૂબેલાં જોઈને ડિસ્ટર્બ થઈ જાય છે. હાલ બાળ સુરક્ષાનાં કામોમાં ઉલટથી ભાગ લેતી વિદ્યા બાલન પોતાના બાળપણની વાત કરી હતી.

વિદ્યાએ પોતાના બાળપણ વિશે કરતા જણાવ્યું હતું કે, 'હું મુંબઈના ચેમ્બુર ઈલાકામાં જન્મી અને ઉછરી છું. અમે રોજ સાંજે અમારા બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં અમારા મિત્રો સાથે રમવા માટે ભેગાં થતાં હતાં. અમારા વિસ્તારમાં અમે બધાં એકદમ સુરક્ષિત હતા. અમે છોકરીઓ હોવા છતાં સ્ટ્રીટ પર રખડવા જઈ શકતી. દરેક જણ બધાને ઓળખતાં હોય એટલે તેઓ અમને ગમે ત્યાંથી શોધી કાઢતાં. આજે બાળકોને જ્યારે ગેજેટ્સમાં મોં નાંખીને બેઠેલાં જોઉ છું ત્યારે મારું મન ઉદાસ થઈ જાય છે. દોડવા કૂદવાની ઉંમરે આ બાળકો સ્ક્રીન પર ચોંટી જાય છે, અને પોતાની આંખોનું નુકશાન કરે છે. તેમની આંખો તો ખરાબ થાય જ છે, પણ શારીરિક પ્રવૃત્તિના અભાવે તેમનો યોગ્ય રીતે શારીરિક વિકાસ થતો પણ અટકી જાય છે. વળી આજનાં માબાપ પણ તેમનાં સંતાનો મેદાનમાં રમવા જાય તો ચોવીસે કલાક તેમની આસપાસ ઘુમરાયા કરે છે અને તેમને મુક્ત મને રમવા દેતાં જ નથી. બાળકોનું વધારે પડતું ધ્યાન રાખવું એ પણ એક સમસ્યા છે.'

બાળપણમાં પોતાને મળેલી સ્વતંત્રતાની વાત કરતાં વિદ્યા કહે છે, 'ઈશ્વરનો આભાર કે અમને આનંદભર્યું સલામત બાળપણ મળ્યું. તમે જેમ મોટાં થાવ તેમ તમને આ વાત વધારે સમજાતી જાય છે. આજકાલ આપણી ચારે તરફ જે કંઈ થઈ રહ્યું છે તે ચિંતાપ્રેરક છે. અમારા બાળપણમાં અમારી પાસે ઘણો સમય રહેતો હતો. મારે મન એ સમયનું મૂલ્ય મોટું હતું. મારો એ સમય યાદગાર બની રહ્યો છે. આજનાં બાળકોને આવો મુક્ત સમય મળતો હશે કે કેમ તે શંકા છે.' બોલિવુડમાં બાળફિલ્મો બનતી નથી તે બાબતે વિદ્યા કહે છે, 'મને સતત નવાઈ લાગે છે કે મને બાળફિલ્મમાં કામ કરવાની કોઈ ઓફર કેમ મળતી નથી? આજે બાળફિલ્મો કેમ બનતી નથી એ એક કોયડો છે. હું તો હમેંશા બાળફિલ્મમાં કામ કરવા તત્પર રહું છું. થોડા મહિના અગાઉ એક કાર્યક્રમમાં જવાનું બન્યું હતું ત્યારે મેં જોયું કે ત્યાં ખૂબ બધાં બાળકો હતાં, પણ કાર્યક્રમમાં મોટાઓને ગમે તેવી બાબતો વધારે હતી. આમ છતાં બાળકો મોજ કરી રહ્યાં હતાં. મને સમજાયું કે બાળકોને ગમે તેવી સામગ્રીના અભાવે તેમણે પુખ્ત વયના લોકોની સામગ્રીનો આનંદ માણવો પડે છે. એક જમાનામાં ભારતમાં બાળકોને ગમે તેવી ફિલ્મો બનતી હતી, જેમ કે 'હાથી મેરે સાથી', 'છોટા ચેતન' અને અનેક પ્રકારની બાળફિલ્મોનું નિર્માણ થતું હતું, પણ આજે આમાંનું કશું રહ્યું નથી.



### ધુરંધર 2નું ટીઝર રિલીઝ, રણવીરની વધુ દમદાર એક્શન

**મુંબઈ :** 'ધૂરંધર 2'નું ટીઝર રિલીઝ થયું છે. ગયા વર્ષે 5 ડિસેમ્બરે રિલીઝ થયેલી 'ધૂરંધર' ફિલ્મે બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડી નાખ્યા હતા. આ ફિલ્મે વિશ્વભરમાં 13 બિલિયનથી વધુ કમાણી કરી છે. તાજેતરમાં જ તે OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી, જેના કારણે ત્યાં પણ ધૂમ મચી ગઈ હતી. આ ફિલ્મ પાકિસ્તાનમાં ટ્રેન્ડ કરી રહી છે. ફિલ્મને લઈને ચાલી રહેલા હોબાળા વચ્ચે નિર્માતાઓએ ચાહકોને બીજા ભાગના ટીઝરની ઝલક બતાવી છે. ટીઝરમાં દરેક દ્રશ્ય છાપ છોડી જાય છે. તે એક્શનથી ભરપૂર છે. તેને જોયા પછી, ચાહકો ફિલ્મની રિલીઝની રાહ જોઈ શકતા નથી. ફિલ્મ 19 માર્ચ, 2026 ના રોજ રિલીઝ થશે. ધૂરંધર 2 પાકિસ્તાનમાં હમઝાના ગુપ્ત મિશન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેની સાચી ઓળખ જાહેર કરવામાં આવશે.

**બેસ્ટ ઓડિયો બુક, નૅરેશન અને સ્ટોરી ટેલિંગ શ્રેણીમાં**

## દલાઈ લામાને ૧૦ વર્ષની વયે 'ગ્રેમી ઍવૉર્ડ'



**મુંબઈ :** તિબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ ૧૦ વર્ષની વયે એક નવી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સંગીત જગતના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા 68મા 'ગ્રેમી એવોર્ડ્સ'માં દલાઈ લામાને તેમના સ્પૉકન વર્ડ આલ્બમ 'Meditations: The Reflections of His Holiness the Dalai Lama' માટે 'બેસ્ટ ઓડિયો બુક, નેરેશન અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ' શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

આ અંગે દલાઈ લામાએ જણાવ્યું હતું કે, 'હું આ સન્માનને કૃતજ્ઞતા અને નમ્રતા સાથે સ્વીકારું છું. હું આને વ્યક્તિગત સિદ્ધિ તરીકે નથી જોતો, પરંતુ આ આપણી સહિયારી વૈશ્વિક જવાબદારીની સ્વીકૃતિ છે. મારું માનવું છે કે 8 અબજ માનવીઓના સામૂહિક કલ્યાણ માટે શાંતિ, કરુણા, પર્યાવરણની સંભાળ અને માનવતાની એકતાની ભાવના અનિવાર્ય છે. આ ઍવૉર્ડ દ્વારા તેમના શાંતિના સંદેશા વધુ લોકો સુધી પહોંચશે તેવી તેમને આશા છે.'

ગ્રેમી ઍવૉર્ડની આ શ્રેણીમાં દલાઈ લામાનો મુકાબલો અમેરિકાના સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેતંજી બ્રાઉન જેક્સન, પ્રખ્યાત કોમેડિયન ટ્રેવર નોહ અને અભિનેત્રી કેથી ગાર્વર જેવા દિગ્ગજો સાથે હતો. દલાઈ લામા વતી સંગીતકાર રુફસ વેઈનરાઈટએ આ સન્માનનો સ્વીકાર કર્યો હતો.

## શરમન જોશીની હવે બંગાળી ફિલ્મમાં ગ્રાન્ડ એન્ટ્રી



**કલકત્તા :** શરમન જોશી એક અવ્વલ અભિનેતા છે અને તેણે તેની ક્ષમતા દરેક પાત્રમાં પુરવાર કરી આપી છે. હવે શરમન જોશી બંગાળી ફિલ્મમાં પદાર્પણ કરી રહ્યો છે, જેમાં તેની અભિનય ક્ષમતાનો નવો રંગ જોવા મળશે. તેના આગામી બંગાળી પ્રોજેક્ટનું નામ 'ભાલોબશર મોર્શમ' છે. આ પ્રોજેક્ટમાં તેને નવી ભાષા સાથે કેવો કેવો અનુભવ થયો તે જાણવા જેવો છે. તેણે આ અંગે વાતો કરી છે, તે એના જ શબ્દોમાં જાણીએ. બંગાળી ફિલ્મ અંગે જણાવતા શરમન જોશીએ કહ્યું, 'મને બંગાળી ફિલ્મમાં કામ કરવાનો ખરેખર આનંદ આવ્યો છે. હજુ આ ફિલ્મનું એક શિડયુલનું કામ બાકી છે.'

નવી ભાષામાં અભિનય કરવાના પડકાર અંગે વાત કરતાં શરમન જોશીએ જણાવ્યું, 'બંગાળી અત્યંત સમૃધ્ધ ભાષા છે, તેની મને જાણ છે, પણ આ ભાષા મારા માટે તો સાવ અજાણી હતી. મારી પાસે આ ભાષાની હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષામાં સ્ક્રીપ્ટ હતી. તેથી હું તેને ધ્યાનથી વાંચતો હતો. મુખ્ય સહાયક દિગ્દર્શક મને દરેક શોટ પહેલાં મારી સાથે બેસતા અને હું દરેક સંવાદ બોલતો ત્યારે તેઓ મને તે માટે આવશ્યક માર્ગદર્શન આપતા. તેમણે દાખવેલી અને જણાવેલી જાણકારી ધ્યાનપૂર્વક મેં અમલમાં મૂકી. હું ભલે ભાષા ઝીણવટથી પૂરેપૂરી સમજતો ન હતો, પણ હું તેમાં ભાવનાત્મક રીતે અભિનય કરી શક્યો.' શૂટિંગ શરુ કરતાં પહેલાં શું તમે કોઈની પાસે બંગાળી ભાષાના ક્લાસ લીધા હતા? આ પ્રશ્નના ઉત્તરમાં શરમને જણાવ્યું, 'હું આ ભાષા બહુ સારી રીતે બોલી શકતો નથી. આથી આ માટે મારા પાત્ર માટે ડબિંગ આર્ટિસ્ટ રાખવામાં આવશે. હું તો મારા સંવાદ પણ ભાગ્યે જ યાદ રાખી શકતો હતો.



### ફિલ્મ ડાયરેક્ટર રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ

**મુંબઈ :** બોલિવૂડના જાણીતા ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જુહુ સ્થિત નિવાસસ્થાન પર થયેલા અજાણ્યા હુમલાખોરો દ્વારા પાંચ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે આ મામલે પાંચ લોકોની અટકાયત કરી છે. જુહુમાં આવેલી નવ માળની ઈમારત 'શેટ્ટી ટાવર' પર અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ગોળીબારમાં એક ગોળી બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા જીમના કાચમાં ઘૂસી ગઈ હતી. પુણેની વારજે માળવાડી પોલીસ સ્ટેશન દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન કર્વેનગર અને ધાયરી વિસ્તારમાંથી પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. હુમલાની મોડસ ઓપરેન્ડી જોતા પોલીસને લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર મજબૂત શંકા છે. અગાઉ સલમાન ખાનના ઘર પર પણ આ જ પ્રકારે ફાયરિંગની ઘટના બની હતી.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### વેપાર ડિલ મુદ્દે મોદી વિપક્ષના નિશાને, લાચારીનો આરોપ

# ભારત-અમેરિકા ટ્રેડ ડિલ છતાં અવઢવની સ્થિતિ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 2025થી ભારતના ઉત્પાદનો પર ટેરિફ લાદી દેતા બે દેશ વચ્ચેના વેપાર સંબંધ અટકી પડ્યા હતા. જેને કારણે ખાસ કરીને ભારતના ઉદ્યોગોને માથે મોટી મંદીનો ઓછાયો વર્તાવા માંડ્યો હતો. ટ્રમ્પે આ પગલું ભર્યું ત્યારે તેનું મુખ્ય કારણ રશિયા પાસેથી ભારત દ્વારા થતી તેલની ખરીદી અને બ્રિક્શમાં ભારતની વધુ પડતી સક્રિયતા પણ હતુ. ભારત રશિયા પાસેથી તેલ ખરીદતું હોવાને કારણે અમેરિકાએ અગાઉ ૨૫% વધારાની 'પેનલ્ટી ટેરિફ' પણ લગાવી હતી, અમેરિકા દ્વારા ૨૦૨૫માં લાદવામાં આવેલા ઊંચા ટેરિફ (જકાત)ને કારણે ભારત પર ખૂબ જ ગંભીર આર્થિક અસરો થઈ હતી. ખાસ કરીને જ્યારે ટેરિફ ૫૦% (૨૫% રેસીપ્રોકલ ટેરિફ + ૨૫% રશિયન ઓઈલ પેનલ્ટી) સુધી પહોંચી ગયા હતા, ત્યારે ભારતીય અર્થતંત્રના અનેક ક્ષેત્રોમાં મુશ્કેલી ઊભી થઈ હતી. અમેરિકા ભારતનું સૌથી મોટું નિકાસ બજાર હોવાથી, ત્યાં ટેરિફ વધતા ભારતીય માલ ખૂબ મોંઘો થઈ ગયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫ના ડેટા મુજબ ભારતની અમેરિકા ખાતેની નિકાસમાં ૧૫%થી ૨૦% નો મોટો ઘટાડો નોંધાયો હતો.

આ ઉપરાંત અનેક ઉદ્યોગોને સૌથી વધુ નુકસાન થયું હતું. જેમાં  ટેક્સટાઈલ અને ગારમેન્ટ્સ ક્ષેત્રમાં ઓર્ડરમાં ૧૦%થી વધુનો ઘટાડો થયો હતો. એટલે ભારતના નિકાસકારોએ બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા દેશો સામે સ્પર્ધા કરવી મુશ્કેલ બની ગઈ હતી. એટલું જ નહીં, ભારતની જ્વેલરી નિકાસમાં વૃદ્ધિ દર ઘટીને માત્ર ૦.૪% રહી ગયો હતો, જેનાથી હજારો કારીગરોની રોજગારી પર જોખમ ઊભું થયું હતું.આ સાથે જ અમેરિકાના માર્કેટમાં ભારતીય ઝીંગાના ભાવ ૨૦% વધી ગયા હતા, જેનાથી અમેરિકન ગ્રાહકો અન્ય દેશોના ઝીંગાની ખરીદી કરવા માંડ્યા હતા. ૨૫% થી ૫૦% ટેરિફને કારણે ભારતમાંથી આ ધાતુઓની નિકાસ લગભગ અશક્ય બની ગઈ હતી.

નિકાસ સાથે સંકળાયેલી ભારતીય કંપનીઓના શેરમાં મોટું ધોવાણ થયું હતું. ખાસ કરીને ઓટો કમ્પોનન્ટ્સ અને કેમિકલ સેક્ટરના સ્ટોક્સ પર નકારાત્મક અસર પડી હતી. એટલું જ નહીં, ડોલર સામે રૂપિયો નબળો પડ્યો હતો. કારણ કે, નિકાસ ઘટવાથી વિદેશી હૂંડિયામણની



આવક ઓછી થઈ હતી.

બીજી તરફ ટ્રમ્પ વારંવાર ભારતને રશિયા પાસેથી તેલ ખરીદી બંધ કરવા ધમકાવી રહ્યા હતા. દરમિયાન અચાનક ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થયાના સમાચાર આવતા જ ભારતના અનેક ઉદ્યોગોને હાશ થઈ છે. જો કે, આ સમાચાર ભારતના વડા પ્રધાન કે વેપાર પ્રધાન દ્વારા નહીં, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા જાહેર કરાતા અટકળોનું બજાર ગરમાયું છે.

હજુ સુધી ભારત દ્વારા ડીલની વિગતો જાહેર કરવામાં આવી નથી. અમેરિકાના કૃષિસચિવ બ્રુક રોલિન્સે ઈન્સ્ટાગ્રામ ઉપર લખ્યું છે કે, નવા અમેરિકા-ભારત કરારથી ભારતના વિશાળ બજારમાં અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનોની નિકાસ વધશે. ૨૦૨૪માં ભારત સાથે અમેરિકાની કૃષિ વેપાર ખાધ ૧.૩ અબજ ડોલરની હતી. ભારતની વધતી વસ્તી અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનો માટે એક મહત્ત્વપૂર્ણ બજાર છે અને આજનો કરાર આ ખાધ ઘટાડવામાં ઘણી મદદ કરશે. તેમણે વ્હાઈટ હાઉસની એક પોસ્ટ શેર કરતા લખ્યું કે, ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી, જે દરમિયાન મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકાના તેલની ખરીદી વધારવા સંમત થયા હતા, જેમાં વેનેઝુએલાનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ ભારત સરકારના મંત્રી ગોયલે ટ્રેડ ડિલની પુસ્ટી તો કરી પરંતુ રશિયા પાસેથી તેલ ખરીદવા બાબતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા દાવા પર ભારત સરકારે ગુરુવારે સ્પષ્ટ કર્યું હતુ કે, ભારત કોઈ પણ દેશના દબાણમાં આવ્યા વગર પોતાની ઊર્જા જરૂરિયાતો અને દેશહિતને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેશે. ભારત કોની પાસેથી ઓઈલ ખરીદશે તે કોઈ ત્રીજો દેશ નક્કી નહીં કરે. જો કે, અમેરિકા અને ભારત વચ્ચેની આ ડિલ સહમતિથી નહીં, પરંતુ દબાણવશ થયાનું મનાય છે. ભારતમાં વિપક્ષોએ પણ મોદીએ ટ્રમ્પના દબાણને કારણે આ ડિલ કર્યાનો આરોપ મુક્યો છે. કદાચ એપ્સ્ટિન ફાઈલનો ઉપયોગ કરીને મોદીને આ કરાર માટે તૈયાર કરવામાં આવ્યા હોય તેવું પણ બની શકે છે.

બીજુ કારણ ભારત-EU વેપાર કરાર પણ હોઈ શકે છે. આ કરારની જાહેરાત પછી ડોનાલ્ડ ટ્રમ્પને પોતે પાછળ રહી ગયા હોવાની લાગણી થઈ હતી, જેને કારણે તેમણે ભારત સાથેનો કરાર કરવામાં ઉતાવળ રાખી હતી. ભારત-EU વેપાર કરાર સૌથી સ્પષ્ટ આર્થિક કરાર છે. આ કરાર નિ:શંકપણે બંને પક્ષો વચ્ચે વેપારમાં વધારો કરશે. EU પહેલેથી જ માલસામાનમાં આપણો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને જો સેવાઓનો સમાવેશ કરવામાં આવે તો બીજો સૌથી મોટો ભાગીદાર બનશે. હાલમાં અમેરિકા ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. ભારત અને EU માટેના સંભવિત વેપાર લાભોની આર્થિક નિષ્ણાતો અને અન્ય લોકો દ્વારા ચર્ચા કરવામાં આવી છે. ભારત માટે સૌથી મોટો ફાયદો એ થશે કે, અર્થતંત્રના શ્રમ અને રોજગાર-સઘન ક્ષેત્રો, જેમ કે કાપડ, ચામડાંની ચીજવસ્તુઓ, ફૂટવેર, રત્નો અને ઝવેરાત, જે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ હેઠળ અમેરિકામાં નિકાસમાં ઘટાડો થવાને કારણે દબાણ હેઠળ આવ્યા હતા, તેમના માટે EU બજારમાં પ્રવેશ મળશે. અહેવાલો પ્રમાણે ભારતે ઘણા દેશો સાથે FTA વાટાઘાટો કરવા માટે કવાયત આદરી છે. ભારતે પહેલાથી જ UK, યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસીએશન, ઓસ્ટ્રેલિયા, UAE, ન્યુઝીલેન્ડ અને ઓમાન સાથે FTA પર હસ્તાક્ષર કર્યા છે. તે ચિલી, પેરુ અને ઈઝરાયલ સાથે પણ સોદાઓ પર વાટાઘાટો કરી રહ્યું છે અને કેનેડા સાથે FTA વાટાઘાટો ફરી શરૂ થઈ રહી છે. હકીકતમાં, અમેરિકન સંરક્ષણ કંપનીઓ ભારતીય બજારમાં યુરોપ સામે હારી જવાથી ગભરાઈ ગઈ હતી. કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પની ભારત પ્રત્યેની વેપાર નીતિઓ અમેરિકા સાથે સંરક્ષણ ભાગીદારીમાં વિશ્વાસ ઘટાડી રહી હતી.

ટ્રમ્પની પોસ્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, ભારત અમેરિકાનાં ઉત્પાદનો પર શૂન્ય ટેરિફ તરફ આગળ વધશે, તે બાબતે પણ વધુ સ્પષ્ટતા થઈ નથી. હવે ડિલમાં સૌથી મહત્વની બાબત ભારતમાં અમેરિકાની કૃષિપેદાશોની આયાતની છે. તેમાં હજુ પણ ગૂંચવાડો દેખાઈ રહ્યો છે.  જો અમેરિકાના ડેરી પ્રોડકટ ભારતમાં શૂન્ય ટેરિફ સાથે ઠલવાશે તો ભારતીય ઉત્પાદકોને મોટો આર્થિક ફટકો પડશે. આવા સંજોગોમાં ખેડૂતો ફરી સરકાર સામે મોરચો માંડે તેવી સ્થિતિ સંભવ છે. જો કે, એક તરફ અમેરિકા તેની ડિલમાં ડેરી પ્રોડકટને ગણાવે છે તો બીજી બાજુ ભારત સરકાર કશો ફોડ પાડી રહી નથી.

આ ટ્રેડ ડિલનું બીજુ પાસુ ભારતને અન્ય રીતે નુકસાનકર્તા પણ થઈ શકે છે. અમેરિકાની શરત મુજબ ભારત રશિયા પાસેથી તેલ લેવાનું બંધ કરે તો રશિયા સાથેના દાયકાઓ જૂના સંબંધો જોખમાશે. રશિયા ભારતનો સૌથી મોટો સંરક્ષણ ભાગીદાર છે. જો ભારત અમેરિકા પાસેથી મોંઘા ભાવે ક્રૂડ ઓઈલ અને કોલસો ખરીદશે તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ અને વીજળીના ભાવ વધશે. જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડશે. તેથી સરકાર માટે આ બાબત અત્યંત પડકારરૂપ છે.

**ભારત-EU વચ્ચે વેપાર કરાર બાદ તરત જ અમેરિકાએ ડિલની જાહેરાત કરી,  જોકે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તેલની ખરીદી માટે હજી તે સ્વતંત્ર છે, બીજો કોઇ તેનો નિર્ણય કરી શકે નહીં, આ ઉપરાંત ડેરી પ્રોડકટ અને તેલ ખરીદી મુદ્દે ગુંચવાડાભરી સ્થિતિ છે**

# જીન્સની દુનિયા : બૂટકટથી લઈને બેગી સુધીની સફર

તમે આરામ ઈચ્છો છો તો બેગી, સ્ટાઈલિશ દેખાવ માટે બૂટકટ કે ફ્લેર અને પ્રોફેશનલ લુક માટે સ્ટ્રેટ લેગ વિથ ડાર્ક વોશ પસંદ કરી શકો છો. ફેશન એ તમારી વ્યક્તિગત પસંદગી છે, તેથી જેમાં તમે કમ્ફર્ટ અનુભવો તે જ શ્રેષ્ઠ છે.

જીન્સ એ માત્ર એક કપડું નથી, પણ આધુનિક ફેશનનું એક અનિવાર્ય અંગ છે. સમયની સાથે જીન્સના કટ અને ફિટિંગમાં ઘણા બદલાવ આવ્યા છે. આજે બજારમાં અનેક પ્રકારનાં જીન્સ ઉપલબ્ધ છે, જેમાંથી તમારી બોડી ટાઈપ અને પસંદગી મુજબ યોગ્ય જીન્સ પસંદ કરવું ખૂબ જરૂરી છે. યોગ્ય જીન્સની પસંદગી તમારા આત્મવિશ્વાસમાં વધારો કરે છે. જો તમે આરામ ઈચ્છો છો તો બેગી, સ્ટાઈલિશ દેખાવ માટે બૂટકટ કે ફ્લેર અને પ્રોફેશનલ લુક માટે સ્ટ્રેટ લેગ વિથ ડાર્ક વોશ પસંદ કરી શકો છો. ફેશન એ તમારી વ્યક્તિગત પસંદગી છે, તેથી જેમાં તમે કમ્ફર્ટ અનુભવો તે જ શ્રેષ્ઠ છે.

### બૂટકટ જીન્સ

બૂટકટ જીન્સ 1960 અને 70ના દાયકામાં ખૂબ પ્રચલિત હતા અને અત્યારે ફરી ફેશનમાં આવ્યા છે. આ જીન્સ સાથળના ભાગેથી ફિટિંગમાં હોય છે અને ઘૂંટણની નીચેથી થોડા પહોળા થાય છે. તેનું નામ `બૂટકટ' એટલા માટે પડ્યું, કારણ કે તેની નીચેનો ઘેરાવો એટલો હોય છે કે તમે સરળતાથી તેની નીચે બૂટ પહેરી શકો. તે ઊંચાઈનો અહેસાસ કરાવે છે અને શરીરને સંતુલિત લુક આપે છે.



### ફ્લેર જીન્સ

ફ્લેર જીન્સ બૂટકટનું જ એક આધુનિક અને થોડું વધારે પડતું સ્વરૂપ છે. તે ઘૂંટણ સુધી ટાઈટ હોય છે અને નીચેથી ઘણો મોટો ઘેરાવો (બેલ બોટમ જેવો) ધરાવે છે. જો તમે વિન્ટેજ અથવા રેટ્રો લુક ઈચ્છતા હોવ, તો ફ્લેર જીન્સ શ્રેષ્ઠ વિકલ્પ છે. તે લાંબી હિલ્સ સાથે પહેરવાથી ખૂબ જ આકર્ષક લાગે છે.

### બેગી જીન્સ

આજની યુવા પેઢીમાં બેગી જીન્સ સૌથી વધુ લોકપ્રિય છે. આ જીન્સ ઉપરથી નીચે સુધી ખૂબ જ લૂઝ (ઢીલાં) હોય છે. આરામદાયક ફેશન માટે આ જીન્સ જાણીતાં છે. સ્ટ્રીટ વેર લુક માટે તેને ક્રોપ ટોપ કે ઓવરસાઈઝ્ડ ટી-શર્ટ સાથે જોડી શકાય છે. જેમને ચુસ્ત કપડાં ગમતા નથી, તેમના માટે આ બેસ્ટ છે.

### સ્ટ્રેટ જીન્સ અને સ્ટ્રેટ લેગ્સ

સ્ટ્રેટ લેગ જીન્સ એ સદાબહાર ક્લાસિક સ્ટાઈલ છે. આ જીન્સ કમરથી લઈને ઘૂંટણ અને પગની એડી સુધી એકસરખી પહોળાઈ ધરાવે છે. તે ન તો વધુ પડતા ટાઈટ હોય છે, ન તો વધુ ઢીલાં. આ જીન્સ દરેક પ્રકારના શરીર પર સારા લાગે છે અને ઓફિસ કે કેઝ્યુઅલ એમ બંને જગ્યાએ પહેરી શકાય છે.

### ડાર્ક વોશ જીન્સ

`ડાર્ક વોશ' એટલે કે ઘાટા વાદળી કે કાળા રંગનાં જીન્સ હંમેશાં પ્રીમિયમ દેખાય છે. ડાર્ક વોશ જીન્સનો ફાયદો એ છે કે તે તમને પાતળા દેખાડવામાં મદદ કરે છે. તેને સેમી-ફોર્મલ લુક માટે શર્ટ અને બ્લેઝર સાથે પણ પહેરી શકાય છે. લાઈટ વોશની સરખામણીમાં ડાર્ક વોશ જીન્સ વધુ ક્લાસી અને રોયલ લાગે છે.

## લુકને નવો અંદાજ આપતાં આધુનિક પ્રકારનાં ટોપ



દરેક ટોપની પોતાની એક આગવી ઓળખ અને સ્ટાઈલ હોય છે. જોકે, તમારા શરીરના પ્રકાર મુજબ અને પ્રસંગ મુજબ યોગ્ય ટોપની પસંદગી કરવી જોઈએ. આરામ માટે ટેન્ક ટોપ, સ્ટાઈલ માટે ક્રોપ કે પેપલમ અને ઓફિસ માટે શર્ટ ટાઈપ ટોપ કાયમ ડિમાન્ડમાં રહે છે.

### ક્રોપ ટોપ

ક્રોપ ટોપ હાલની ફેશનમાં સૌથી વધુ ટ્રેન્ડિંગ છે. આ ટોપ લંબાઈમાં ટૂંકા હોય છે, જે સામાન્ય રીતે કમર સુધી અથવા તેનાથી સહેજ ઉપર રહે છે. યુવા પેઢીમાં તે ખૂબ પ્રિય છે. હાઈ-વેસ્ટ જીન્સ, ફ્લેર જીન્સ કે લાંબા સ્કર્ટ સાથે ક્રોપ ટોપ ખૂબ જ સ્ટાઈલિશ લાગે છે.

### ટેન્ક ટોપ

ટેન્ક ટોપ એ સ્લીવલેસ ટોપ છે, જેમાં ગળાનો ભાગ પહોળો હોય છે. આ ટોપ ખાસ કરીને ઉનાળામાં અથવા જિમ અને વર્કઆઉટ દરમિયાન વધુ પહેરાય છે. તેને ડાર્ક વોશ જીન્સ કે શોર્ટ્સ સાથે પહેરવાથી કૂલ લુક મળે છે. શિયાળામાં તેને જેકેટ કે શર્ટની નીચે લેયર તરીકે પણ પહેરી શકાય છે.

### પ્રિન્ટેડ ટોપ

જો તમને રંગો અને ડિઝાઈન ગમતી હોય, તો પ્રિન્ટેડ ટોપ તમારા વોર્ડરોબમાં હોવા જ જોઈએ. તેમાં ફ્લોરલ (ફૂલ-છોડ), જિયોમેટ્રિક, પોલ્કા ડોટ્સ કે એનિમલ પ્રિન્ટ જોવા મળે છે. પ્લેન જીન્સ સાથે પ્રિન્ટેડ ટોપ પહેરવાથી તમારો લુક આકર્ષક અને વાઈબ્રન્ટ લાગે છે. આ ટોપ દિવસની મુલાકાતો અથવા ઓફિસના કેઝ્યુઅલ દિવસો માટે ઉત્તમ છે.

### શર્ટ ટાઈપ ટોપ

આ ટોપ દેખાવમાં પુરુષોના શર્ટ જેવા હોય છે, પરંતુ તેનું ફિટિંગ અને ફેબ્રિક સ્ત્રીઓના લુકને અનુરૂપ હોય છે. પ્રોફેશનલ અથવા ઓફિસ લુક માટે શર્ટ ટાઈપ ટોપ અને સ્ટ્રેટ જીન્સનું કોમ્બિનેશન શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેને તમે ઈન કરીને કે ખુલ્લા રાખીને પણ પહેરી શકો છો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટન દ્વારા પ્રજાસત્તાક દિન, મકરસંક્રાંતિ અને વસંતપંચમીની ઉજવણી કરાઈ

### જન ગણ મન, વંદે માતરમ્ અને Oh Canadaનું સમૂહ ગાન કરાયું, સભ્યો દ્વારા ભજનો, ફિલ્મી અને રાષ્ટ્રભક્તિના ગીતો સાથે ડાન્સ રજૂ કરાયા

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ની મિટીંગ Gore Meadows Library ખાતે રાખવામાં આવી હતી.

મીટીંગની શરૂઆત 'ૐ तत् श्री नारायण' પ્રાર્થનાથી થયા બાદ આ મહિનાના ઉત્સવને અનુરૂપ સુભાષભાઈ પટેલે, सारे जहांसे अच्छा...!! - हम लोगो को...!ગીત પર હળવી કસરત કરાવાઈ હતી. ત્યારબાદ દક્ષાબેન રાજાએ ૭૭, પ્રજાસત્તાક દિન, મકર સંક્રાંતિ તેમજ વસંતપંચમીની સૌને અંતઃકરણ પૂર્વક સૌને શુભેચ્છા આપી હતી.

સ્વાગતવિધિ બાદ મંડળના ભૂતપૂર્વ સભ્ય સ્વ. જયંતિભાઈ પટેલને મૌન પાળી અને પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરાઈ હતી. વિશેષમાં દક્ષાબેને જણાવ્યું હતું કે, બંકીમચંન્દ્ર ચટોપાધ્યાય રચિત રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્"ને ૧૫૦ વર્ષ પૂરા થયા. રાષ્ટ્રગીત "જન-ગણ-મન"ની રચના રવિન્દ્રનાથ ટાંગોને કરી હતી. ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાયેલી પરેડની પણ માહિતી આપી હતી.



ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીજીને નમસ્કાર કરી શ્રધ્ધાંજલિ અર્પિત કરાઈ હતી. "સ્વરસાધના મ્યુઝિકલવર્સ "જયભાઈ ભાવસારના કોમેડી નાટક શોની જાહેરાત કરી હતી. ત્યારબાદ જન ગણ મન, વંદે માતરમ્ અને Oh Canada નું સમૂહ ગાન કરવામાં આવ્યું હતુ. હર્ષદભાઈ પટેલે, આગામી ફેબ્રુઆરી માસની મીંટીંગ રવિવારે જ રાખવાની જાહેરાત કરી હતી.ત્યારબાદ આ માસમાં આવતી જે તે મેમ્બર્સની birthday અને anniversary ઉજવવામાં આવી હતી.

આમંત્રિત મહેમાનોમાં , મનીન્દર સિધુ વ્યસ્ત હોવાથી તેમના મદદનીશ અશોકભાઈ શર્મા, કાઉન્સેલર રોડ પેવર, જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મણીજી ભાટિયા, તેમજ ચંન્દ્રકાંતભાઈ, રાજેશ્વરીબેન શુક્લ પધાર્યા હતા. દક્ષાબેન તેમજ હર્ષદભાઈ પટેલે સૌ મહેમાનોનું ઉપરણું ઓઢાડી બહુમાન કર્યું હતુ. મહેમાનોએ સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવી હતી. આ તકે રોડ પોવરે જણાવ્યું હતું કે, "મેં ઘણા સિનીયર મંડળની મુલાકાત કરેલી છે, પણ દક્ષાબેન તેમજ આપ સૌનું આ ગુજરાતી સિનિયર મંડળ બ્રામ્પટન ઉત્તમ છે. મણીજી ભાટીયાએ જગન્નાથ મંદિરમાં થતા કાર્યક્રમની માહિતી આપી હતી, અને મહાશિવરાત્રીના ઉત્સવ નિમિત્તે સૌને આમંત્રણ આપ્યું હતું.

અતિથિ વિશેષ, પંડિત ચંન્દ્રકાંતભાઈ શુક્લએ ૨૬ જાન્યુઆરીને અંતર્ગત સૌ શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. જે બાદ વસંતપંચમીનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં, ગાંધીજીના બે પ્રિય ભજનો રજૂ કરવામાં આવ્યા હતા. પદમાબેન કંસારા અને આશાબેન વશીએ "साबरमती के संत तुने ....!!!" અને કંચનબેન-કલ્યાણીબેન-અમીતાબેને "વૈષ્ણવ જન તો....!!! રજૂ કર્યા હતા. વર્ષાબેન શાહ-અરૂણભાઈ ભટ્ટે સૈંયા છોડ દે પતંગ મેરી...!! ગીત પર કપલ ડાન્સ કર્યો હતો. જયશ્રીબેન-દિપકભાઈએ પરંપરાગત રાજસ્થાની વેશભૂજા સાથે "પધારો મારે દેશ રે...!!!" ગીત પર સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યું હતુ.

રાજેશ્વરીબેન શુક્લએ તેમની આગવી શૈલીમાં વસંતપંચમી અંતર્ગત " કેસુડાની ડાળીયે...!!! ગીત પર ડાન્સ રજૂ કરી સૌને ખુશ કર્યા હતા. પદમાબેન એન્ડ ગ્રુપે દેશભક્તિ રીમીક્સ ગીતો પર નયનરમ્ય ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. જગદીશભાઈ પટેલ એન્ડ ગ્રુપે I love my India- मेरे देशकी धरती-माँ तुझे सलाम- हम हिन्दुस्तानी ગીતો પર જોરદાર ડાન્સ ત્રિરંગા સાથે રજૂ કર્યો હતો. અંતે ભોજનમાં મોહનથાળ, પૂરી, દાળ-ભાત, દાણા-રીંગણનું શાક, અથાણું અને પાપડ-પાપડીનો સ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

# કેનેડાના નકલી વિઝા પેકેજનું કૌભાંડ: FIFA વર્લ્ડ કપ જોવા જવા સાથે નોકરીની લાલચ

### સોશિયલ મીડિયા ઉપર વીડિયો વાઈરલ, કેનેડા સરકારે લોકોને ચેતવ્યા

**ટોરોન્ટો**

વર્ષ 2026માં ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કેનેડા, મેક્સિકો, મોરોક્કો અને અમેરિકામાં થવા જઈ રહ્યું છે. વિદેશ જઈને પોતાના મનપસંદ સ્ટાર્સને વર્લ્ડ કપમાં રમતા જોવાની ઈચ્છા ઘણા લોકો ધરાવે છે. જેનો ફાયદો ઉઠાવીને ઈમિગ્રેશન એજન્ટો પર છેતરપિંડીનો આરોપ લાગ્યો છે.

ફૂટબોલ વર્લ્ડ કપ જોવાની સાથે કેનેડામાં રહેવા અને કામ કરવાની લાલચ આપીને પંજાબમાં છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલો ધ્યાને આવ્યા બાદ કેનેડા સરકાર પણ સતર્ક થઈ ગઈ છે. પંજાબના કેટલાક ભ્રષ્ટ એજન્ટોએ કેનેડામાં સરળતાથી પ્રવેશની લાલચ આપીને 'વિશેષ વિઝા પેકેજ' તૈયાર કર્યા છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વિઝામાં માત્ર રમત જોવાની જ નહીં, પરંતુ કેનેડામાં વિઝિટર વિઝા પર કામ કરવાની પણ છૂટ મળશે.

ચંદીગઢના એક ટ્રાવેલ એજન્ટ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પંજાબી ભાષામાં પોસ્ટ કરવામાં આવી કે, 'જેઓ લાંબા સમયથી કેનેડામાં કાયમી રહેવા માંગે છે, તેમના માટે આ સુવર્ણ તક છે.' તે એજન્ટનો દાવો હતો કે, 'કેનેડાએ નવી પબ્લિક પોલિસી જાહેર કરી છે. જે મુજબ જે લોકો ફીફા વર્લ્ડ કપ જોવા જઈ રહ્યા છે, તેઓ વિઝિટર વિઝા પર કામ પણ કરી શકે છે.' આ મુદ્દો સામે આવતા જ કેનેડાનું ઈમિગ્રેશન વિભાગ સક્રિય થયું છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)એ નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે, કોઈપણ વિશેષ FIFA વર્લ્ડ કપ વિઝાની વ્યવસ્થા નથી. તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, 'જો તમે ફૂટબોલ ફેન તરીકે વર્લ્ડ કપ જોવા કેનેડા આવવા માંગતા હોવ, તો તમારે પ્રવાસી (Tourist)તરીકે જ દેશમાં આવવું પડશે.' વર્લ્ડ કપ ટુર્નામેન્ટ માટે કેનેડામાં એક ખાસ વિઝા છે, પરંતુ તે માત્ર FIFA કર્મચારીઓ અને ખાસ આમંત્રિતો માટે જ છે, સામાન્ય નાગરિકો માટે નથી. રમત જોવા કે મુસાફરી કરવા માટે કેનેડા જવા ઈચ્છતા લોકોએ પ્રવાસન (Tourist) વિઝા માટે જ અરજી કરવી પડશે. વિઝા સંબંધિત કોઈપણ દસ્તાવેજમાં છેતરપિંડી જણાશે તો તે એજન્ટને 5 વર્ષ માટે સસ્પેન્ડ કરવાની ચેતવણી કેનેડા સરકારે આપી છે.

# કેનેડામાં ઈમિગ્રેશન અને વિઝાના નવા નિયમો જાહેર : માસ્ટર્સ Ph.Dને રાહત




### 2026માં માત્ર 1.55 લાખ અભ્યાસ પરમિટ જારી કરાશે
### પહેલાથી વર્ક પરમીટ પર રહેતા લોકોને પીઆરની તક મળશે

**ટોરોન્ટો**

કેનેડામાં ઈમિગ્રેશન અને વિઝાના નવા નિયમો જાહેર કરાયા છે.

જેમાં સરકારે તેના 'ઈમિગ્રેશન લેવલ્સ પ્લાન ૨૦૨૬-૨૦૨૮' હેઠળ કેટલાક મહત્વના ફેરફારો કર્યા છે. ૨૦૨૬માં માત્ર ૧.૫૫ લાખ અભ્યાસ પરમિટ જારી કરવામાં આવશે, જે ૨૦૨૫ની તુલનામાં ૫૦% ઓછી છે. આનાથી નવા આવનારા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી વધશે.

૧ જાન્યુઆરી, ૨૦૨૬થી સરકારી યુનિવર્સિટીઓમાં માસ્ટર્સ કે PhD કરનારા વિદ્યાર્થીઓને સ્ટડી પરમિટ ક્વોટા અને પ્રોવિન્શિયલ એટેસ્ટેશન લેટર (PAL) માંથી મુક્તિ આપવામાં આવી છે. તેમને ૧૪-દિવસમાં ફાસ્ટ-ટ્રેક વિઝા પણ મળશે.

જે ભારતીયો પહેલેથી કેનેડામાં વર્ક પરમિટ પર છે, તેમના માટે PR (કાયમી નિવાસ) મેળવવો સરળ બનશે. ૨૦૨૬ અને ૨૦૨૭ દરમિયાન અંદાજે ૩૩,૦૦૦ ટેમ્પરરી વર્કર્સને PR આપવાનો લક્ષ્યાંક છે.

## ટૉરોન્ટોના રિયલ એસ્ટેટ માર્કેટમાં ફેરફારો, ખરીદદારોને લાભ

**ટોરોન્ટો**

જાન્યુઆરી ૨૦૨૬ના ડેટા મુજબ, ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA)માં ઘરની સરેરાશ કિંમત $૧ મિલિયનથી નીચે (અંદાજે $૯,૭૩,૨૮૯) પહોંચી ગઈ છે. નિષ્ણાતોના મતે ૨૦૨૬નું વર્ષ ખરીદદારો માટે સારું રહેશે. કારણ કે, માર્કેટમાં ઘરોનો સપ્લાય વધારે છે અને કિંમતો સ્થિર અથવા ઘટતી જોવા મળી રહી છે. PR અને સ્ટુડન્ટ વિઝાના નવા નિયમોને કારણે ભાડાના મકાનોની માંગમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. જો કે, આ સ્થિતિ ક્યાં સુધી રહેશે તે કહેવું હાલ મુશ્કેલ છે. તેથી આ સ્થિતિનો લાભ લેવા અનેક લોકોએ કવાયત હાથ ધરી છે.

# ગુજરાતી સિનીયર સમાજ મિસીસાગાની ફેબ્રુઆરીની બેઠક

### સદગત સભ્યોને શ્રદ્ધાંજલી બાદ વેલેન્ટાઈન ડેની ઉજવણી, ફિલ્મી ગીતો સાથે ડાન્સે રમઝટ જમાવી

**મિસીસાગા**

સ્ટીફન લેવીસ સેકેન્ડરી સ્કુલ, થોમસ રોડના હોલમાં પહેલી ફેબ્રુઆરીએ ગુજરાતી સિનીયર સમાજ મિસીસાગાની બેઠક ઈલાબેન દેવાણીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. સ્વાગતવિધિ બાદ સમાજના સભ્ય સરયૂબેન દેસાઈ દ્વારા પ્રાર્થના થઈ હતી. પ્રમુખ મહિન્દ્રભાઈ ગોઢીયાએ સૌ સભ્યોનું અભિવાદન કર્યું અને તેઓને બે માસની ભારતની મુલાકાત બાદ પરત આવવા આવકાર આપ્યો તે માટે સૌનો આભાર માન્યો હતો. જે બાદ સમાજના જે સભ્યો અવસાન પામ્યા તેમને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટ મૌન પળાયું હતુ. RSVP કરવા બાબતે પણ વિસ્તૃત સમજ આપી તેની અગત્યતા સમજાવી જેતે પ્રસંગે સમયસર તે કરી દેવા વિનંતી કરવામાં આવી હતી. આ તકે ઈલાબેને જણાવ્યું



કે આજે આગામી વેલેન્ટાઈન ડેની ઉજવણીને ધ્યાનમાં રાખી સમાજના જ સભ્યોનો ગીત સંગીતનો કાર્યક્રમ રજૂ થવાનો છે. તે માટે તેમણે પ્રકાશભાઈ શાહ, સુરેન્દ્રભાઈ સોમૈયા અને દિલીપભાઈ કોટને આવકાર્યા હતા. જે ત્રણેય દ્વારા સુંદર ફીલ્મી ગીતો ગાઈ જમાવટ કરવામાં આવી હતી.

સુંદર ગીતો સાંભળીને ઉત્સાહિત સભ્યોએ ડાન્સની મજા માણી હતી. તે પછી ઈલાબેન દેવાણી દ્વારા બોલીફીટ કરાવવામાં આવ્યું હતુ. હળવી કસરત બાદ સૌએ ફરી એકવાર પોતાની જગ્યા લીધી હતી. જે બાદ સભ્યોની વર્ષગાંઠની મુકેશભાઈ ગાજરીયાની વિશેષ હાજરીમાં ઉજવણી કરાઈ હતી. વેલેન્ટાઈનની ઉજવણીમાં ડો. પ્રકાશ નાગર અને ધર્મ પત્ની સુનિતાબેન નાગરે ફીલ્મી ગીત પર સરસ મજાના અભિનય અને ડાન્સ સાથે સૌને આનંદ કરાવ્યો હતો. અરુણાબેન નાયકે જોક્સ રજૂ કરી સૌને પેટ પકડીને હસાવ્યા હતા. અંતે જીતુભાઈ પંચાલે સમાજને મળેલ દાનની માહિતી આપી હતી. છેવટે સ્વાદિષ્ટ ભોજન સૌએ માણ્યું હતુ.

# ઓસ્ટ્રેલિયામાં અમદાવાદના યુવકને ડિજિટલ અરેસ્ટ કરી લાખો પડાવ્યા

## ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતા યુવકે ફરિયાદ નોંધાવી, સાયબર ઠગોએ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી

**અમદાવાદ**

ગુજરાત સહિત દેશભરમાં ડિજિટલ અરેસ્ટ કરી નિર્દોશ લોકો પાસેથી મોટી રકમની ઠગાઈની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે.ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના એક યુવકને મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે ડિજિટલ અરેસ્ટ કરી ઓસ્ટ્રેલિય ડોલર સહિત રૂ. 48 લાખ પડાવ્યા હોવાનું બહાર આવ્યું છે. નારણપુરા મીરા અંબિકા રોડ પર રહેતા વૃદ્ધનો એક દીકરો ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહે છે. 26 ઓગસ્ટ 2025ના રોજ સિડનીમાં રહેતા દીકરાને ભારતીય નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી હોવાનું જણાવી યુવકના મોબાઈલ નંબર અને બેન્ક એકાઉન્ટના આધારે કરોડો રૂપિયાનાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા છે અને તેમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ સંકળાયેલી છે હોવાનું કહી યુવકને ડરાવ્યો હતો.

સાયબર ગઠિયાઓએ યુવકને ઓસ્ટ્રેલિયાની સ્થાનિક પોલીસ દ્વારા ધરપકડ કરાવવાની અને ભારત આવશે ત્યારે એરપોર્ટ પરથી જ પકડાઈ જવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ દબાણને કારણે યુવક માનસિક રીતે ડરી ગયો હતો. ગઠિયાઓએ તપાસના નામે તેની તમામ બેન્ક વિગતો મેળવી લીધી હતી અને ઓસ્ટ્રેલિયામાં આવેલા તેના એકાઉન્ટમાંથી 25,000 ઓસ્ટ્રેલિયન ડોલર, એટલે કે અંદાજે 14 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ સાથે અમદાવાદ નારણપુરા ખાતેની એક્સિસ બેન્કમાં રહેલી યુવકની 34 લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ પણ તોડાવીને ગઠિયાઓએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. એક મહિના સુધી ચાલેલી આ 'ડિજિટલ અરેસ્ટ' બાદ યુવકને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેણે ઓસ્ટ્રેલિયામાં સાયબર સિક્યુરિટી વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે અમદાવાદની બેન્કમાંથી રકમ જતી હોવાની જાણ થતાં પિતાએ બેન્કમાં તપાસ કરતા 34 લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયાનું જાણવા મળ્યું હતું.

# અમદાવાદ પર ભૂકંપનું જોખમ, સિટી સ્ક્વેર ટાવરની ઊંચાઈ 5 મીટર ઘટાડાઈ

**અમદાવાદ**

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી ફરી ભૂકંપના આચંકા શરૂ થયા છે. કચ્છ-ભુજમાં સતત આંચકાનો અનુભવ થઈ રહ્યો છે. આ દરમિયાન ભારત સરકારના બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ તાજેતરમાં દેશભરના રાજ્યોના ભૂકંપીય ઝોનિંગમાં મોટો ફેરફાર જાહેર કર્યો છે, જેના કારણે અમદાવાદ શહેરને ઉચ્ચ ભૂકંપ જોખમ શ્રેણીમાં મૂકવામાં આવ્યું હતું. અમદાવાદ પર તોળાઈ રહેલા મોટા ભૂકંપના ખતરાના કારણે શહેરના સૌથી પોશ એરિયા ગણાતા સિંધુ ભવનમાં બનનારા સિટી સ્કેવર ટાવરની ઊંચાઈમાં 5 મીટરનો ઘટાડો કરવામાં આવ્યો છે. અમદાવાદના સીસ્મિક ઝોનનો સ્કોર 3 થી વધીને 4 થવાને કારણે, સિંધુ ભવન રોડ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સિટી સ્ક્વેર પ્રોજેક્ટ હેઠળ બનનારી બિલ્ડિંગની ઊંચાઈ મૂળ આયોજિત 180 મીટરથી ઘટાડીને 175 મીટર કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ શહેરની ઓળખ વધારવા અને સ્માર્ટ સિટી રેન્કિંગ સુધારવા માટે એક વિશિષ્ટ 'સિટી સ્ક્વેર' બનાવવાનું આયોજન કર્યું હતું.

# ધોળકા-બગોદરા હાઈવે પર અકસ્માત સર્જાતા એક જ પરિવારના ત્રણ લોકોનાં કરુણ મોત

## ટ્રકના ચાલકે આગળ જઈ રહેલા વાહનની પાછળ ટ્રક ધડાકાભેર અથડાયું

**અમદાવાદ**

ધોળકા-બગોદરા હાઈવે પરથી પસાર થઈ રહેલી એક આઈસર ટ્રકના ચાલકે આગળ જઈ રહેલા કોઈ અજાણ્યા વાહનની પાછળ ટ્રક ધડાકાભેર ભટકાડી દીધી હતી. અકસ્માત સમયે ટ્રકની ગતિ એટલી પ્રચંડ હતી કે ટ્રકનો આગળનો ભાગ સંપૂર્ણપણે દબાઈ ગયો હતો. ટ્રકમાં સવાર પરિવાર કંઈ સમજે તે પહેલા જ કાળનો પંજો તેમના પર ફરી વળ્યો હતો. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.



આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર પતિ, પત્ની અને તેમના પુત્રના ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતા. સ્થાનિક રાહદારીઓએ તાત્કાલિક 108 અને પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી 108ની ટીમે ત્રણેય સભ્યોને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત આઈસર ચાલકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# 'SIR' વિવાદ : ભાજપ નેતાઓને જેલ-દંડનો ડર, રાતોરાત હજારો ફોર્મ-7 પાછા લેવા પડ્યા

## કેટલાક મતદારો દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલની તૈયારી થઈ હતી

**અમદાવાદ**

ગુજરાતમાં ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થઈ ચૂકી છે, જ્યારે હવે ફાઈનલ મતદાર યાદી માટે તૈયારી થઈ રહી છે. જો કે, મતદારના નામ રદ કરવાના ઈરાદે ગુજરાતમાંથી લાખો ફોર્મ-7 ભરાતાં હોબાળો મચ્યો હતો. આખરે જેલ અને દંડની જોગવાઈના ડરથી ખુદ ભાજપના નેતા અને કાર્યકરોએ જ વાંધા પરત લેવા મજબૂર થવું પડ્યું હતું. પરિણામે એવુ થયું કે, રાજ્ય ચૂંટણી પંચને 14.11 લાખ ફોર્મ-7 મળ્યાં હતાં, જેની સંખ્યા રાતોરાત ઘટીને 1.83 લાખ થઈ ગઈ હતી. આ આખોય મુદ્દો ગુજરાતમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. ગુજરાતમાં મતદારોની જાણ બહાર જ ફોર્મ-7 ભરીને વાંધા ઉઠાવવામાં આવ્યા હતાં,જેના પગલે વિપક્ષે હંગામો મચાવ્યો હતો. એટલું જ નહીં, ખુદ રાહુલ ગાંધીએ 'X' પર પોસ્ટ કરીને ગુજરાતમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) ની કામગીરી સામે સવાલો ઉઠાવ્યાં હતાં. આ ઉપરાંત લાખો મતદારોના નામ કમી કરવાના બદઈરાદાને લઈને સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી ચાલી રહી હતી. જેના પગલે રાજ્યનું ચૂંટણી પંચ સાવધાન થયું હતું.

ચર્ચા એવી છેકે, ખુદ મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ દિલ્હી જઈને વાસ્તવિકતા રજૂ કરી હતી. એટલુ જ નહીં, શાસક પક્ષને સ્પષ્ટ કહી દેવાયુંકે, મતદારનું નામ રદ કરવાના ઈરાદે ફોર્મ-7 ભરનારે પુરાવા રજૂ કરવા પડશે. જો માહિતી ખોટી હશે તો પોલીસ ફરિયાદ થઈ શકે છે. એક વર્ષની જેલ અને એક લાખના દંડ પણ થશે.

# રાજ્યમાં દસ્તાવેજોના e-Registration માટે નાગરિકોએ હવે ચૂકવવી પડશે ફી, જાહેરનામું

**અમદાવાદ**

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા તાજેતરમાં એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ હવે રાજ્યમાં દસ્તાવેજોના ઈ-રજીસ્ટ્રેશન (e-Registration) માટે નવી ફી નિર્ધારિત કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ની કલમ ૭૮ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવો નિયમ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અમલી બન્યો છે, જેનો મુખ્ય હેતુ ઓનલાઈન નોંધણી પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવાનો છે. આ જાહેરનામા મુજબ, વર્ષ ૧૯૮૭ના જૂના ફી સ્ટ્રક્ચરમાં સુધારો કરીને તેમાં ક્રમ નંબર ૨૯ ઉમેરવામાં આવ્યો છે. હવેથી કોઈપણ દસ્તાવેજનું ઈ-રજીસ્ટ્રેશન કરવા માટે દસ્તાવેજ દીઠ ૧૦૦ રૂપિયા 'પ્રોસેસિંગ ફી' (Processing Fee) ચૂકવવાની રહેશે.

આ ફી દરેક ઈ-ફાઈલ થયેલા દસ્તાવેજ પર લાગુ પડશે, જેનો હેતુ ડિજિટલ નોંધણીની વહીવટી પ્રક્રિયાને ટેકો આપવાનો છે.

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જારી કરાયેલા આ નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સુધારો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

# અમદાવાદ એરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ચાર મહિલાની દોઢ કરોડના સોના સાથે ધરપકડ

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ચાર મહિલા મુસાફરો પાસેથી 1.52 કરોડ રૂપિયાની કિંમતનું 24 કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. તસ્કરોએ સોનાને ઓળખાય નહીં તે રીતે તેના પર રોડિયમનું પડ ચઢાવ્યું હતું, પરંતુ કસ્ટમ્સ અધિકારીઓની સતર્કતાએ આ આખા ખેલનો પર્દાફાશ કર્યો હતો. 1 ફેબ્રુઆરીના રોજ જેદ્દાહથી અકાસા એરની ફ્લાઈટ નંબર QP 564 અમદાવાદ એરપોર્ટ પર ઉતરી હતી. મુસાફરોના સામાનના એક્સ-રે સ્કેનિંગ દરમિયાન કસ્ટમ્સ અધિકારીઓને કેટલીક શંકાસ્પદ છબીઓ જોવા મળી હતી. શંકાના આધારે એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)ની ટીમે મહિલા મુસાફરોને અટકાવી તેમની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મહિલાઓ પાસેથી સોનાની 7 ચેઈન અને 7 સોનાની બંગડીઓ મળી આવી હતી. તપાસમાં બચવા માટે સોનાના આ દાગીનાઓ પર રોડિયમનું કોટિંગ કરવામાં આવ્યું હતું.

# અમેરિકામાં માનવ તસ્કરી અને જાતીય શોષણના આરોપમાં ગુજરાતના પાટીદાર શખ્સની ધરપકડ

**વોશિંગ્ટન ડીસી/અમદાવાદ**

રાજ્યમાંથી ઘણા લોકો અમેરિકા સ્થાયી થયા છે. ડોલરિયા દેશમાં ઘણા લોકો ગેરકાયદે પ્રવૃત્તિમાં પણ સામેલ થતા હોય છે. અમેરિકામાં માનવ તસ્કરી, બળાત્કાર અને છેતરપિંડીના આરોપસર ગુજરાતના પાટીદાર યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

કેન્ટુકી સ્ટેટમાં બે મહિલાઓની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

કેન્ટુકીના પડુકાહ પોલીસના જણાવ્યા અનુસાર, વ્યવસાયે ટ્રાવેલ એજન્ટ વિકાસ પટેલની સોમવારે બપોરે ધરપકડ કરવામાં આવી હતી અને તેને મેકક્રેકન કાઉન્ટી જેલમાં મોકલી દેવાયો હતો. આ ધરપકડ ડિસેમ્બર 2025માં શરૂ થયેલી એક તપાસ બાદ કરવામાં આવી હતી. એક મહિલાએ પટેલ સાથે તેની નોકરી અને રહેવાની વ્યવસ્થા અંગે પોલીસમાં ફરિયાદ કર્યા બાદ આ કાર્યવાહી થઈ હતી.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું કે તે અગાઉ પટેલને ત્યાં કામ કરતી હતી અને નોકરી દરમિયાન તેની પાસેથી એપાર્ટમેન્ટ ભાડે લેવા માટે કરાર કર્યો હતો. એપાર્ટમેન્ટમાં રહેવા ગયા પછી, પટેલે કથિત રીતે તેનો આખો પગાર રોકવાનું શરૂ કર્યું હતું, જે તેમના ભાડા કરારનો ભાગ નહોતો. મહિલાનો પગાર પટેલના બેંક ખાતામાં જમા કરવામાં આવતો હતો. મહિલાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે નોકરી દરમિયાન પટેલે વારંવાર તેની મરજી વિરુદ્ધ જાતીય માંગણીઓ કરી હતી અને તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. આ આરોપોના આધારે ડિટેક્ટિવ્સે તપાસનો વ્યાપ વધાર્યો હતો, જેના કારણે બીજી એક મહિલા પણ વધારાની માહિતી સાથે સામે આવી હતી.

બીજી ફરિયાદકર્તાએ પોલીસને જણાવ્યું કે જ્યારે તે સગીર હતી ત્યારે તે પટેલને ત્યાં કામ કરતી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે તે સમયગાળા દરમિયાન પટેલે તેને અન્ય એક પુરુષ સાથે વ્યવસાયિક જાતીય પ્રવૃત્તિમાં ધકેલી હતી. તેણે તપાસકર્તાઓને એમ પણ જણાવ્યું કે પટેલની નોકરી છોડ્યા પછી, તેને સામાન લેવા માટે બોલાવવામાં આવી હતી. જ્યારે તે હોટલ પર પહોંચી ત્યારે પટેલે કથિત રીતે તેને લલચાવીને એક રૂમમાં મોકલી હતી, જ્યાં અજાણ્યા પુરુષ દ્વારા તેની પર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

# લોનના બહાને USના નાગરિકો સાથે ઠગાઈ, 3ની ધરપકડ

## ક્રિપ્ટોકરન્સી દ્વારા પૈસાની ઉચાપત કરીને ભારતીય ચલણમાં નાણાં રૂપાંતરિત કરાતા હતા : અમદાવાદનો ખેલાડી મુખ્ય સૂત્રધાર

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ખાડિયા પોલીસે એક આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી રેકેટનો પર્દાફાશ કર્યો છે. જે અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ગિફ્ટ વાઉચર્સ ખરીદવા જાળ ફેલાવતા હતા, ક્રિપ્ટોકરન્સી દ્વારા પૈસાની ઉચાપત કરીને ભારતીય ચલણમાં નાણાં રૂપાંતરિત કરતાં હતા. ચોક્કસ માહિતીને આધારે કરેલી કાર્યવાહીમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસે સ્થળ પરથી મુંબઈના ક્લેટન રોડ્રિક્સ તેમજ અમદાવાદના રહેવાસી કપિલ પઢિયાર અને ધવલ દરજીને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ ડાર્ક વેબ અથવા અન્ય ગેરકાયદેસર સ્ત્રોતો દ્વારા અમેરિકન નાગરિકોનો પર્સનલ ડેટા મેળવતા હતા. ઈન્ટરનેટ કોલિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેઓ અમેરિકામાં કોલ કરતા અને લોકોને "તમારી લોન મંજૂર થઈ ગઈ છે" કહીને વિશ્વાસમાં લેતા હતા. લોન આપવાના બહાને પ્રોસેસિંગ ફી કે અન્ય ચાર્જિસ પેટે દરેક ભોગ બનનાર પાસેથી 150થી 200 ડોલર પડાવવામાં આવતા હતા. છેતરપિંડીની આ રકમ સીધી બેંકમાં લેવાને બદલે તેઓ USDTમાં મેળવતા હતા અને ત્યારબાદ તેને ભારતીય ચલણમાં કન્વર્ટ કરતા હતા, જેથી પોલીસ પકડથી બચી શકાય. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, 'આરોપીઓએ અમેરિકન નાગરિકોનો વ્યક્તિગત ડેટા મેળવ્યો હતો અને ખોટી ઓળખ હેઠળ તેમનો સંપર્ક કરવા માટે ગુગલ વોઈસનો ઉપયોગ કર્યો હતો, તાત્કાલિક લોન મંજૂરીની ઓફર કરી હતી. પીડિત અમેરિકન નાગરિકોને પ્રોસેસિંગ ફી અને ચુકવણી સુરક્ષા વીમાના બહાને વોલમાર્ટ, વોલમાર્ટ ગ્રીન, એપલ પે અને ટાર્ગેટ કાર્ડ્સ સહિત ગિફ્ટ વાઉચર્સ ખરીદવા માટે કહેવામાં આવ્યું હતું, જે સામાન્ય રીતે $100 થી $500ની વચ્ચે મૂલ્યના હતા. એકવાર વાઉચર કોડ શેર કરવામાં આવ્યા પછી તેની આવક હેન્ડલરને મોકલવામાં આવી હતી જેણે USDT (ક્રિપ્ટોકરન્સી) નો ઉપયોગ કરીને રકમને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી. વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી કરવાના ગુનાહિત કાવતરાના ભાગ રૂપે ત્રણેય આરોપીઓએ સાથે મળીને કામ કર્યું હતું. છેતરપિંડીમાં આરોપીઓની ભૂમિકાઓ અલગ અલગ હતી, ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મુંબઈના બોરીવલી પશ્ચિમના રહેવાસી ક્લેટોન સેબેસ્ટિયન રોડ્રિગ્સ (30), જે કથિત રીતે કોલિંગ ઓપરેશન્સ અને ક્લોઝરનું સંચાલન કરતો હતો. અમદાવાદના મિર્ઝાપુરના રહેવાસી કપિલ હસમુખભાઈ પઢિયાર (39), જે કથિત રીતે લીડ ડેટા અને ઓપરેશનલ મટિરિયલનું સંચાલન કરતો હતો અમદાવાદના અખબારનગરના રહેવાસી ધવલ રાજેન્દ્રકુમાર દરજી (34), જે કથિત રીતે લીડ ડેટાના પેમેન્ટ પ્રોસેસર અને રીસીવર તરીકે કામ કરતો હતો.

# કૃષ્ણનગરમાં સામાન્ય વાતે તકરાર, બહેનને બચાવવા ગયેલા મોટા ભાઈનો ભોગ લેવાયો

## નાના ભાઈએ છરી વડે મોટા ભાઈના પેટના ભાગે ઘા ઝીંકી દીધા

**અમદાવાદ**

કૃષ્ણનગરમાં ચામુંડાની ચાલીમાં સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં ખૂનીખેલ ખેલાયો હતો. જેમાં એક ભાઈએ પોતાના જ સગા મોટા ભાઈ પર જીવલેણ હુમલો કરી તેની હત્યા નીપજાવી હતી. અમદાવાદ શહેરના ચામુંડાની ચાલીમાં બે ભાઈઓ પોતાના પરિવાર અને બહેન સાથે રહેતા હતા. મોટો ભાઈ કલરકામનો વ્યવસાય કરતો હતો, જ્યારે નાનો ભાઈ એમ્બ્રોઈડરીના વ્યવસાય સાથે જોડાયેલો હતો. આ બનાવના દિવસે મોટો ભાઈ ઘરમાં કલર કરી રહ્યો હતો, ત્યારે તેની બહેને નાના ભાઈને કામમાં થોડી મદદ કરવા માટે વિનંતી કરી હતી. બહેનની આ મદદની વાત સાંભળીને નાના ભાઈને ગુસ્સે આવ્યો અને બહેન પર હુમલો કરવા દોડ્યો હતો. બહેનને બચાવવા માટે જ્યારે મોટો ભાઈ વચ્ચે પડ્યો, ત્યારે આવેશમાં આવી ગયેલા નાના ભાઈએ છરી વડે મોટા ભાઈના પેટના ભાગે ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં લોહીલુહાણ થયેલા મોટા ભાઈને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, 2 તારીખે રાત્રે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું.

# બીમાર ગુજરાત : છેલ્લાં 3 વર્ષમાં 36.46 લાખ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયા

## આયુષ્માન કાર્ડના સહારે લાખો દર્દીઓની સારવાર, 3 વર્ષમાં અબજોનો ખર્ચ

**અમદાવાદ**

ગુજરાત આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે. એટલુ જ નહીં, દેશવિદેશના દર્દીઓ સારવાર મેળવવા ગુજરાત આવે છે તેવી ડીંગો હાંકવામાં આવી રહી છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે, ગુજરાતમાં બીમારીઓ પર કાબૂ મેળવાયો નથી. છેલ્લાં ત્રણેક વર્ષમાં જ ગુજરાતમાં 36.46 લાખ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયાં હતાં. આ પરથી જાણે 'બિમાર ગુજરાત'ની ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

દર વર્ષે રાજ્ય સરકાર બજેટમાં આરોગ્ય પાછળ કરોડો રૂપિયા ફાળવે છે તેમ છતાંય ગુજરાતમાં આરોગ્યની સ્થિતી સારી નથી. ખુદ કેન્દ્રીય આરોગ્ય વિભાગે જ ગુજરાતની અસલિયતની પોલ ખોલી છે જ્યારે કેન્દ્રીય આરોગ્ય વિભાગના મતે, વર્ષ 2022-23માં 9.15 લાખ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયા હતાં જ્યારે વર્ષ 2023-24માં હોસ્પિટલમાં દાખલ થનારાં દર્દીઓની સંખ્યા વધીને 12.80 લાખ થઈ હતી. વર્ષ 2024-25માં 14.51 લાખ દર્દીઓએ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી. આમ ત્રણ વર્ષમાં કુલ મળીને 36.46 લાખ દર્દીઓ નોંધાયા હતાં. આયુષ્યમાન કાર્ડને કારણે દર્દીઓને 10 લાખ સુધીની મફત સારવાર મળી રહે છે ત્યારે ત્રણ વર્ષમાં હોસ્પિટલમાં દાખલ થયેલાં દર્દીઓની સારવાર પાછળ કુલ મળીને રૂ.10,132 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

# ગુજરાત ડ્રગ્સનું હબ બન્યું, 6 વર્ષમાં 1.30 લાખ કિલો જપ્ત, દરિયા કિનારા હેરાફેરીનું એપિસેન્ટર

## અફઘાનિસ્તાનથી આવતું ચરસ સુગર કોકેઇન ઉચ્ચ ગુણવત્તાનું હોવાથી વધુ માંગ

**ગાંધીનગર**

ગુજરાત ડ્રગ્સ લેન્ડિંગ માફિયાઓ માટે હબ બની ગયું છે. 2020થી 2025 એમ 6 વર્ષમાં ગુજરાતમાંથી 1.30 લાખ કિલોથી વધુ ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં 71,487 કિલો ગાંજા, 56,477 કિલો અફીણ, 204 કિલો કોકેઈન અને 2047 કિલો સિન્થેટિક ડ્રગ્સનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, પીપાવાવ ગાંધીધામ, પોરબંદર વગેરે બંદરો ડ્રગ્સ માફિયાઓના હોટ ફેવરીટ બની ગયા છે. ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતના પોર્ટ અને દરિયાકિનારાને ડ્રગ્સની હેરાફેરીનું સેન્ટર બનાવી દીધું છે. ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી આવતા ડ્રગ્સને ગુજરાતની દરિયાઈ સીમામાંથી ઘુસાડાય છે અને પછી દેશમાં અન્ય કોઈ ઠેકાણે આ ડ્રગ્સ પહોંચાડાય છે.

ગુજરાતના બંદરો અને દરિયાઈ સીમામાં ઘુસાડાયેલા ડ્રગ્સની દેશના અન્ય પોર્ટ ઉપર અથવા તો દરિયામાં અધવચ્ચે ડિલિવરી કરાતી હોય છે અને તેને ખાનગી જગ્યાએ છુપાવી દેવામાં આવે છે. અફઘાનિસ્તાનથી આવતું ચરસ સુગર કોકઈન ઉચ્ચ ગુણવત્તાનું હોય છે અને તે ઈરાન થઈને વાયા કરાચી થઈ ગુજરાતના દરિયાકાંઠેથી પસાર કરાવીને બીજા દેશો સુધી પહોંચાડાય છે.

જાણકારોના મતે, ગુજરાતના યુવાનોમાં દેખાદેખીના કારણે દારૂના દૂષણે માઝા મૂકી છે. આ માટે કેટલાક સામાજિક કારણો પણ જવાબદાર છે.

# સુરતમાં પુત્રીના લગ્નના ચાર દિવસ પહેલાં જ બિલ્ડરે પોતાને ગોળી ધરબી

## ચાર દિવસ બાદ ઘેલાણીને બ્રેઈન ડેડ જાહેર કરાયા

**સુરત**

ડાયમંડ સિટી સુરતમાં પ્રખ્યાત રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ અને જોલી ગ્રુપના વડા તુષાર ઘેલાણીએ રવિવારે રાત્રે પોતાના ઘરમાં ગોળી મારીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે આખો પરિવાર તેમની પુત્રીના લગ્નની તૈયારીઓમાં વ્યસ્ત હતો. તેમને ગંભીર હાલતમાં મહાવીર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં 4 દિવસ પછી તેને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા.

આ ઘટના સિટીલાઈટ વિસ્તારમાં તુષાર ઘેલાણીના ઘરે રાત્રે 2 વાગ્યાની આસપાસ બની હતી. તુષારે તેની લાઈસન્સવાળી રિવોલ્વરમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીનો અવાજ સાંભળીને પરિવારના સભ્યો રૂમમાં દોડી ગયા અને આ દ્રશ્ય જોઈને ગભરાઈ ગયા હતા. તુષાર ઘેલાણી લોહીથી લથપથ ફ્લોર પર પડ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડોક્ટરોએ તેમને વેન્ટિલેટર પર રખાયા હતા. જો કે, બુધવારે સાંજે તેને બ્રેઈન ડેડ જાહેર કરાતા પરિવારે અંગદાનનો નિર્ણય કર્યો હતો.

# મહંત સ્વામીના જન્મદિવસની ઉજવણી સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ



## હજારો બાળકો દ્વારા સત્સંગ દીક્ષાના સ્મારક સામૂહિક પાઠ કરાયા : ચાર માસ ચાલેલા કાર્યક્રમમાં ભારતભરમાંથી 200,000 ભક્તોએ ભાગ લીધો

## સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને આધ્યાત્મિક પ્રવચન સાથે મહંત સ્વામી મહારાજના ઉપદેશોને ઉજાગર કરતા વીડિયો રજૂ કરાયા

**વડોદરા :** વડોદરામાં હજારો બાળકો દ્વારા સત્સંગ દીક્ષાના સ્મારક સામૂહિક પાઠ બાદ, ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે BAPS સ્વામિનારાયણ સંસ્થા માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ, હિન્દુ ગ્રંથના સૌથી મોટા એક સાથે પાઠ માટે સત્તાવાર રીતે માન્યતા આપી હતી. મહંત સ્વામી મહારાજને હૃદયપૂર્વક માન આપવા અને તેમના ૯૨મા જન્મદિવસની ઉજવણીના અનુસંધાનમાં ૩થી ૧૩ વર્ષની વયના ૧૨,૭૨૩ બાળકોએ સંપૂર્ણ સ્મૃતિ અને એકતામાં સત્સંગ દીક્ષાનું પાઠ કર્યું હતુ.

કાર્યક્રમની ઔપચારિક ચકાસણી ગિનિસ વર્લ્ડ રેકોર્ડના અધિકારીઓ દ્વારા કરાઈ હતી. જેઓ આ પ્રસંગે ઈંગ્લેન્ડથી આવ્યા હતા અને સમાપન સમારોહ દરમિયાન સત્તાવાર પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. વડોદરામાં પાંચ મહિના સુધી ચાલેલા જન્મજયંતિની ઉજવણીના ભવ્ય સમાપન કાર્યક્રમમાં ભારતભરમાંથી લગભગ ૨૦૦,૦૦૦ ભક્તોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મોટાપાયે સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, મહંત સ્વામી મહારાજના જીવન અને ઉપદેશોને ઉજાગર કરતા ખાસ વીડિયો રજૂ કરાયા હતા. વરિષ્ઠ BAPS સ્વામીઓ દ્વારા તેમની નમ્રતા, આધ્યાત્મિક ઊંડાણ અને નિઃસ્વાર્થ સેવા પ્રત્યેની આજીવન પ્રતિબદ્ધતા અંગેના પ્રવચનો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ખાસ મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને BAPSના વરિષ્ઠ સ્વામીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.



### મહંત સ્વામી દ્વારા આદિવાસી વિસ્તાર માટે મોબાઇલ સ્કૂલ પ્રોજેક્ટ શરૂ

આ પ્રસંગે અનેક મુખ્ય પહેલો શરૂ કરવામાં આવી હતી. મહંત સ્વામી મહારાજે "હર ઘર ઘર શિક્ષા કી જ્યોત જલે" થીમ હેઠળ આદિવાસી પ્રદેશોમાં શિક્ષણનો વિસ્તાર કરવાના હેતુથી એક મોબાઇલ સ્કૂલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

### સામૂહિક આરતીમાં હજારો દિવડા સાથે પ્રકાશનો ઝગમગાટ

કાર્યક્રમનું સમાપન ભક્તોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરીને કર્યું હતુ. ત્યારબાદ ખુલ્લા આકાશ નીચે સામૂહિક આરતી કરાઈ હતી. જે દરમિયાન હજારો દીવાઓના પ્રકાશથી ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે ઉત્સાહિત વાતાવરણ સર્જાયું હતુ. મહંત સ્વામી મહારાજે ભક્તોને શ્રદ્ધા, નમ્રતા અને સેવાના મૂળમાં રહેલું જીવન જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# કોરિયન લવ ગેમની લતમાં ફસાયેલી ત્રણ બહેનોનો આપઘાત

## ત્રણેય દીકરીઓના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવશે, ત્રણેય બહેનના પિતા ચેતનકુમારે બે લગ્ન કર્યાં હતા

**ગાઝિયાબાદ**

ગાઝિયાબાદમાં ગઈ કાલે વહેલી સવારે ૩ સગીર બહેનોએ તેમના બિલ્ડિંગના નવમા માળની બાલ્કનીમાંથી કૂદીને આત્મહત્યા કરી હતી, જેમાં તમામ બહેનોએ જીવ ગુમાવ્યા હતા. આ કેસ ઑનલાઈન ગેમિંગ સાથે જોડાયેલો છે. આ ઘટના ભારત સિટી સોસાયટીમાં બની હતી. પોલીસે જણાવ્યું હતું કે ‘સ્થાનિક રહેવાસીઓએ રાત્રે બે વાગ્યાની આસપાસ જોરદાર અવાજ સાંભળ્યો હતો અને તેમણે પોલીસને જાણ કરી હતી. ૧૬ વર્ષની નિશિકા, ૧૪ વર્ષની પ્રાચી અને ૧૨ વર્ષની પાખી નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પડી હતી અને તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પણ ડૉક્ટરોએ મૃત જાહેર કરી હતી.’

### સુસાઇડ-નોટમાં લખ્યુંઃ સોરી પાપા

બાળકીઓના રૂમમાં સામાન વેરવિખેર પડ્યો હતો. દીવાલો પર રાધા-કૃષ્ણની તસવીરો, સ્કેચ તથા એના પર ક્રોસનાં નિશાન જોવા મળ્યાં હતાં. કેટલાંક સ્લોગન પણ લખેલાં હતાં અને એના પર પણ ક્રોસનાં નિશાન હતાં. રૂમની ફર્શ પર ફેમિલી-ફોટો ચોંટાડેલા જોવા મળ્યા હતા. આ છોકરીઓ પપ્પાને ઘણી વાર કહેતી કે અમારે કોરિયા જવું છે. એક સુસાઇડ-નોટ પણ મળી આવી છે જેનું શીર્ષક ‘True Life Story’ આપ્યું છે અને એમાં અંગ્રેજી લિપિમાં હિન્દીમાં લખ્યું છે : ઇસ ડાયરી મેં જો કુછ ભી લિખા હૈ વો સબ પઢ લો, ક્યોંકિ યે સબ સચ હૈ. Read Now!! I’m really sorry, sorry papa.

એક કોરિયન ટાસ્ક આધારિત ઈન્ટરઍક્ટિવ ‘લવ ગેમ’ની વ્યસની બની હતી. ત્રણે એકસાથે જ ગેમ રમતી હતી. વચલી બહેન તેમની ડેથ કમાંડર હતી. ત્રણે બહેનો સાથે સ્કૂલમાં જતી હતી. છેલ્લા બે મહિનાથી તેઓ સ્કૂલમાં અનિયમિત હતી. તેમનાં માતા-પિતાએ મોબાઈલના વધારે પડતા ઉપયોગ સામે વાંધો ઉઠાવ્યો હતો. આથી ત્રણે પરેશાન હતી અને તેથી તેમણે આ પગલું ઉઠાવ્યું હશે એવું માનવામાં આવે છે.

પહેલી પત્નીની એક દીકરી અને બીજી પત્નીની બે દીકરીઓએ આત્મહત્યા કરી છે. ચેતનકુમાર વેપારી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઑનલાઈન ગેમ્સનો ઉપયોગ વધ્યો છે એમ જણાવીને પોલીસે કહ્યું હતું કે ‘ત્રણે બહેનોએ વારંવાર સ્કૂલમાં જવાનું પણ છોડી દીધું હતું. અમે તેમના મોબાઈલ ફોનની તપાસ કરી રહ્યા છીએ અને ઘટનાનો ક્રમ સમજવા માટે પરિવારના સભ્યો સાથે વાત કરી રહ્યા છીએ. અમારું માનવું છે કે આ ગેમના અંતિમ ટાસ્કના ભાગરૂપે આપવામાં આવેલી સૂચનાઓ સાથે આત્મહત્યાનો બનાવ જોડાયેલો હોઈ શકે છે.’

છોકરીઓના પિતા ચેતનકુમારે જણાવ્યું હતું કે ‘હું મારો ચહેરો કોઈને બતાવવા માગતો નથી. તેઓ નિયમિત કોરિયન ગેમ રમતી હતી, પરંતુ ક્યારેય અમને કોઈ વિગતો આપતી નહોતી. અમને એના વિશે કોઈ ખ્યાલ નહોતો. અમને ખબર નહોતી કે તેઓ કોઈ ખતરનાક ઑનલાઈન પ્રવૃત્તિમાં સામેલ છે. ૫૦ ટાસ્ક હતા. ગઈ કાલે છેલ્લો હતો. અમને કોઈ ખ્યાલ નહોતો. અમને સમજાયું નહીં કે તેમના જીવનમાં શું થઈ રહ્યું છે.’

# 2026ના પહેલા 15 દિવસમાં નવી દિલ્હીમાં 800થી વધુ લોકો ગુમ

**નવી દિલ્હી**

પોલીસ-ડેટા અનુસાર પહેલીથી ૧૫ જાન્યુઆરી વચ્ચે કુલ ૮૦૭ લોકો ગુમ થયા જેમાં ૫૦૯ મહિલાઓ અને છોકરીઓ તથા ૨૯૮ પુરુષો હતાં, રોજ સરેરાશ ૫૪ લોકો ગુમ થાય છે

૨૦૨૬ના પહેલા ૧૫ દિવસમાં દિલ્હીમાં ૮૦૦થી વધુ લોકો ગુમ થયા હોવાના અહેવાલ મળ્યા હતા, જેમાં લગભગ બેતૃતીયાંશ કેસ મહિલાઓ અને છોકરીઓના હતા. પહેલીથી ૧૫ જાન્યુઆરી દરમ્યાન કુલ ૮૦૭ લોકો ગુમ થયા હતા. આમ દરરોજ સરેરાશ ૫૪ લોકો ગુમ થાય છે. આમાંથી ૫૦૯ મહિલાઓ અને છોકરીઓ અને ૨૯૮ પુરુષો હતાં. ગુમ થયેલા કુલ કેસોમાં ૧૯૧ સગીરો હતા, જ્યારે ૬૧૬ પુખ્ત વયના લોકો ગુમ થયા હતા. લગભગ ૫૭૨ લોકો હજી પણ ગુમ છે, જ્યારે પોલીસ ગુમ થયેલી ૨૩૫ વ્યક્તિઓને શોધી કાઢવામાં સફળ રહી છે. માહિતી દર્શાવે છે કે પહેલીથી ૧૫ જાન્યુઆરી દરમ્યાન દરરોજ સરેરાશ ૧૩ બાળકો ગુમ થયાં હતાં. કુલ ૧૯૧ ગુમ થયેલા સગીરોમાંથી ૧૪૬ કેસ છોકરીઓના હતા. પોલીસને ૨૯ છોકરીઓ અને ૧૯ છોકરાઓ શોધવામાં સફળતા મળી છે,

# વાયુ પ્રદૂષણને કાબૂમાં રાખવા માટે સરકારે 7,094 કરોડનું આંધણ કર્યું : કેન્દ્રનો ખુલાસો

## 82 જેટલા શહેરોને મંત્રાલયની પ્રદૂષણ નિયંત્રણ યોજના માટે ભંડોળ પૂરું પડાયું

**નવી દિલ્હી**

દેશના મોટા અને મધ્યમ શહેરોમાં વધતા વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર ખર્ચ કર્યો છે. ખાસ કરીને રસ્તા પર ઉડતી ધૂળને કાબૂમાં રાખવા 7,000 કરોડથી વધુની રકમ ખર્ચાઈ હોવાનું લોકસભામાં જાહેર થયું છે. આ માહિતીથી સ્પષ્ટ થાય છે કે સરકાર હવે વાયુ પ્રદૂષણના મૂળ કારણો નિર્મૂળ કરવાની નીતિ અપનાવી રહી છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા સંસદમાં રજૂ કરાયેલી માહિતી મુજબ દેશના કુલ 130 શહેરોને રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ હેઠળ આવરી લેવાયા છે. તેમાંથી 48 ‘મિલિયન-પ્લસ’ શહેરોને 15મા નાણા પંચના ખાસ ફંડમાંથી સહાય અપાઈ છે, જ્યારે બાકીના 82 શહેરોને મંત્રાલયની પ્રદૂષણ નિયંત્રણ યોજના દ્વારા ભંડોળ પૂરું પડાયું છે. નોંધનીય છે કે, દસ લાખથી વધુની વસ્તી ધરાવતા શહેરને મિલિયન-પ્લસ શહેર કહેવાય છે.

લોકસભામાં 2 ફેબ્રુઆરીએ આપેલા લેખિત જવાબમાં કેન્દ્રીય રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા રસ્તાની ધૂળ નિયંત્રિત કરવા માટે કુલ 7,094.39 કરોડ ખર્ચ્યા છે. આ રકમમાં માર્ગ સફાઈ, પાણીનો છંટકાવ, વેક્યુમ સ્વીપર મશીનો અને બાંધકામ સ્થળો પર નિયંત્રણ જેવા પગલાંનો સમાવેશ થાય છે.

# ભારતની વધુ એક મોટી સિદ્ધિ : 54 દેશોના નવા આંતરરાષ્ટ્રીય ખનિજ ગઠબંધનની રચના કરાઈ

**નવી દિલ્હી**

વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં એક મોટું પરિવર્તન આવી રહ્યું છે. અત્યાર સુધી દુનિયાની શક્તિનો સ્ત્રોત ઓઈલ ગણાતું હતું, પરંતુ હવે ભવિષ્ય ‘ક્રિટિકલ મિનરલ્સ’ (મહત્વપૂર્ણ ખનિજો) પર ટકેલું છે. આ દિશામાં ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. અમેરિકાના નેતૃત્વમાં 54 દેશોના એક નવા આંતરરાષ્ટ્રીય ખનિજ ગઠબંધનની રચના કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચીનની વર્ષો જૂની એકહથ્થુ સત્તાને તોડવાનો છે.

હાલમાં રેર અર્થ અને સેમિકન્ડકટરમાં વપરાતા ખનિજો પર ચીનનો લગભગ 90 ટકા કબજો છે. આ પકડ ઢીલી કરવા માટે વોશિંગ્ટનમાં ‘2026 ક્રિટિકલ મિનરલ્સ મિનિસ્ટ્રીયલ’ બેઠક યોજાઈ હતી. જેમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો અને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની હાજરીમાં ભારતને આ ગઠબંધનનું કેન્દ્રબિંદુ બનાવવાની જાહેરાત કરાઈ હતી. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરની આ બેઠકમાં સક્રિય ભૂમિકા એ સંકેત આપે છે કે ભારત હવે માત્ર ખનિજોનો ગ્રાહક નહીં, પણ ગ્લોબલ સપ્લાયર બનશે.

અમેરિકાએ ભારત અને અન્ય વિશ્વસનીય ભાગીદારોમાં ખનિજ ખનન અને રિફાઈનિંગ (શુદ્ધિકરણ) માટે 30 અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે. આ ઉપરાંત, ભારતીય ઉત્પાદનો પરના ટેરિફ (ટેક્સ) 25% થી ઘટાડીને 18% કરી દેવાયા છે. આનાથી ભારતની બેટરીઓ, ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડકટર પ્રોડક્ટ્સ અમેરિકાના બજારમાં સસ્તી થશે અને નિકાસમાં ધરખમ ઉછાળો આવશે. નિષ્કર્ષ નિષ્ણાતો માને છે કે લિથિયમ, કોબાલ્ટ અને રેર અર્થ મિનરલ્સ પર જેનો કાબૂ હશે, તે જ દેશ આગામી દાયકાઓમાં વિશ્વ પર રાજ કરશે.

# મુંબઈમાં ગેસથી ભરેલા ફુગ્ગાના કારણે લિફ્ટમાં વિસ્ફોટ, યુવક-યવતી ઘાયલ

**મુંબઈ**

મહારાષ્ટ્રના મુંબઈમાંથી એક ભયાનક ઘટના બની છે, જેમાં હાઈડ્રોજન ગેસથી ભરેલા ફુગ્ગાના કારણે લિફ્ટની અંદર ભયાનક વિસ્ફોટ થયો છે. ગોરેગાંવ વિસ્તારમાં આવેલી એક બિલ્ડિંગમાં બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ અકસ્માતમાં લિફ્ટમાં સવાર એક યુવક અને એક યુવતી ઈજાગ્રસ્ત થયા છે.

આ ઘટના 2 ફેબ્રુઆરીની છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક યુવતી સૂટકેસ લઈને લિફ્ટમાં પ્રવેશે છે, તેની પાછળ એક વ્યક્તિ મોટા પ્લાસ્ટિકના બેગમાં ફુગ્ગાઓ લઈને અંદર આવે છે. લિફ્ટમાં પહેલા યુવતી જાય છે, પછી તે યુવક બેગ લઈને લિફ્ટમાં આવતો જોતો દેખા છે. જેવો આ યુવક લિફ્ટના ખૂણામાં ઉભો રહેવા જાય છે, ત્યારે જ અચાનક ફુગ્ગાઓમાં જોરદાર બ્લાસ્ટ જતો દેખાય છે.

વિસ્ફોટ એટલો ભયાનક હતો કે, થોડીવારમાં આખી લિફ્ટ આગની લપેટમાં આવી ગઈ હતી. તે જ સમયે એક અન્ય વ્યક્તિ પણ લિફ્ટમાં પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. આગની જ્વાળાઓ એટલી ભયાનક હતી કે લિફ્ટમાં લાગેલા કેમેરા પર પણ તેની અસર જોવા મળી હતી.

# એડીએજીની કંપનીઓ સામે તપાસમાં વિલંબ, સુપ્રીમ નારાજ

**નવી દિલ્હી**

તપાસમાં અસમાન્ય વિલંબ બદલ નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપ (એડીએજી), અનિલ અંબાણી અને ગ્રુપ કંપનીઓની સંડોવણીવાળા ૪૦,૦૦૦ કરોડ રૂપિયાની બેકિંગ અને કોર્પોરેટ છેતરપિંડીના કેસમાં સીબીઆઈ અને ઈડીને નિષ્પક્ષ અને ત્વરિત તપાસ કરવાનો આદેશ આપ્યા છે. અનિલ અંબાણી વતી હાજર થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગી સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે તેમના અસીલ પૂર્વ મંજૂરી વગર દેશ છોડીને જશે નહીં. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ એમ પંચોલીની બનેલી ખંડપીઠે અંબાણી અને એડીએજી કંપનીઓની વિરુદ્ધ ચાલી રહેલી તપાસ અંગે સીબીઆઈ અને ઈડી પાસે ચાર સપ્તાહની અંદર નવો સ્ટેટ્સ રિપોર્ટ માંગ્યો છે.

# ચૂંટણી પંચના ‘SIR’થી લોકશાહીને બચાવો પ. બંગાળના મમતાની સુપ્રીમ કોર્ટમાં અરજી

## દલીલ કરવા મમતા પોતે જ અદાલતમાં પહોંચી ગયા

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સર્વોચ્ચ અદાલતને મતદારયાદી સુધારણાની પ્રક્રિયા(સર)માં દખલગીરી કરીને લોકશાહી બચાવવા બુધવારે વિનંતિ કરી હતી. સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરનાર મમતા બેનરજી પહેલાં સીએમ બન્યાં હતાં.

તેમણે આક્ષેપ કર્યો હતો કે મતદારયાદી સુધારણાની પ્રક્રિયામાં પશ્ચિમ બંગાળના લોકોને લક્ષ્ય બનાવીને તેઓને હેરાન કરાઇ રહ્યા છે.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સાચા મતદારોને મતદારયાદીમાં રાખવા જ જોઈએ.મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બૅન્ચે ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનરને આ સંબંધમાં નૉટિસ આપીને તેઓની પાસે નવ ફેબ્રુઆરી સુધીમાં જવાબ માગ્યો હતો.

મમતા બેનરજીએ સવાલ કર્યો હતો કે મતદારયાદી સુધારણાની પ્રક્રિયામાં પશ્ચિમ બંગાળ જેવી નીતિ આસામમાં શું કામ નથી અપનાવાતી?

# પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે પર 24 કલાકથી લાંબો ટ્રાફિકજામ, હજારો વાહનચાલકો પરેશાન

**પુણે**

મુંબઈ-પૂણે એક્સપ્રેસ વે પર 24 કલાકથી વધારે સમય પસાર થયા બાદ પણ ટ્રાફિકજામની સ્થિતિ ગંભીર બનેલી છે. ખંડાલા ઘાટની આડોશી સુરંગની પાસે મંગળવારે સાંજે લગભગ 5 વાગ્યે કેમિકલથી ભરેલું એક ગેસ ટેન્કર મુંબઈ તરફ જતી લેનમાં પલટી ગયું હતું. આ અકસ્માત બાદ ટેન્કરમાંથી ગેસ ગળતર શરૂ થઈ ગયું, જેનાથી સમગ્ર વિસ્તારમાં જોખમભરી સ્થિતિ ઉભી થઈ. આ દુર્ઘટનાના કારણે મુંબઈ તરફથી આવતા ટ્રાફિકને સુરક્ષાના કારણે પુરી રીતે બંધ કરવામાં આવ્યો છે. તેની અસર બંને દિશાઓમાં જોવા મળી રહી છે. એક્સપ્રેસ વે પર લગભગ 20થી 22 કિલોમીટર સુધી ગાડીઓની લાંબી લાઈનો લાગી ગઈ છે.

# મેઘાલયમાં કોલસાની ખાણમાં ભયાનક વિસ્ફોટ, 16 શ્રમિકોના મોત

## અનેક લોકો ફસાયાની આશંકા, સુરક્ષાને ધ્યાને રાખીને રેટ-હોલ કોલસાની ખાણમાં અયોગ્ય રીતે ચાલી રહેલું કામ બંધ કરાવાયું

**ઈમ્ફાલ**

મેઘાલયના પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લામાં આજે (5 ફેબ્રુઆરી) એક ગેરકાયદે કોલસાની ખાણમાં ભયાનક વિસ્ફોટ થયો હતો. ઘટનામાં 16 શ્રમિકોના મોત અને અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. હાલ ઘટનાસ્થળે પુરજોશમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. પોલીસ મહાનિદેશક આઈ.નોંગરાંગે ઘટના અંગે માહિતી આપતા કહ્યું કે, 'થાંગસ્કૂ વિસ્તારમાં આવેલી કોલસાની ખાણમાં સવારે વિસ્ફોટ થયો છે. બચાવ ટુકડી ફસાયેલા લોકોને શોધવા અને બહાર કાઢવા માટે કામગીરી કરી રહ્યા છે.'



તેમણે કહ્યું કે, 'ઘટના સ્થળેથી અત્યાર સુધીમાં 16 લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. વિસ્ફોટ સમયે ખાણમાં કેટલા શ્રમિકો હતા, તેની વિગતો સામે આવી નથી. ખાણની અંદર અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. ઈસ્ટ જૈતિયા હિલ્સના પોલીસ અધિક્ષક વિકાશ કુમારે કહ્યું કે, એક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગંભીર સ્થિતિ હોવાના કારણે તે યુવકને શિલોન્ગની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

કોલસાની ખાણમાં ખાણકામ ચાલી રહ્યું હતું ત્યારે વિસ્ફોટ થયો હોવાની પોલીસને આશંકા છે. રિપોર્ટ મુજબ આ ખાણ ગેરકાયદેસર રીતે ચાલી રહી હતી. જ્યારે પોલીસે પૂછપરછ અને તપાસ કરી ત્યારે ખાણ ગેરકાયદે હોવાનું સામે આવ્યું છે. જોકે વિસ્ફોટ થવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી અને તેની તપાસ કરવામાં આવશે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)એ વર્ષ 2014માં મેઘાલયના પર્યાવરણને થતા નુકસાનને બચાવવા માટે અને સુરક્ષાને ધ્યાને રાખીને રેટ-હોલ કોલસાની ખાણ અને અયોગ્ય રીતે ચાલી ખાણકામની પ્રવૃતિઓ બંધ કરાવી દીધી હતી. આ સાથે જ ટ્રિબ્યુનલે આ પદ્ધતિથી કાઢવામાં આવેલા કોલસાની ગેરકાયદેસર અવરજવર પર પણ સંપૂર્ણ રોક લગાવી દીધી હતી.

# ચોરી કરવી એમનો ખાનદાની ધંધો મહાત્મા ગાંધીની સરનેમ ચોરી : મોદી

**નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે દુનિયા પડકારો સામે ઝઝૂમી રહી છે. નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે. મહિલાઓ-યુવાનોનો વિકાસ અમારો ટાર્ગેટ છે. આ બાજુ વિપક્ષે વોકઆઉટ કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધી પરિવાર પર અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ચોરી કરવી તેમનો ખાનદાની ધંધો છે. પીએમે કહ્યું કે, સત્તા મેળવવા માટે તેમણે મહાત્મા ગાંધીની સરનેમ પણ ચોરી લીધી, જેથી તેઓ પોતાની ખામીઓ છુપાવી શકે અને દેશની જનતાને ગુમરાહ કરી શકે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના નેતા રવનીત સિંહ બિટ્ટુને ગદ્દાર કહેવા પર રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કાલે એક શાંત મગજવાળા યુવરાજે એક સાંસદને ગદ્દાર કહી દીધા. તેમનો અહંકાર તો જુઓ, યુવરાજે શીખ સાંસદને ગદ્દાર કહ્યા.

# જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર જિલ્લામાં જૈશના ટોપ કમાન્ડર માવી સહિત 2 આતંકવાદી ઠાર

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢ વિસ્તારમાં સુરક્ષા દળોએ બે દિવસ સુધી ચાલેલા ભીષણ એન્કાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના બે પાકિસ્તાની આતંકીઓને ઠાર માર્યા છે. મંગળવારે શરૂ થયેલું આ ઓપરેશન બુધવારે બપોરે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. ઠાર થયેલા આતંકીઓ પૈકી એકની ઓળખ જૈશના ટોપ કમાન્ડર અબુ માવિ તરીકે થઈ છે, જે લાંબા સમયથી આ વિસ્તારમાં સક્રિય હતો.

ભારતીય સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPFએ ગુપ્ત માહિતીના આધારે રામનગરના જોફડ-માર્તા જંગલ વિસ્તારમાં આ ઓપરેશન હાથ ધર્યું હતું. આતંકવાદીઓ જંગલમાં આવેલી એક ગુફામાં છુપાયા હતા. મંગળવારે સાંજે ચાર વાગ્યાની આસપાસ સુરક્ષા દળો સાથે પ્રથમ સંપર્ક થયો હતો. ત્યારબાદ આતંકીઓએ અંધારાનો લાભ લઈ ભાગવાનો પ્રયાસ કર્યો અને ફાયરિંગ કર્યું હતું, પરંતુ સતર્ક જવાનોએ ઘેરાબંધી વધુ મજબૂત બનાવી દીધી હતી.

આખી રાત આ વિસ્તાર પર ડ્રોન અને ડોગ સ્ક્વોડ દ્વારા નજર રાખવામાં આવી હતી. બુધવારે વહેલી સવારે સેનાએ અંતિમ કાર્યવાહી શરૂ કરી અને બંને આતંકીઓને ઠાર માર્યા હતા. આ દરમિયા આતંકીઓ પાસેથી હથિયારો અને મોટી માત્રામાં વિસ્ફોટક અને દારૂગોળો સૂત્રોના જણાવ્યાનુસાર, માવિયા પાકિસ્તાની આતંકવાદી હતો અને જમ્મુ ડિવિઝનમાં આતંકવાદી નેટવર્ક મજબૂત કરવાનું કામ કરી રહ્યો હતો. તેના મોતથી જૈશના આંતરમાળખાને મોટો ફટકો પડ્યો છે.

# મુંબઈમાં દિવ્યાંગ યુવતી દુષ્કર્મ પછી ગર્ભવતી 17ના DNA ટેસ્ટ બાદ પિતા આરોપી નીકળ્યો

## ભ્રૂણનો જેનિટિક ડેટા માત્ર યુવતીના પિતા સાથે જ મેચ થતા સમગ્ર માહિતી બહાર આવી

**મુંબઈ**

મુંબઈના કફ પરેડ વિસ્તારમાંથી માનવતાને શર્મસાર કરનારી એક ઘટના સામે આવી છે, જ્યાં એક 20 વર્ષીય દિવ્યાંગ યુવતી પર તેના જ પિતાએ દુષ્કર્મ ગુજાર્યું હતું જેનાથી તે ગર્ભવતી થઈ ગઈ હતી. લાંબી તપાસ અને 17 જેટલા શંકાસ્પદોના DNA ટેસ્ટ બાદ આખરે ક્રૂર સત્ય બહાર આવ્યું અને પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી છે.

સપ્ટેમ્બર 2025માં જ્યારે યુવતીએ તેની દાદીને પેટમાં તકલીફ હોવાની ફરિયાદ ઈશારામાં કરી, ત્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. મેડિકલ તપાસમાં જાણવા મળ્યું કે યુવતી પાંચ મહિનાની ગર્ભવતી છે. હોસ્પિટલ પ્રશાસને તુરંત પોલીસને જાણ કરી હતી. શરૂઆતમાં પિતાએ કોઈ પણ પ્રકારના જાતીય શોષણના સવાલોને નકારી કાઢ્યા હતા અને પોલીસ ફરિયાદ કરવાનો પણ વિરોધ કર્યો હતો.

યુવતી બોલી શકતી ન હોવાથી પોલીસને નિવેદન લેવામાં ઘણી મુશ્કેલી પડી હતી. કાઉન્સેલિંગ બાદ યુવતીએ ઈશારાથી જે માહિતી આપી તેના આધારે પોલીસે પહેલા એક પુરુષ અને 17 વર્ષના છોકરાની અટકાયત કરી હતી. જોકે, પાકા પુરાવા માટે પોલીસે પિતા સહિત 17લોકોના DNA સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા હતા. 27 જાન્યુઆરી 2026ના રોજ આવેલા રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે ભ્રૂણનો જેનિટિક ડેટા માત્ર યુવતીના પિતા સાથે જ મેચ થાય છે.

# બિહારમાં જમીન-પૈસાની લેતીદેતી મુદ્દે આખા બ્રાહ્મણ સમાજ સામે કેસ દાખલ

**પટના**

બિહારના દરભંગા જિલ્લાના એક ગામમાં અજીબોગરીબ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કુશેશ્વરસ્થાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા હરિનગર ગામમાં જમીન અને પૈસાની લેણદેણના વિવાદમાં એક વ્યક્તિએ ગામના આખા બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ મામલામાં અશર્ફી પાસવાન નામની વ્યક્તિએ અંદાજે 70 બ્રાહ્મણ સામે નામજોગ અને 150 અજાણ્યા લોકો સામે એફઆઈઆર નોંધાવી છે. એટલે કે એક જ ઝાટકે આખા ગામના બ્રાહ્મણો સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.

આ ઘટનાની વિગતો મુજબ અશરફી પાસવાને પોલીસ ફરિયાદ કરી છે કે, આ મૂળ વિવાદ 2015માં શરૂ થયો હતો. મારા ભાઈ કૈલાશ પાસવાને એક મકાન બાંધકામના બાકી નીકળતા રૂ. 2.5 લાખ હેમંત ઝાને ચૂકવવાના થતા હતા. આ બાકી રકમની માંગણીને લઈને 31 જાન્યુઆરીની રાત્રે અથડામણ થઈ હતી, જેમાં મહિલાઓ અને એક છોકરીને ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના બાદ અશર્ફી પાસવાને 70 બ્રાહ્મણ સામે નામજોગ અને 150 અજાણ્યા લોકો વિરુદ્ધ એસસી-એસટી (SC-ST) એક્ટ હેઠળ ગંભીર આક્ષેપો સાથે કેસ નોંધાવ્યો છે.

# પ્રશાંત કિશોરની પાર્ટી સુપ્રીમ કોર્ટમાં, ચૂંટણીની તારીખ બદલવાની માંગણી

**પટના**

પ્રશાંત કિશોરની પાર્ટી જન સૂરજે ચૂંટણી પંચ પાસે બિહારની ચાર વિધાનસભા બેઠકો માટે 13 નવેમ્બરે યોજાનારી પેટાચૂંટણીની તારીખ બદલવાની માગણી કરી હતી, પરંતુ ચૂંટણી પંચે તેમની માગને ફગાવી દીધી હતી. જેનાથી નારાજ પ્રશાંત કિશોરે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. ચૂંટણી પંચે બિહારમાં પેટાચૂંટણીની તારીખ ન લંબાવવા સામે જન સૂરજ પાર્ટીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. જન સૂરજ પાર્ટીએ પણ 29 ઓક્ટોબર અને 5 નવેમ્બરે ચૂંટણી પંચને પત્ર લખીને બિહારમાં પેટાચૂંટણીની તારીખ બદલવાની માગ કરી હતી. આમ છતાં ચૂંટણી પંચે તેમની માગ પર ધ્યાન ન આપ્યું, જેના કારણે તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.

# નેપાળથી તૂર્કિયે જતી ફ્લાઇટનું કોલકાતામાં લેન્ડિંગ, વિમાનના એન્જિનમાં આગની શંકા

## 236 મુસાફરો સુરક્ષિત, નિષ્ણાતોની ટીમ દ્વારા તપાસ કરાઇ

**કોલકાતા**

નેપાળના કાઠમંડુથી તૂર્કિયેના ઈસ્તંબુલ જઈ રહેલી ટર્કિશ એરલાઈન્સની ફ્લાઈટ નંબર-727નું બુધવારે કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

કોલકાતા ઍરપોર્ટના ડાયરેક્ટર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ, વિમાનના કૅપ્ટને કોલકાતા એર ટ્રાફિક કંટ્રોલ(ATC)ને જમણી બાજુના એન્જિનમાં આગ લાગી હોવાની અથવા ધુમાડો નીકળવાની સંભાવના અંગે જાણ કરી હતી. આ માહિતી મળતાં જ ઍરપોર્ટ પર સંપૂર્ણ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી અને બપોરે આશરે 2:49 વાગ્યે વિમાનને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યું હતું.

લેન્ડિંગ બાદ વિમાનમાં સવાર તમામ 236 મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા છે. હાલમાં વિમાનને ઍરપોર્ટના આઈસોલેશન બેમાં રાખવામાં આવ્યું છે, જ્યાં ટેકનિકલ નિષ્ણાતોની ટીમ તેની તપાસ કરી રહી છે.

# યોગી સરકારનો મોટો નિર્ણય ચાઈનીઝ દોરીથી મોત થશે હત્યાનો ગુનો નોંધાશે

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં ચાઈનીઝ દોરીના કારણે સતત વધી રહેલા અકસ્માતોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હવેથી ચાઈનીઝ દોરીના કારણે થતા મોતને માત્ર અકસ્માત નહીં, પરંતુ 'હત્યા' ગણવામાં આવશે. ચાઈનીઝ દોરીના વેચાણ અને સ્ટોક વિરુદ્ધ તાત્કાલિક દરોડા પાડવાના આદેશ આપ્યા છે. ગેરકાયદેસર રીતે દોરી વેચનારાઓ વિરુદ્ધ વિશેષ અભિયાન ચલાવવામાં આવે અને કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. આ સમગ્ર કાર્યવાહીની સમીક્ષા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે જેથી કરીને કોઈ પણ પ્રકારની બેદરકારી ન રહે.

# ક્રિકેટના મહાકુંભ ટી-૨૦ વર્લ્ડકપનો શુક્રવારથી પ્રારંભ

## ૨૦ ફેબ્રુઆરી સુધી ગ્રુપ સ્ટેજ ચાલશે : ૭મીએ ભારતની પહેલી મેચ : ગ્રૂપ સ્ટેજમાં ૪૦ અને સુપર ૮માં ૧૨ મેચનો જંગ

**નવી દિલ્હી**

૭મી ફેબ્રુઆરીથી પ્રારંભ થતાં ક્રિકેટના મહાકુંભ 'ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬' આ વખતે શ્રીલંકા અને ભારતના સંયુક્ત ઉપક્રમે યોજાવા જઈ રહ્યો છે ત્યારે ICC એ ફોર્મેટ વેન્યુ અને નિયમોમાં કરેલા ફેરફારોને કારણે ટૂર્નામેન્ટ વધુ રોમાંચક બનશે. ખાસ કરીને પાકિસ્તાનની મેચો અને ફાઈનલના સ્થળને લઈને જે જોગવાઈઓ કરવામાં આવી છે તે ચર્ચાનો વિષય છે. કુલ ૫૫ મેચોના આ સંગ્રામમાં સુપર-૮ નું ગણિત અને 'સીડિંગ' સિસ્ટમ પણ સમજવી જરૂરી છે. આ વખતે વર્લ્ડ કપમાં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે, જેમને ૫-૫ ટીમોના ચાર ગ્રુપ (A, B, C, D) માં વહેંચવામાં આવી છે. ૭ ફેબ્રુઆરીએ શ્રીલંકાના કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે મુકાબલાથી ટૂર્નામેન્ટનો પ્રારંભ થશે, જ્યારે તે જ દિવસે સાંજે ભારત પોતાની પ્રથમ મેચ વાનખેડે સ્ટેડિયમમાં રમશે. ૨૦ ફેબ્રુઆરી સુધી ગ્રુપ સ્ટેજ ચાલશે જેમાં દરરોજ ત્રણ-ત્રણ મેચો રમાશે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ ફાઈનલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. પરંતુ, જો પાકિસ્તાન ફાઈનલમાં પ્રવેશશે, તો ફાઈનલ અમદાવાદથી શિફ્ટ કરીને કોલંબો ખસેડવામાં આવશે.




### ભારત સામે રમવાનો પાકિસ્તાનનો ઈનકાર

**T20 વર્લ્ડકપ 2026'ની શરૂઆતના બે દિવસ પહેલા પાકિસ્તાને નાટકો શરૂ કરતા ભારત સામે મેચો રમવાનો ઈન્કાર કર્યો હતો, ત્યારે હવે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે બુધવારે જાહેરાત કરી હતી કે, તેમની ટીમ ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી હાઈ-પ્રોફાઇલ મેચનો ઈસ્લામાબાદે બહિષ્કાર કરીને ટુર્નામેન્ટના નિયમોનો ભંગ કર્યો છે.**

#### અમારી કોલંબોના ફ્લાઈટની ટિકિટ બુક છેઃ સૂર્યકુમાર

ભારતીય ટી૨૦ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે ટીમ ઈન્ડિયા પોતાના પ્લાન મુજબ જ આગળ વધશે અને કોલંબો જવા માટે તૈયાર છે. મુંબઈમાં યોજાયેલા 'કેપ્ટન્સ ડે' કાર્યક્રમ દરમિયાન સૂર્યકુમાર યાદવે મીડિયા સાથેની વાતચીતમાં ભારત-પાક મેચને લઈને ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો હતો.

#### ભારત સામે રમવુ અમારા નિયંત્રણમાં નથી : સલમાન આગા

શ્રીલંકામાં યોજાયેલી 'કેપ્ટન્સ ડે' મીટમાં પાકિસ્તાનના સુકાની સલમાન અલી આગાએ જણાવ્યું હતું કે, ભારત સામે રમવું કે નહીં તે નિર્ણય તેમના નિયંત્રણમાં નથી. સલમાન આગાએ જણાવ્યું હતું કે 'ભારત સાથેની મેચ અમારા કંટ્રોલમાં નથી. આ સંપૂર્ણપણે અમારી સરકાર અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનો નિર્ણય છે. અમે તેમના નિર્ણયનું સન્માન કરીએ છીએ.'

### અમેરિકાનો કેપ્ટન ગુજરાતી

## ટી20 વર્લ્ડકપમાં વિદેશી ટીમોમાં કુલ 40 ખેલાડી મૂળ ભારતીય!

ભારતમાં સાતમી ફેબ્રુઆરીથી T20 વર્લ્ડકપ શરૂ થવાનો છે, જેને લઈને ક્રિકેટના રસિયાઓમાં પણ પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, આ વખતના વર્લ્ડકપમાં વિદેશી ટીમોમાં કુલ 40 ખેલાડી મૂળ ભારતીયો છે. આ 40માંથી કેટલાક ખેલાડીઓ એવા છે, જેમણે ભારત તરફથી રમવાનું સપનું જોયું હતું, જોકે વર્તમાન સમયમાં ખૂબ સ્પર્ધા ચાલતી હોવાના કારણે તેઓ અન્ય દેશોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. હવે આ મૂળ ભારતીયોને વિશ્વમંચ પર પોતાની ઓળખ ઉભી કરવાની તક મળી છે અને ફરક એટલો જ છે કે, તેઓની માત્ર જર્સી અલગ છે.

#### કંઈ ટીમમાં કેટલા મૂળ ભારતીય ખેલાડીઓ

આ વખતના વર્લ્ડકપમાં કુલ 20 ટીમો ભાગ લેવાની છે, જેમાં કેનેડાની ટીમમાં સૌથી વધુ 11 મૂળ ભારતીયો સામેલ છે. ત્યારબાદ અમેરિકામાં 9, ઓમાન અને યુએઈમાં 7-7, ન્યૂઝીલેન્ડમાં 2 અને દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ, ઈટાલી અને નેધરલેન્ડ્સમાં 1-1 મૂળ ભારતીય ખેલાડીઓ સામેલ છે.

**મૂળ ભારતીય ખેલાડીઓની યાદી :** ● કેનેડા : દિલપ્રીત બાજવા (કેપ્ટન), અજયવીર હુંડલ, અંશ પટેલ, હર્ષ ઠાકર, જસકરણદીપ બુટ્ટર, કંવરપાલ તાથગુર, નવનીત ધાલીવાલ, રવિંદરપાલ સિંહ, શિવમ શર્મા, શ્રેયસ મોવા, યુવરાજ સમરા ● અમેરિકા : મોનાંક પટેલ (કેપ્ટન), જેસી સિંહ, મિલિંદ કુમાર, નોસ્થુષ કેનજિગે, સાઈતેજા મુક્કામાલા, સંજય કૃષ્ણમૂર્તિ, હરમીત સિંહ, સૌરભ નેત્રવલકર, શુભમ રંજાને ● ઓમાન : જતિંદર સિંહ (કેપ્ટન), વિનાયક શુક્લા, કરણ સોનાવલે, જય ઓડેડરા, આશિષ ઓડેડરા, વસીમ અલી, જિતેન રામાનંદી ● યુએઈ : અલીશાન શરાફૂ, આર્યાંશ શર્મા, ધ્રુવ પરાશર, હર્ષિત કૌશિક, મયંક કુમાર, સિમરનજીત સિંહ, સોહૈબ ખાન ● ન્યૂઝીલેન્ડ : ઈશ સોઢી, રચિન રવીન્દ્ર ● દક્ષિણ આફ્રિકા : કેશવ મહારાજ ● વેસ્ટઈન્ડીઝ : ગુડાકેશ મોટી ● ઈટાલી : જસપ્રીત સિંહ ● નેધરલેન્ડ : આર્યન દત્ત

# T-20 વર્લ્ડ કપ પહેલાં ICC રેન્કિંગ જાહેર

## ટીમ ઈન્ડિયા નંબર 1, ઈશાનની મોટી છલાંગ

**દુબઈ**

ભારત અને શ્રીલંકામાં 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા ICC T20 વર્લ્ડ કપ 2026 પહેલા ICC દ્વારા છેલ્લી વખત T20 રેન્કિંગ અપડેટ કરવામાં આવ્યું છે. આ મેગા ઈવેન્ટમાં ભાગ લેનારી ટીમો વચ્ચેની છેલ્લી T20 ઈન્ટરનેશનલ મેચ 3 ફેબ્રુઆરીએ રમાઈ હતી. T20 વર્લ્ડ કપ 2024ની ચેમ્પિયન ભારતીય ટીમ વર્લ્ડ કપ પહેલા પણ ICC T20 રેન્કિંગમાં નંબર વન પર યથાવત છે. બીજા સ્થાને ઓસ્ટ્રેલિયાની ટીમ છે, જ્યારે પાકિસ્તાનની ટીમ ટોપ-5 માંથી બહાર છે. ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે વર્લ્ડ કપ પહેલા છેલ્લી T20 ઈન્ટરનેશનલ સિરીઝ રમાઈ હતી, જેમાં ઈંગ્લેન્ડે યજમાન શ્રીલંકાને 3-0 થી હરાવ્યું હતું. જોકે, આ મોટી જીત છતાં ઈંગ્લેન્ડ અને શ્રીલંકાના રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડ હજુ પણ ત્રીજા નંબરે છે, જ્યારે શ્રીલંકા આઠમા સ્થાને છે. બીજી તરફ, તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામે 3-0 થી સિરીઝ હારવા છતાં પાકિસ્તાનની ટીમ વેસ્ટ ઈન્ડિઝને પાછળ છોડી છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. નોંધનીય છે કે બાંગ્લાદેશ એકમાત્ર એવો દેશ છે જે ટોપ-10 માં હોવા છતાં આ વખતે T20 વર્લ્ડ કપ રમી રહ્યો નથી. બાંગ્લાદેશે ભારતમાં રમવાનો ઈનકાર કરતા ICCએ તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું હતું, જેના કારણે 14મા સ્થાને રહેલી સ્કોટલેન્ડની ટીમને વર્લ્ડ કપમાં તક મળી છે. ટોપ-20 રેન્કિંગની 19 ટીમો આ વર્લ્ડ કપ રમી રહી છે, જ્યારે 27મા ક્રમની ટીમ ઈટાલી પણ આ વખતે ટુર્નામેન્ટનો હિસ્સો છે.

## એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ઈશા સિંહને ગોલ્ડ મેડલ : સમ્રાટ રાણાને બ્રોન્ઝ

**નવી દિલ્હી**

ભારતની યજમાનીમાં યોજાઈ રહેલી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપ (પિસ્તોલ/રાઈફલ) ના પ્રથમ દિવસે ઓલિમ્પિયન ઈશા સિંહે મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતવાની સાથે-સાથે ભારતને ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, પુરુષ વર્ગમાં વર્લ્ડ ચેમ્પિયન સમ્રાટ રાણાએ બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડયો હતો.૨૧ વર્ષીય ઈશા સિંહે ફઈનલની શરૂઆતમાં પાછળ રહ્યા બાદ જબરદસ્ત વાપસી કરી હતી. તેણે ૨૩૯.૮ ના સ્કોર સાથે



ગોલ્ડ મેડલ પર નિશાન સાધ્યું હતું. ઈશા સિંહે સતત બીજીવાર એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડમેડલ મેળવ્યો છે. શરૂઆતના ૧૦ શોટ બાદ લીડમાં રહેલી ૧૯ વર્ષીય સુરુચિ એલિમિનેશન રાઉન્ડમાં પાછળ રહી જતા ચોથા સ્થાને રહી હતી. જ્યારે પેરિસ ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ જીતનાર સ્ટાર શૂટર મનુ ભાકર ફઈનલમાં લય ગુમાવતા સાતમા સ્થાને રહી હતી.

## સ્ટીવ સ્મીથે PSL સાથે કરાર કર્યા

**સિડની :** ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન સ્ટીવ સ્મિથને IPL 2026 માટે કોઈ પણ ટીમે નથી ખદીદ્યો. પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્ટીવ સ્મિથ પાકિસ્તાન સુપર લીગ એટલે કે PSLની 2026ની સિઝનમાં રમશે. એક ટીમ સાથે તેનો કરાર પણ થઈ ચૂક્યો છે, જે અંગે ટૂંક સમયમાં ઓફિશિયલ એલાન થવાની શક્યતા છે. મંગળવાર 3 ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે PSLની રિટેન્શન લિસ્ટ જારી કરી છે. પાકિસ્તાન સુપર લીગ 2026માં બે નવી ટીમો સામેલ થઈ છે. એક અહેવાલ પ્રમાણે સ્ટીવ સ્મિથ આમાંથી એક ટીમ સિયાલકોટ સ્ટેલિયન્સ માટે રમતો જોવા મળશે.

## WPL 2026 Final : RCBએ ઈતિહાસ રચ્યો, બીજી વખત ચેમ્પિયન બન્યું



### દિલ્હીની હાર, સ્મૃતિ-જોર્જિયાની તોફાની બેટિંગ

**વડોદરા :** વડોદરાના કોટામ્બી સ્ટેડિયમ ખાતે રમાયેલી વુમન પ્રીમિયર લીગ 2026ની હાઈવોલ્ટેજ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સને છ વિકેટે હરાવીને બીજી વખત ચેમ્પિયન બન્યું છે. દિલ્હીએ આપેલા 204 રનનો વિશાળ લક્ષ્યાંક બેંગલુરુએ છેલ્લા ઓવરના ચોથા બોલે હાંસલ કર્યો હતો. બેંગલુરુ અગાઉ 2024માં ટાઈટલ જીત્યું છે, જ્યારે દિલ્હી કેપિટલ્સ સતત ચાર સિઝન ફાઈનલમાં પહોંચવા છતાં ફરી એકવાર ટ્રોફી જીતવાથી વંચિત રહી ગયું છે.

ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી આરસીબીની શરૂઆત ખરાબ રહી હતી અને ગ્રેસ હેરિસ માત્ર 9 રને આઉટ થઈ ગઈ હતી, પરંતુ ત્યારબાદ કેપ્ટન સ્મૃતિ મંધાના અને જોર્જિયા વોલે બાજી સંભાળી હતી. આ બંને ખેલાડીઓ વચ્ચે બીજી વિકેટ માટે 92 બોલમાં 165 રનની ઐતિહાસિક ભાગીદારી થઈ હતી, જે વુમન પ્રીમિયર લીગમાં કોઈ પણ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી છે. વોલે 54 બોલમાં 79 રનનું પ્રદાન આપ્યું હતું, જ્યારે કેપ્ટન સ્મૃતિ મંધાનાએ 41 બોલમાં 12 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 87 રનની આક્રમક ઈનિંગ રમી હતી. અંતિમ ઓવરમાં જીત માટે 10 રનની જરૂર હતી ત્યારે રાધા યાદવે બે ચોગ્ગા ફટકારીને ટીમને જીત અપાવી હતી. આ અગાઉ દિલ્હી કેપિટલ્સે ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 203 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. દિલ્હી તરફથી કેપ્ટન જેમિમા રોડ્રિગ્સે સૌથી વધુ 37 બોલમાં 57 રન ફટકાર્યા હતા. ઓપનર લોરા વોલ્વાર્ટે 44 રન અને લિઝેલ લીએ 37 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે અંતિમ ઓવરોમાં ચિનેલે હેનરીએ માત્ર 15 બોલમાં અણનમ 35 રન ઝૂડી કાઢ્યા હતા. બેંગલુરુ તરફથી નાદિન ડિક્લર્ક, સયાલી સતઘરે અને અરુંધતી રેડ્ડીએ એક-એક વિકેટ ઝડપી હતી.

# બ્રાઝિલમાં ધાર્મિક ઉત્સવમાંથી પાછી ફરતી બસ પલટી, 15ના મોત

## અલાગોઆસ સ્ટેટના ગ્રામીણ પ્રદેશમાં દુર્ઘટના બની, અનેક લોકો ઘાયલ, અકસ્માતગ્રસ્ત બસ જપ્ત કરી ડ્રાઇવરની ધરપકડ કરાઇ

**રિયો ડી જાનેરો**

બ્રાઝિલમાં ભીષણ સડક દુર્ઘટના બની છે. તેમાં ૧૫ના મૃત્યુ થયા છે, મૃત્યુઆંક વધવાની પણ શક્યતા છે. ઉત્તર-પૂર્વ બ્રાઝિલના અલાગોઆસ સ્ટેટના ગ્રામીણ પ્રદેશમાં આ દુર્ઘટના બની હતી. તેમાં ૬૦ શ્રધ્ધાળુઓ ભરેલી બસ માર્ગ ઉપરનો વળાંક કાપતાં પલ્ટી ખાઈ ગઈ તેથી મહિલાઓ અને બાળકો સહિત ૧૫ના મૃત્યુ થયા હતા. બસ પલ્ટી ખાતાં કેટલાક બહાર નીકળી શક્યા, જ્યારે કેટલાક બસની નીચે દબાઈ ગયા હતા.



જોકે થોડી વારમાં જ સહાય ટુકડી ત્યાં પહોંચી હતી અને ક્રેનથી બસને સીધી કરી ઘાયલોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ પણ તુર્તજ ત્યાં પહોંચી ગઈ હતી. પરંતુ હોસ્પિટલ સુધી પહોંચતાં જ કેટલાયે ઈજાગ્રસ્તોએ શ્વાસ મુકી દીધા હતા. બચેલા ઘાયલોની સારવાર થઈ રહી છે. પોલીસે મૃતકોનાં શબનાં પોસ્ટમોર્ટમ પછી શબ સગાં-વહાલાંને સોંપી દીધાં હતાં. અકસ્માતગ્રસ્ત બસ જપ્ત કરી ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

અલાગોઆસના ગવર્નર પાઉલો દાંતાસે આ દુર્ઘટના અંગે શોક પ્રદર્શિત કરતાં ૩ દિવસના શોકની જાહેરાત પણ કરી હતી, સાથે મૃતકોનાં સગાં-સંબંધીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. આ યાત્રીઓ દર વર્ષે સેરામાં યોજાતા ધાર્મિક ઉત્સવ, 'અવર-લેડી-ઓફ-કેન્ડેલારિયા'માં ભાગ લઈ પાછા ફરી રહ્યા હતા, ત્યાં વળાંક ઉપર બસ પલ્ટી ખાઈ જતાં આ દુર્ઘટના બની હતી, તેમાં ૫ પુરૂષો, ૭ મહિલાઓ અને ત્રણ બાળકો સમાવિષ્ટ છે. આમ છતાં ગંભીર રીતે ઘાયલ થયેલાઓ પૈકી પણ કોઈના શ્વાસ બંધ થઈ જવાની આશંકા સેવાઈ રહી છે. મૃત્યુઆંક વધવા સંભવ છે. ગવર્નર પાઉલો દાંતાસે મૃતકોનાં આપ્તજનોને આર્થિક સહાયની જાહેરાત કરી હતી, તેમજ ઘાયલોને નિ:શુલ્ક તબીબી સહાય આપવા સાથે તેમને પણ થોડી આર્થિક સહાયની જાહેરાત કરી દીધી હતી.

# ઈરાની સેનાએ ફારસની ખાડીમાં બે જહાજો જપ્ત કર્યા, 15ની અટકાયત

**તહેરાન**

અમેરિકા-ઈરાન વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ નેવીએ ફારસની ખાડીમાં મોટી કાર્યવાહી કરી છે. નેવીએ ઈંધણની તસ્કરીના આરોપ હેઠળ ખાડીમાં જહાજો પર કાર્યવાહી કરી બે વિદેશી ઓઈલ ટેન્કરોને રવિવારે જપ્ત કર્યા છે. જોકે, આ જહાજો કયા દેશના છે અથવા તેના પર કયા દેશનો ધ્વજ છે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. રિવોલ્યુશનરી ગાર્ડ નેવીના પ્રાદેશિક કમાન્ડર જનરલ હૈદર હોનારિયન મોઝર્દે જણાવ્યું કે, આ બંને ટેન્કરો ફારસી ટાપુ નજીકથી પકડાયા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ જહાજોમાં આશરે 10 લાખ લીટર જેટલું ગેરકાયદેસર ઈંધણ લઈ જવામાં આવી રહ્યું હતું. જપ્તી બાદ બંને ટેન્કરોને ઈરાનના બુશેહર બંદર પર લઈ જવાયા છે. આ બંને જહાજો પર સવાર કુલ 15 ક્રૂ મેમ્બરોની અટકાયત કરીને તેમને ન્યાયિક વિભાગની કસ્ટડીમાં સોંપવામાં આવ્યા છે. હાલમાં આ તમામની પૂછપરછ અને તપાસ ચાલી રહી છે, પરંતુ તેમની રાષ્ટ્રીયતા વિશે કોઈ વિગતો બહાર પાડવામાં આવી નથી.

# ગ્રીસમાં કોસ્ટ ગાર્ડનું જહાજ- પ્રવાસીઓની બોટ વચ્ચે ટક્કર, 14ના મોત, 2 અધિકારીઓ ઘાયલ

## માનવ તસ્કરોએ જાણીજોઇને બોટને કોસ્ટ ગાર્ડ તરફ વાળતાં ટક્કર થઇ : અધિકારી

**ચિઓસ**

ગ્રીસના એજિયન સાગરમાં એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ગ્રીક કોસ્ટ ગાર્ડના જહાજ અને સ્થળાંતર કરનારાઓની બોટ વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. ગ્રીસના એજિયન સાગરમાં આવેલા ચિઓસ ટાપુ પાસે મંગળવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. તૂર્કિયેના કિનારેથી શરણાર્થીઓને લઈને આવી રહેલી એક નાની બોટ અને ગ્રીક કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ જહાજ વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા 14 પ્રવાસીઓના મોત થયા હતા. આ ઘટના બાદ દરિયામાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

કોસ્ટ ગાર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે તેમણે ચિઓસ ટાપુ તરફ આગળ વધી રહેલી એક શંકાસ્પદ બોટને જોઈ અને તેને પાછા ફરવાની સૂચના આપી હતી. અધિકારીઓનો દાવો હતો કે માનવ તસ્કરોએ જાણીજોઈને બોટને કોસ્ટ ગાર્ડના જહાજ તરફ વાળી દીધી હતી, જેના કારણે આ ભીષણ ટક્કર થઈ હતી. જોકે, ટક્કર પાછળનું વાસ્તવિક કારણ શું હતું તેની સ્વતંત્ર રીતે પુષ્ટિ થવાની બાકી હતી. અત્યાર સુધીમાં દરિયામાંથી 24 પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં કોસ્ટ ગાર્ડના બે અધિકારીઓ પણ ઘાયલ થયા હતા.

# ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ગાંધીજીની 426 કિલોની કાંસ્ય પ્રતિમા કાપી તસ્કરો દ્વારા ચોરી

## વર્ષ 2021માં તત્કાલીન વડા પ્રધાન સ્કૉટ મોરિસન દ્વારા અનાવરણ કરાયું હતું

**મેલબોર્ન**

ઑસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, આ ચોરીની ઘટના સોમવારે રાત્રે આશરે 12:50 વાગ્યે બની હોઈ શકે છે. મેલબોર્ન પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણ ગુનેગારોએ મહાત્મા ગાંધીની 426 કિલોગ્રામની કાંસ્ય પ્રતિમાને તેના પગથી કાપી નાખવા માટે ઍંગલ ગ્રાઈન્ડરનો ઉપયોગ કર્યો હતો

ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં મહાત્મા ગાંધીની કાંસ્ય પ્રતિમા ચોરાઈ ગઈ હોવાનો કિસ્સો જોવા મળ્યો છે. ઑસ્ટ્રેલિયન ઈન્ડિયન કમ્યુનિટી સેન્ટરની બહાર સ્થાપિત અને ઈન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન્સ દ્વારા ભેટમાં આપવામાં આવેલી આ પ્રતિમાનું ઉદ્ઘાટન 12 નવેમ્બર,




2021ના રોજ તત્કાલીન વડા પ્રધાન સ્કૉટ મોરિસન દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે, તેના ઉદ્ઘાટનના થોડા સમય પછી, અજાણ્યા વ્યક્તિઓ દ્વારા તેની તોડફોડ પણ કરવામાં આવી હતી. આ ઘટનાનો હવે વિરોધ થઈ રહ્યો છે.

# વોશિંગ્ટન પોસ્ટમાંથી શશી થરુરના દીકરાએ નોકરી ગુમાવી, 300 જેટલા પત્રકારોને અસર

**લંડન**

દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અખબારોમાંના એક ગણાતા 'વોશિંગ્ટન પોસ્ટ'માં આવેલા મોટા આર્થિક અને માળખાગત ફેરફારોને કારણે પત્રકારત્વ જગતમાં ખળભળાટ મચી ગયો છે. અખબારે તેના કુલ સ્ટાફના લગભગ ત્રીજા ભાગના એટલે કે 300થી વધુ કર્મચારીઓની એકસાથે છટણી કરી દીધી છે, જેમાં ભારતીય સાંસદ શશી થરૂરના પુત્ર અને વરિષ્ઠ સ્તંભકાર ઈશાન થરૂરનો પણ સમાવેશ થાય છે.

ઈશાન થરૂર, જેઓ વોશિંગ્ટન પોસ્ટમાં આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત સ્તંભકાર તરીકે કાર્યરત હતા, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ખાલી ન્યૂઝરૂમની તસવીર શેર કરતા પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે લખ્યું કે, "આજે આંતરરાષ્ટ્રીય સ્ટાફના મોટાભાગના સાથીઓ સાથે મને પણ લે-ઓફ કરી દેવામાં આવ્યો છે. પાંચ લાખ સબસ્ક્રાઈબર્સ જેમણે વર્ષો સુધી મારા રિપોર્ટિંગને વાંચ્યું અને પ્રોત્સાહન આપ્યું, તેમનો હું આભારી છું." ઈશાનના મતે આ કટૌતી વૈશ્વિક પત્રકારત્વના સ્તરને નુકસાન પહોંચાડશે. વોશિંગ્ટન પોસ્ટના આ આક્રમક વલણની પૂર્વ એડિટરોએ આકરી ટીકા કરી છે.

# અરબી સમુદ્રમાં 'અબ્રાહમ લિંકન' તરફ આવતું ઈરાનનું 'ડ્રોન' વિમાન તોડી પડાયું

**તહેરાન**

સર્વોચ્ચ નેતાઓ 'શાંતિ મંત્રણા' પડતી મૂકી અકારણ વિશ્વની સૌથી મોટી શક્તિ સામે બાથ ભીડી રહ્યા છે. અમેરિકાએ તેનાં સૌથી સબળ ન્યુક્લિયર પાવર્ડ વિમાન વાહક જહાજ 'અબ્રાહમ લિંકન'ના નેતૃત્વ નીચે ઈરાનની સામેના અરબી સમુદ્રમાં ઈરાનની જલ-સીમાથી દૂર નૌકા કાફલો ગોઠવી દીધો છે. આંધળુકીયા કરી ઈરાને તેનું 'શાહેદ- ૧૩૯' પ્રકારનું ડ્રોન વિમાન વહેતુ મૂક્યું હતું. અબ્રાહમ લિંકન ઉપરથી ચઢેલા એફ-૩૫ સી યુદ્ધ વિમાને તો તોડી પાડયું. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડે ઈ-મેઈલ દ્વારા જણાવ્યું કે, અમેરિકન દળો તંગદિલી ઘટાડવા પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે જ અંતરરાષ્ટ્રીય જળ સીમામાં રહેલા તેને યુદ્ધ જહાજ તરફ ઈરાનનું ડ્રોન વિમાન આવતા તેને તોડી પડાયું હતું.

# ફિલિપાઇન્સમાં દાવાનળ, 1000થી વધુ મકાનો રાખ, 5000થી વધુ લોકો બેઘર

## નાની આગને તેજ પવનોએ વધુ ભયાવહ બનાવી દીધી હતી

**મનિલા**

દક્ષિણ ફિલિપાઈન્સના બોંગાઓ સ્થિત એક નાના ટાપુ પર મંગળવારે રાત્રે લાગેલી ભીષણ આગે આખી વસ્તીને તબાહ કરી દીધી હતી. આગની જ્વાળાઓએ અંદાજે 1000 ઘરોને પોતાની ઝપેટમાં લઈ લીધા અને 5000 લોકોને બેઘર કરી દીધા હતા. આ આગ એટલી ભયાનક હતી કે લગભગ ચાર કલાક સુધી સળગતી રહી અને તેજ પવનોએ તેને વધુ ભયાવહ બનાવી દીધી હતી. 'બારાંગાય લામિયન' નામના વિસ્તારમાં શરુ થઈ હતી. આ વિસ્તાર એક નાના ટાપુ પર વસેલો છે. જ્યાં ઘરો પાણીની ઉપર લાકડાના થાંભલાઓ પર બનેલા હોય છે. મોટાભાગના ઘરો લાકડું, વાંસ અને નારિયેળના પાંદડા જેવી હળવી સામગ્રીથી બનેલા હતા. ઘરો એકબીજાની અત્યંત નજીક હોવાને કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ હતી. આ ઉપરાંત આગને કારણે આખી વસ્તી લગભગ ખાલી થઈ ગઈ છે. અસરગ્રસ્ત લોકો અત્યારે ખુલ્લા આકાશ નીચે અથવા કામચલાઉ આશ્રયસ્થાનોમાં રહેવા મજબૂર બન્યા છે.

# લિંબિયાના સરમુખત્યાર ગદ્દાફીના દીકરા સૈફ અલ-ઈસ્લામની ગોળી મારી હત્યા કરાઈ

**લિબિયા**

લિબિયા પર 4 દાયકા શાસન કરનારા સરમુખત્યાર કર્નલ મુઅમ્મર ગદ્દાફીના પુત્ર સૈફ અલ-ઈસ્લામ ગદ્દાફીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જે વ્યક્તિ એક સમયે લિબિયાના સત્તાવાર પદ વગર પણ દેશનો સૌથી શક્તિશાળી ચહેરો હતો, તેનો અંત અત્યંત રહસ્યમય સંજોગોમાં થયો છે. જોકે, હજુ સુધી આ હુમલા પાછળ કોનો હાથ છે તે અંગે કોઈ જૂથે સત્તાવાર જવાબદારી સ્વીકારી નથી. સૈફ અલ-ઈસ્લામ ગદ્દાફી લિબિયાનો એક એવો ચહેરો હતો જેને પશ્ચિમી દેશો 'આશાનું કિરણ' માનતા હતા. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કરનાર સૈફ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતો હતો અને પશ્ચિમી લોકશાહીના મૂલ્યોની વાતો કરતો હતો.

# પ્રેમમાં અંધ પત્નીએ પોતાનું જ ઘર ઉજાડી નાંખ્યું પ્રેમી સાથે મળી પતિને ઉતાર્યો મોતને ઘાટ ઉતાર્યો

## પોલીસે ઘટનાના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો : મહિલા અને પ્રેમીની ધરપકડ

**ભોપાલ**

શ્રી ગંગાનગર જિલ્લાના રાવલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગામમાં પોલીસે થોડા કલાકોમાં જ એક હત્યાકાંડનો ભયાનક કેસ ઉકેલી નાખ્યો. તેમણે હત્યા માટે આશિષની પત્ની, તેના પ્રેમી અને બે અન્ય સાથીઓની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આશિષ કુમારના લગ્ન ત્રણ મહિના પહેલા જ સાદુલશહેરની રહેવાસી અંજલિ સાથે થયા હતા. અંજલિ પોતાના સંબંધોથી નાખુશ હતી અને તેના પ્રેમી સંજય, જેને સંજુ તરીકે પણ ઓળખવામાં આવે છે, સાથે રહેવા માંગતી હતી. યોજના મુજબ, ૩૦ જાન્યુઆરીની રાત્રે રાત્રિભોજન કર્યા પછી, અંજલિ પોતાના પતિ આશિષને હંમેશની જેમ ફરવા જવાના બહાને એક નિર્જન રસ્તા પર લઈ ગઈ હતી. ત્યાં અંજલિનો પ્રેમી સંજય અને તેના મિત્રો, બાદલ અને રોહિત, પહેલાથી જ ઝાડીઓમાં છુપાઈ ગયા હતા. આશિષ પહોંચતાની સાથે જ અંજલિના કહેવાથી ત્રણેયે તેના પર જીવલેણ હુમલો કર્યો. આશિષના માથા પર પહેલા તો લાકડીઓ વડે હુમલો કર્યો. પછી આશિષ ન મર્યો તો મફલરથી તેનું ગળું દબાવી દેવામાં આવ્યું હતું.

શરૂઆતમાં પરિવારે તેને રોડ અકસ્માત માન્યો અને અજાણ્યા વાહન સામે પોલીસ રિપોર્ટ દાખલ કર્યો. જાકે, પોલીસને ઘટનાસ્થળે રહેલા પુરાવા અને અંજલિના નિવેદનો પર શંકા ગઈ અને કડક પૂછપરછ બાદ હકીકત સામે આવી હતી. આ કેસમાં પોલીસે મુખ્ય આરોપી પત્ની અંજલિ, તેના પ્રેમી, ૨૫ વર્ષીય સંજય ઉર્ફે સંજુ, ૨૦ વર્ષીય રોહિત ઉર્ફે રોકી અને બાદલ ઉર્ફે સિદ્ધાર્થની ધરપકડ કરી છે.

# મહેસાણામાં વરઘોડામાં નાચવા બાબતે થયેલી બબાલમાં યુવકની નિર્મમ હત્યા

## મંગળ ગીતો વચ્ચે અચાનક હુમલાથી નાસભાગ મચી ગઇ

**મહેસાણા**

મહેસાણાના ભોયરાવાસ વિસ્તારમાં લગ્ન પ્રસંગના વરઘોડા દરમિયાન થયેલી એક નજીવી માથાકૂટે ગંભીર સ્વરૂપ ધારણ કરતા એક યુવકનું મોત નીપજ્યું છે. વરઘોડામાં ગીતોના તાલે નાચવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં હિંસા ભભૂકી ઉઠી હતી. આ વિવાદમાં ઉશ્કેરાયેલા દથી વધુ લોકોના ટોળાએ યુવકને નિશાન બનાવી તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. લગ્નના મંગળ ગીતો વચ્ચે અચાનક થયેલા આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી અને ખુશીનો માહોલ પળવારમાં ભય અને ચિંતામાં ફેરવાઈ ગયો હતો.

હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જાકે, ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં યુવકની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો. હાલમાં સ્થાનિક પોલીસે હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે અને પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

# ગઢડામાં તળાવમાં ડૂબી જતાં બે સગી બહેનોના મોત થયા

**બોટાદ**

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના જલાલપુર ગામેથી એક કમકમાટીભરી ઘટના સામે આવી છે. અહીં તળાવના પાણીમાં ડૂબી જવાથી બે સગી બહેનોના મોત નીપજ્યા છે. રમતા-રમતા પાણીના ખાડામાં પડી જવાથી બંને બાળકીઓ કાળનો કોળિયો બની જતાં માલધારી પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મૂળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખંભાળા ગામના માલધારી પોપટભાઈ સોરીયા પશુઓ ચરાવવા માટે પરિવાર સાથે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના જલાલપુર ગામે આવ્યા હતા. તેમની બે પુત્રીઓ રિદ્ધિબેન (ઉંમર ૭ વર્ષ) અને ગોપીબેન (ઉંમર ૫ વર્ષ) ઘરની પાસે રમી રહી હતી. રમતા-રમતા બંને બાળકીઓ અચાનક તળાવ પાસે પહોંચી ગઈ હતી અને પાણી ભરેલા ખાડામાં પડી જતાં ડૂબવા લાગી હતી. બંને બાળકીઓ પાણીમાં ગરકાવ થઈ જતાં તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

એક જ પરિવારની બે વહાલસોયી પુત્રીઓના મોતથી સોરીયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતાં જ ઢસા ૧૦૮ ની ટીમ દોડી આવી હતી અને બંને બાળકીઓના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે ઢસા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા.

# ભારતની વધુ એક ફ્રી ટ્રેડ ડીલ "ફાઈનલ" ખાડી દેશોના સમૂહ સાથે વાટાઘાટો સંપન્ન

## સેવાઓ અને રોકાણના ક્ષેત્રમાં પણ મોટા પાયે વૃદ્ધિ થવાની પ્રબળ સંભાવના

**નવી દિલ્હી**

ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવી ઊંચાઈ પર પહોંચવા જઈ રહ્યા છે. યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથેની મહત્ત્વપૂર્ણ ટ્રેડ ડીલ બાદ, હવે ભારત આ છ ખાડી દેશો સાથે મુક્ત વ્યાપાર સમજૂતીકરવાની તૈયારીમાં છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે પુષ્ટિ કરી છે કે બંને પક્ષો વચ્ચે 'ટર્મ્સ ઑફ રેફરન્સ' પર હસ્તાક્ષર થઈ ગયા છે, જેનો અર્થ છે કે હવે ઔપચારિક વાટાઘાટો માટેનો માર્ગ મોકળો બન્યો છે. આ સમજૂતીમાં યુનાઈટેડ આરબ એમિરેટ્સ, સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, બહેરીન અને ઓમાન જેવા પ્રભાવશાળી દેશોનો સમાવેશ થાય છે.

આ સમજૂતી ભારત માટે વ્યૂહાત્મક અને આર્થિક બંને રીતે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે તેમ છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે સાઉદી અરેબિયા અને કતાર જેવા દેશો પર નિર્ભર છે, જ્યાંથી ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની આયાત કરવામાં આવે છે. ભારત અને જીસીસી દેશો વચ્ચેના વ્યાપારિક આંકડાઓ આર્થિક સંબંધોની મજબૂતી દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ભારતની ખાડી દેશોમાં નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ જાવા મળી છે, જે હવે ૫૭ અબજ ડાલર પર પહોંચી ગઈ છે.આ નવી મુક્ત વ્યાપાર સમજૂતીથી માત્ર વસ્તુઓના આદાન-પ્રદાનમાં જ નહીં, પરંતુ સેવાઓ અને રોકાણના ક્ષેત્રમાં પણ મોટા પાયે વૃદ્ધિ થવાની પ્રબળ સંભાવના છે.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

## North Toronto
*Crematorium Inc.*

Chapel Ridge Funeral Home & Cremation Centre

North Toronto Crematorium



Vilo
Licensed Funeral Director
(416) 993-0826

Harjinder
Licensed Funeral Director
(647) 966-0093

Christeen
Licensed Funeral Director
(416) 258-6759

Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga



Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**